**એન.ડી.પી.એસ.કેસ નં. ૨૩ સને ૨૦૨૪**

(જુનો એન.ડી.પી.એસ.કેસ નં. ૦૪/૧૯)

આંક :-

**-:નમુનો-અ:-**

सत्यमेव जयते

# જૂનાગઢના મે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**ચુકાદાની તા. ૨૪/૧૨/૨૦૨૫**

**સ્પે. એન.ડી.પી.એસ. કેસ નં. ૨૩/૨૦૨૪**

**(જુનો સ્પેશ્યલ એન.ડી.પી.એસ.કેસ નં. ૦૪/૧૯)**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | થર્ડ ૨૧૭/૧૯. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર<br>( ફરીયાદી : જે.એમ.વાળા, પો. સબ ઈન્સ.) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ. એડી. પી.પી.શ્રી વી. એન. માઢક. |
| આરોપીપક્ષ | (૧) સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ જૈન, ઉ.વ.૨૩, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર<br>(૨) શીબા પ્રફુલભાઈ શાહુ, ઉ.વ.૨૨, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર<br>(૩) સન્યાસી તારેણી સ્વાઈન, ઉ.વ.૨૦, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર<br>(૪) બલરામ શંકરભાઈ પ્રધાન, ઉ.વ.૨૩, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર તથા સચિન પાલીગાવ<br>(૫) મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્ના બાપુ ઉર્ફે ગંજેરી બાપુભગવાનદાસ વિઠ્ઠલદાસ નિમાવત, ઉ.વ.૩૯, રહે. ખારાવાડ, સરધારપુર, તા.જેતપુર<br>(૬) અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો ઉર્ફે બકરાવાળો ગુલામહુસેન શેખ, ઉ.વ.૫૧, રહે. વાણંદ સોસાયટી, |

| | |
|---|---|
| | તથા<br>(૭) મહમદભાઈ ઉર્ફે મમલો ઉર્ફે ઘોડાવાળો ગુલામ હુસેન શેખ, ઉ.વ.૪૯, રહે. રસુલપુરા, કુકડા કેન્દ્ર પાસે, ધોરાજી, જિ. રાજકોટ |
| આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી: | આરોપી નં.–૧ થી ૩,૬ તરફે વિ.વ.શ્રી આર. ડી. ઠાકર.<br>આરોપી નં.–૪ તરફે વિ.વ.શ્રી બી. કે. ચાવડા.<br>આરોપી નં.–૫ તરફે વિ.વ.શ્રી બી. કે. સાંઘ.<br>આરોપી નં.–૭ તરફે વિ. વ.શ્રી વી.એસ.ગંભીર. |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૨/૦૮/૨૦૧૯ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૨/૦૮/૨૦૧૯ |
| ચાર્જશીટની તારીખ | ૧૬/૧૨/૨૦૧૯ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૪/૦૩/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૦ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૧૭/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૨૪/૧૨/૨૦૨૫ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**–:આરોપીની વિગત:–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ જૈન, | ૨૨/૦૮/૧૯ | –– | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | –– | –– |
| ૨ | શીબા પ્રફુલભાઈ શાહુ, | ૨૨/૦૮/૧૯ | –– | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |
| ૩ | સન્યાસી તારેણી સ્વાઈન, | ૨૨/૦૮/૧૯ | –– | એન.ડી.પી.એસ. એકટની | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |
| ૪ | બલરામ શંકરભાઈ પ્રધાન, | ૨૨/૦૮/૧૯ | -- | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |
| ૫ | મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્ના બાપુ ઉર્ફે ગંજેરી બાપુભગવાનદાસ વિઠ્ઠલદાસ નિમાવત | ૨૬/૦૮/૧૯ | ૦૭/૦૭/૨૦ ત્યારબાદ પકડ વોરંટના આધારે તા. ૧૭/૦૭/૨૨ થી જેલમાં છે. | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |
| ૬ | અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો ઉર્ફે બકરાવાળો ગુલામહુસેન શેખ, | ૦૨/૧૦/૧૯ | ૨૦/૦૮/૨૦ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |
| ૭ | મહમદભાઈ ઉર્ફે મમલો ઉર્ફે ઘોડાવાળો ગુલામ હુસેન શેખ, | ૧૨/૧૧/૧૯ | ૨૫/૦૬/૨૦ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી), ૨૯ | | | |

## <u>–:: ચુકાદો ::–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ નં.૧ થી ૪ નઓએ અન્ય **નાસતા ફરતા** આરોપી **રાકેશ હજારીપ્રસાદ શાહુ** અને **દલપત** નાઓ સાથે મળી તા. ૨૨–૦૮–૧૯ ના કલાક ૧૯–૩૫ વાગ્યે જુનાગઢ તાબેના સાબલપુર ચોકડી ખાતે પોતાના કબજામાં ગેરકાયદેસરરીતે વગર પાસ પરમીટે વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો ગાંજો કિલો ગ્રામ ૩૯.૭૭૨ નો કિંમત રૂા. ૩,૯૭,૭૨૦/– નો તથા મોબાઈલ નંગ ૪ જેની કિંમત રૂા. ૧૧,૦૦૦/– તથા રોકડા રૂપીયા ૨,૯૨૦/– મળી કુલ રૂા. ૪,૧૧,૬૪૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ અને આરોપીઓ નં. ૧ થી ૪ ના કબજામાંથી મળી આવેલ ગાંજો આરોપીઓએ **નાસતા ફરતા આરોપી દલપત,** રહે. ગજપત ઓડીસા પાસેથી વેચાણથી લઈ આવી અને જે ગાંજો આરોપી નં.૫ ના કહેવાથી તેમજ **નાસતા ફરતા આરોપી રાકેશ હજારીપ્રસાદ શાહુ,** રહે. બાદગઢગામનાઓના કહેવાથી અને બંનેએ ગાંજો જુનાગઢ તથા ધોરાજીમાં આરોપી નં. ૬ તથા ૭ ને વેચવા માટે આરોપીઓ નં. ૧ થી ૪

નાઓને અગાઉ મુલાકાત કરાવી ગાંજાની લે–વેચ કરાવી ગાંજાની લે–વેચની ડીલ કરાવી અને આરોપી નં.૬ તથા ૭ નાઓએ સદરહું પકડાયેલ ગાંજો આરોપી નં.૧ થી ૪ પાસેથી મગાવી તમામ આરોપીઓએ પોત પોતાના આર્થિક લાભ સારુ ગેરકાયદેસર વનસ્પતિજન્ય ગાંજાની જથ્થાની ખરીદી તથા તેનું વેચાણ કરી તેની હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલો. સદરહુ ગુન્હાની ફરીયાદ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. થર્ડ ૨૧૮/૧૯ થી થી નોંધાયેલી ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ જરૂરી પંચનામાઓ કરી, સાહેદોના નિવેદનો મેળવી તથા આરોપીને અટક કરી આરોપી સામે પુરતો પુરાવો હોય નાર્કોટીકસ ડગ્સ એન્ડ સાયકોટોપીક સબસ્ટન્સ એકટની(એન.ડી.પી.એસ.)ની કલમ–૮(સી),૨૦ (બી),૨૯ મુજબના ગુન્હાનુ આરોપીઓ સામેનુ ચાર્જશીટ જૂનાગઢની જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક. શ્રીની કોર્ટમાં ફોજ. કેસ નં. ૪૨૬૫/૧૯ તરીકે નોંધાયેલુ.

(૨) આ કામેના આરોપીઓને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલી. ત્યારબાદ આરોપીઓ સામેની ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોવાથી વિ. જયુડી.મેજી. ફ.ક., જૂનાગઢ ધ્વારા સદરહુ કેસ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૦૯ અન્વયે તા. ૯–૧૨–૨૦૧૯ ના હુકમથી સ્પે. એન.ડી.પી.એસ.ની અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદરહુ કેસ પ્રથમ એન.ડી. પી.એસ. કેસ નં. ૦૪/ ૨૦૧૯ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ વિસાવદર ખાતે થતા ત્યાં એન.ડી.પી.એસ. કેસ નં. ૧૭/૨૪ થી રજીસ્ટરે થયેલો અને ત્યારબાદ સદરહુ સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ સેકન્ડ મોસ્ટ એડીશ્નલ ડીસ્ટ્રીક કોર્ટ જૂનાગઢ ખાતે થતા સદરહુ કેસ એન.ડી.પી.એસ. કેસ નં. ૨૩/૨૦૨૪ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામે આંક–૧૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલુ અને તેઓને વાંચી

સંભળાવી સમજાવવામાં આવેલુ અને આરોપીઓની આંક–૧૪ થી ૨૦ સુધી ગુન્હાની કબુલાત અંગેની પ્લી નોંધવામાં આવેલી જેમાં તેઓએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા તેઓ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષ ઘ્વારા પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ છે.

**–:નમુનો–ક:–**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૩૯ | બાલકૃષ્ણ રવિશંકર ઠાકર | પંચ સાહેદ. |
| પી.૨ | ૧૦૪ | દિવાલવર મહમદભાઈ ચોપડા. | પંચ સાહેદ. |
| પી.૩ | ૧૧૪ | શાકીર મહંમદભાઈ બેલીમ | પંચ સાહેદ. |
| પી.૪ | ૧૧૬ | અશરફભાઈ કાસમભાઈ લીંગડીયા | પંચ સાહેદ. |
| પી.૫ | ૧૧૮ | બોદુભાઈ ઉમરભાઈ બ્લોચ. | પંચ સાહેદ. |
| પી.૬ | ૧૨૦ | ફીરોજભાઈ અબ્બાસભાઈ શેખ | પંચ સાહેદ |
| પી.૭ | ૧૩૪ | જયરાજભાઈ મંગળુભાઈ વાળા. | પોલીસ સાહેદ/ફરીયાદી. |
| પી.૮ | ૧૬૬ | પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈ. | પોલીસ સાહેદ |
| પી.૯ | ૧૮૭ | સ્મીત મુકેશભાઈ ગોહીલ. | પોલીસ સાહેદ. |
| પી.૧૦ | ૧૯૪ | રસીલાબેન અશોકભાઈ બાબરીયા. | પોલીસ સાહેદ. |
| પી.૧૧ | ૨૦૨ | ભાનુબેન મથુરભાઈ વાઘમસી. | પોલીસ સાહેદ. |
| પી.૧૨ | ૨૨૩ | જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈ. | પોલીસ સાહેદ/ત.ક.અ. |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૪૦ | બાતમીવાળી જગ્યાએ રેઈડ કર્યાનુ પંચનામુ. |
| ડી.૨ | ૪૧ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨(૧) નો ઠરાવ. |

| | | |
|---|---|---|
| ડી.૩ | ૪૨ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ નો ઠરાવ. |
| ડી.૪ | ૪૩ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૨(૧) નો ઠરાવ. |
| ડી.૫ | ૪૪ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨(૧) નો ઠરાવ. |
| ડી.૬ | ૪૫ | વજનકાંટાની પહોંચ. |
| ડી.૭ | ૪૬ | સીઝરમેમો. |
| ડી.૮ | ૧૦૫ | આરોપી નં.–૫ નુ અટક પંચનામુ. |
| ડી.૯ | ૧૦૬ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨(૧) મુજબનો ઝડતી ઠરાવ. |
| ડી.૧૦ | ૧૦૭ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૨(૧) મુજબનો ઠરાવ. |
| ડી.૧૧ | ૧૦૮ | સીઝરમેમો. |
| ડી.૧૨ | ૧૦૯ | આરોપી નં.–૬ ના રહેણાંક મકાનને ઝડતી પંચનામુ. |
| ડી.૧૩ | ૧૧૦ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨નો ઠરાવ. |
| ડી.૧૪ | ૧૧૧ | આરોપી નં.–૭ નુ અટક પંચનામુ. |
| ડી.૧૫ | ૧૧૯ | આરોપીનુ અટક પંચનામુ. |
| ડી.૧૬ | ૧૩૬ | અસલ ફરીયાદ. |
| ડી.૧૭ | ૧૮૮ | આરોપીનો એરેસ્ટ મેમો. |
| ડી.૧૮ | ૧૮૯ | સ્થળ પરિક્ષણ અહેવાલ. |
| ડી.૧૯ | ૧૯૦ | નારકોટીકના જથ્થાનુ વજન કરવા પધારવાનો પત્ર. |
| ડી.૨૦ | ૧૯૧ | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી. |
| ડી.૨૧ | ૧૯૫ | સ્ટેશન ડાયરીનો ઉતારો. |
| ડી.૨૨ | ૧૯૬ | એફ.આઈ.આર.નો ઉતારો. |
| ડી.૨૩ | ૧૯૭ | ગુન્હાનો સ્પે. રીપોર્ટ. |
| ડી.૨૪ | ૧૯૮ | તપાસ સોંપ્યાીની યાદી. |
| ડી.૨૫ | ૨૦૫ | મુદ્દામાલ એફ. એસ. એલ.ગાંધીનગરને મોકલવાનો રીપોર્ટ. |
| ડી.૨૬ | ૨૦૬ | મુદ્દામાલ રવાનગી નોંધ સાથે મોકલેલ ફોરવર્ડીંગ. |
| ડી.૨૭ | ૨૦૭ | એફ.એસ.એલ.ની પહોંચ. |
| ડી.૨૮ | ૨૦૮ | લોગબુકના ઉતારાની નકલ |
| ડી.૨૯ | ૨૦૯ | લોગબુકના ઉતારાની નકલ |

| | | |
|---|---|---|
| ડી.૩૦ | ૨૧૦ | લાઈટ બીલ. |
| ડી.૩૧ | ૨૧૧ | રેઈડમાં જતા પહેલા કન્ટ્રોલરૂમ ખાતે કરેલ નોંધની નકલ. |
| ડી.૩૨ | ૨૨૪ | તપાસના કામે પોલીસ મદદ મળવાની યાદી. |
| ડી.૩૩ | ૨૨૫ | આરોપી નં.–૫ ના રહેણાંકનુ ઝડતી પંચનામુ. |
| ડી.૩૪ | ૨૨૬ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબ આરોપી નં.–૬ ના રહેણાંક મકાનનુ ઝડતી પંચનામુ. |
| ડી.૩૫ | ૨૨૭ | તપાસના કામે પોલીસ મદદ મળવાની યાદી. |
| ડી.૩૬ | ૨૨૮ | આરોપી નં.–૭ ના રહેણાંક મકાનનુ ઝડતી પંચનામુ. |
| ડી.૩૭ | ૨૨૯ | એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબ આરોપી નં.–૭ ના રહેણાંક મકાનનુ ઝડતી પંચનામુ. |
| ડી.૩૮ | ૨૩૦ | એફ.એસ.એલ.નાઓએ મુદ્દામાલ પરત મોકલ્યાની યાદી. |
| ડી.૩૯ | ૨૩૧ | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પરિક્ષણ અહેવાલ. |
| ડી.૪૦ | ૨૩૨ | જૂનાગઢ એ–ડીવી. પો. સ્ટે. ગુ. નં. થર્ડ ૨૮૨/૧૮ ની એફ.આઈ.આર. |
| ડી.૪૧ | ૨૩૩ | નોડલ ઓફીસરશ્રી ભારતી એરટેલ લી.નાઓને એનાલીસીસ સમરી તથા એસડીઆર, સીડીઆર મળવા બાબતે કરેલ યાદી |
| ડી.૪૨ | ૨૩૪ | નોડલ ઓફીસરશ્રી ભારતી એરટેલ લી.નાઓનો ફો. લેટર, |
| ડી.૪૩ | ૨૩૫ | મોબાઈલ નં. ૯૭૭૭૦૯૪૩૧૩ ની કોલ ડીટેઈલ |
| ડી.૪૪ | ૨૩૬ | મોબાઈલ નં. ૮૪૬૦૨૨૮૧૨૩ ની કોલ ડીટેઈલ |
| ડી.૪૫ | ૨૩૭ | મોબાઈલ નં. ૭૭૭૮૮૯૬૫૩ ની કોલ ડીટેઈલ |
| ડી.૪૬ | ૨૩૮ | મોબાઈલ નં. ૭૬૮૪૯૩૦૪૪૨ ની કોલ ડીટેઈલ |
| ડી.૪૭ | ૨૩૯ | મોબાઈલ નં ૯૬૫૮૮૫૮૫૧૩ ની કોલ ડીટેઈલ |
| ડી.૪૮ | ૨૪૦ | મોબાઈલ નં. ૯૭૭૭૦૯૪૩૧૩ નું સી.એ.એફ. |
| ડી.૪૯ | ૨૪૧ | મોબાઈલ નં. ૮૪૬૦૨૨૮૧૨૩ નું સી.એ.એફ. |
| ડી.૫૦ | ૨૪૨ | મોબાઈલ નં. ૭૭૭૮૮૯૬૫૩ નું સી.એ.એફ. તેમજ આધાર કાર્ડ |
| ડી.૫૧ | ૨૪૩ | મોબાઈલ નં. ૭૬૮૪૯૩૦૪૪૨ નું સી.એ.એફ. તેમજ આધાર કાર્ડ |
| ડી.૫૨ | ૨૪૪ | મોબાઈલ નં ૯૬૫૮૮૫૮૫૧૩ નું સી.એ. એફ. તેમજ આધાર કાર્ડ |
| ડી.૫૩ | ૨૪૫ | ભારતીયા પુરાવા અધિનિયમ ની કલમ ૬૫બી (૪) (સી) મુજબનું |

| | | |
|---|---|---|
| | | પ્રમાણપત્ર |

(૫) ફરીયાદીપક્ષે રજુ રાખેલ આંક–૨૪૭ ની કલોઝીંગ પુરસીસ અન્વયે ફરીયાદપક્ષના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) આરોપીઓના ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયેની વિશેષ નિવેદન નોંધતા ફરીયાદપક્ષને પુરાવો તેમની હાજરીમાં લેવામાંઆવેલ હોવાનો સ્વીકાર કરેલ છે.જયારે ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કારાત્મક બચાવ લઈ વધુમાં આરોપી નં.–૧ થી ૩,૫ , ૬, ૭ નાએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે જયારે આરોપી નં.–૪ નાઓએ તેઓ નિર્દોષ હોય, તેઓ વિરૂધ્ધ રાગધ્વેશ રાખી ફરીયાદ કરેલ છે અને પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એડી. પી.પી. શ્રી વી. એન. માઢકએ રેકર્ડ મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, હાલના કામે તપાસવામાં આવેલ રેડના બંને પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે બચાવપક્ષની રજુઆત મુજબ આરોપી નં.૧ થી ૪ નાઓ ઓરીસ્સાના છે જયારે ચેકીંગ કાર્યવાહીમાં ગુજરાતીમાં લખવામાં આવેલ છે અને તે માટે ટ્રાન્સલેટર રજુ કરેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે ટ્રેપીંગ વખત. પોલીસ સ્ટાફ ધ્વારા હિન્દીમાં આરોપીઓને પ્રશ્ન પુછવામાં આવ્યો હતો. જયારે લખાણ ગુજરાતીમાં કરવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષની રજુઆત છે કે, રેડ કરવામાં આવેલ છે ત્યાંથી પોલીસ ચોકી અને થોડે દુર પોલીસ સ્ટેશન આવેલ હતું. પરંતુ જયાં આરોપીઓને પકડવામાં આવેલ તે કેબીન હતું ત્યાં જ વજન કરવામાં આવેલ હતું. આમ, નજીકમાં પોલીસ સ્ટેશન આવેલ હોવા છતાં ત્યાં કોઈ કાર્યવાહી કરેલ નથી. વધુમાં રજુઆત

કરેલ છે કે, આંક−૪૦ ના પંચનામામાં પંચનામું પુર્ણ થયાનો સમય ૧૯.૩૫ જણાવેલ છે. વધુમાં બચાવપક્ષે રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ મુજબ ગુનો જાહેર થયાનો સમય ૨૧ .૩૫ જણાવેલ છે. જેથી તે સંબંધે રજુઆત કરેલ છે કે, આ કામે આંક−૧૮૯ થી એફ.એસ.એલ.રીપોર્ટ રજુ રાખેલ છે. જેના પેરા નં.૯ જોવામાં આવે તો, સ્થળ મુલાકાતની તા.૨૨/૦૮/૨૦૧૯ ના ૧૧.૫૧ કલાક દર્શાવેલ છે. આમ, આંક−૪૦ ના પંચનામા મુજબ રેડના પંચનામાની કાર્યવાહી તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૧૯.૩૫ વાગ્યે પુર્ણ થયેલ છે. ત્યારબાદ ફરીયાદી તથા આરોપીઓને લઈને પોલીસ સ્ટેશન આવેલ અને ત્યારબાદ ફરીયાદ લખવામાં આવેલ અને તે ફરીયાદ નોંધાવ્યા બાદ પી.એસ.ઓ.ને નોંધવા માટે આપેલ જે સમય ૨૧.૩૫ કલાક તા.૨૨/૦૮/૨૦૧૯ લખેલ છે. જેથી ફકત પી.એસ.ઓ.એ સ્ટેશન ડાયરીમાં કરેલ ગુના અંગેની એન્ટ્રી નં.૧૮/૨૦૧૯ નો સમય ૨૧.૩૫ લખેલ છે તે કારણસર ગુનો તે વખતે જાહેર થયેલ હોવાની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે આંક−૧૩૪ થી ફરીયાદી જયરાજભાઈ મંગળુભાઈ વાળાને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે અને ફરીયાદ મુજબનો સમય તેમાં જણાવેલ છે. વધુમાં તેઓની સરતપાસની જુબાનીમાં સમયમાં થોડો ઘણો ફેરફાર થયેલ છે પરંતુ સમયમાં નજીવો ફેરફાર થવા માત્રથી તે મહત્વનો કોન્ટ્રાડીકશન ગણી શકાય નહી. આમ, આ ફરીયાદીની ઉલટતપાસમાં જે ઠરાવ થયો છે તેમાં સમય લખવામાં આવેલ નથી તેવો બચાવ લીધેલ છે. વધુમાં બચાવપક્ષે ફરીયાદમાં નો સમય તથા ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીમાં બનાવ અંગેના સમયમાં વિરોધાભાસ હોવાની હકીકતની રજુઆત કરેલ છે. પરંતુ સદરહુ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ ન હોવાનું જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે બચાવપક્ષે વજનકાંટા વાળાને તપાસવામાં આવેલ નથી તેવી રજુઆત રહેલ છે. જો કે, વજનકાંટા વાળાને તપાસવામાં આવેલ નથી કારણ કે, તે હકીકત બચાવપક્ષે ચેલેન્જ કરેલ નથી જેથી તે બાબતે વજનકાંટા વાળાને તપાસવાની જરૂર નથી. વધુમાં બચાવપક્ષે તે બાબતે કોઈ શંકા

પણ ઉપજાવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓ સામાન્ય હિન્દી ભાષા બોલચાલ સમજતા હતા. વધુમાં આ ફરીયાદીએ ઉલટતપાસમાં હકીકત જણાવેલ છે કે, જે ઠરાવ થયેલ છે તે ઠરાવ હિન્દી ભાષામાં આરોપીઓને સમજાવવામાં આવેલ છે અને ત્યારબાદ ઠરાવમાં આરોપીઓની સહી લેવામાં આવેલ છે. વધુમાં બનાવવાળી જગ્યાએ ગાંડુભાઈ છગનભાઈ પીપળીયાની કેબીન હતી ત્યાં કાર્યવાહી કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, બનાવ તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૧૦.૨૦ વાગ્યે પંચોને બોલાવવામાં આવેલ છે અને તેઓને બાતમીથી માહીતગાર કરવામાં આવેલ છે. તેમજ જે માહીતી મળેલ હતી તે માહીતી સવારે ૧૦.૨૦ પહેલા મળેલ હતી. વધુમાં આ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપીઓને ડી.એસ.પી.શ્રીનાઓએ સ્થળ ઉપરથી પકડેલ હતા અને તેઓએ આરોપીઓની પુછપરછ કરેલ હતી. વધુમાં આ કામે રેડમાં ગયેલ વાહનના ઉતારાની લોગબુક આંક–૨૦૮ તથા આંક–૨૦૯ થી રજુ રાખેલ છે. વધુમાં આ ફરીયાદીએ બચાવપક્ષની ઉલટતપાસમાં એફ.એસ.એલ.ની કાર્યવાહી ૧૧.૫૧ થી ૭.૩૦ વાગ્યા સુધી ચાલી હોવાની હકીકત જણાવેલ છે. જે દર્શાવે છે કે, બનાવ સવારનો રહેલ છે. વધુમાં ફરીયાદીએ મુદદામાલ પાવન ટ્રાવેલ્સની બસમાં અવાવરૂ મળી આવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદી તથા તપાસવામાં આવેલ સાહેદોએ પકડાયેલ મુદદામાલ નિમેશભાઈ પારેખ વજન માટે આવેલ તેવી હકીકત જણાવેલ છે. તેમજ બચાવપક્ષે તે હકીકતને ચેલેન્જ કેરલ નથી અને તે કારણસર ફરીયાદપક્ષે વજનકાંટા વાળા ભાઈને તપાસેલ નથી. તેમજ બચાવપક્ષે તે બાબતનું **એડમીશન** રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તે કારણસર તે રેડમાં કામગીરી થયેલ છે તે ગાંડુભાઈ છગનભાઈ પીપળીયાને તપાસેલ નથી તેમજ બચાવપક્ષે ગાંડુભાઈ છગનભાઈ પીપળીયાની કેબીનમાં કાર્યવાહી કરેલ નથી તેને ચેલેન્જ કરેલ નથી. તેમજ તેમની કેબીનમાં લાઈટ કનેકશન ન હતું તેને પણ બચાવપક્ષે ચેલેન્જ કરેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, ટ્રેપીંગ અધિકારી

તરીકે ડીવાય.એસ.પી.શ્રી સ્મીત મુકેશભાઈ ગોહીલનાઓ રહેલ છે. જેઓને આ કામે આંક–૧ ૮૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં રેડ માટેનો જે હુકમ મળેલ હતો તે લેખીત હુકમ મળેલ ન હતો પરંતુ મૌખીક હુકમ મળેલ હતો. જે હકીકત તેઓએ સ્વીકારેલ છે. વધુમાં સદર સાહેદે તેઓને મૌખીક રીતે તપાસની એન્ટ્રી તાલુકા પોલીસ સ્ટેશનમાં કરાવેલ નથી. પરંતુ તેઓએ લોગબુકમાં કસ્ટમ કામ બાબતની એન્ટ્રી કરવામાં આવેલ છે. વધુમાં આ સાહેદે બનાવ એફ.આઈ.આર.મુજબ કલાક ૧૯.૩૫ વાગ્યે બનેલ હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, એફ.આઈ.આર. માં બનાવનો સમય ૧૯.૩૫ લખેલ છે જે ભુલથી લખવામાં આવેલ છે. વધુમાં આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એફ.એસ.એલ. વાળી મુલાકાત અને સમય તા.૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૧.૦૦ વાગ્યાનો દર્શાવેલ હોવાની હકીકત સ્વીકારેલ છે. તે સમયે સાચો લખવામાં આવેલ છે પરંતુ પી.એસ.ઓ.શ્રીએ ભુલથી બનાવનો સમય ૧૯.૩૫ એફ.આઈ.આર.માં જણાવેલ છે. તેથી ૧૯.૩૫ નો સમય ગુનો જાહેર થયા અંગેનો દર્શાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ બચાવપક્ષની ઉલટતપાસમાં સ્થળ ઉપર ૧૧.૩૦ થી ૧૨ વાગ્યે પહોંચેલ તેવી હકીકત જણાવેલ છે. જો કે, સમયમાં થોડોઘણો વિરોધાભાસ હોવા માત્રથી તેઓની જુબાની ન માનવાને કારણ રહેતું નથી. આ સાહેદે લાંબા સમય બાદ જુબાની આપેલ છે. જેથી સમયમાં ફેરફાર આવે તે સ્વાભાવીક છે. વધુમાં આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં આરોપીઓને હિન્દી ભાષામાં સમજાવેલાની હકીકત તેમની કાર્યવાહીમાં ઉલ્લેખ કરેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આ સાહેદે આરોપીઓને હિન્દી ભાષામાં કાર્યવાહી સમજાવેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ ઉપરથી સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ અને ૧૫૪ નો ઉતારો કરેલ તે પી.એસ.ઓ.શ્રીએ રસીલાબેન અશોકભાઈ બાબરીયાને આંક–૧૯૪ થી તપાસવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં બનાવનું સ્થળ સાબલપુર ચોકડીથી તાલુકા

પોલીસ સ્ટેશન આશરે અડધાથી એક કિલોમીટર જેટલું દુર આવેલ છે તેવું જણાવેલ છે. આમ, આ સાહેદને પુછવામાં આવેલ પ્રશ્ન વર્તમાનકાળમાં પુછવામાં આવે છે એટલે કે, બનાવ વખતે પોલીસ સ્ટેશન ત્યાં હતું કે નહી તે ધ્યાને લેવાનું રહે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે આંક–૨૦૨ થી તપાસ કરનાર અધિકારી ભાનુબેન મથુરભાઈ વાઘમસીને તપાસવામાં આવેલ છે. તેઓએ તપાસ દરમ્યાનની કાર્યવાહી કરેલ અને તે કાર્યવાહી દરમ્યાન રજુ થયેલ કાગળો પુરવાર કરેલ છે. તેઓએ તેમની જુબાનીમાં લોગબુકની નોંધનો ઉતારો રજુ રાખેલ છે તેમજ કેબીનનું લાઈટબીલ પણ રજુ રાખેલ છે. વધુમાં રેડમાં જતા પહેલા કંટ્રોલ બુકમાં નોંધ કરેલ તે નોંધ આંક–૨૧૧ થી રજુ રાખેલ છે. આ તપાસ કરનાર અધિકારીની બચાવપક્ષની ઉલટતપાસમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. હાલના કામના ગુનાનું ચાર્જશીટ કરનાર તપાસ કરનાર અધિકારીશ્રી જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈને આંક–૨૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં તેઓએ કરેલ કામગીરી, યાદી વગેરે તેમની જુબાનીમાં પુરવાર કરેલ છે. તેમજ તેઓએ કરેલ પંચનામા તેમણે સાબિત કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે બચાવપક્ષે ગુનો બન્યાના સમય બાબતે ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમજ જે ઠરાવ થયેલ તેમાં કોઈ સમય દર્શાવેલ નથી તેવી હકીકત લાવેલ છે. જો કે, આ કામે રેડ અંગેનું પંચનામું થયેલ છે અને તે તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ થયેલ છે. વધુમાં આ કામે પંચોએ કાપલીમાં સહી કરેલ હોવાની અને તે કાપલીઓમાં તારીક પણ જણાવેલ છે. તેમજ કાપલીઓમાં તારીખ અને સમયછ આપેલ છે જે પંચનામામાં જણાવેલ છે. તેમજ પંચોએ ઠરાવમાં પણ સહી કરેલ છે જેથી ઠરાવમાં તે મુજબનો સમય રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ પંચો ગયેલ નથી તેવો કોઈ બચાવ રહેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ સાહેદની બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદ તરીકે નિમેશભાઈ પારેખને ચાર્જશીટમાં સાક્ષી તરીકે દર્શાવેલ ન હોવાનું સ્વીકારેલ છે. જો કે, તે સાહેદ ન

તપાસવા બાબતેનું કારણ બચાવપક્ષે વજન બાબતે કોઈ તકરાર રહેલ નથી. વધુમાં માત્ર ચાર્જશીટમાં દર્શાવેલ ન હોવા માત્રથી મુદદામાલ માદક પદાર્થનું વજન કરેલ ન હોવાનું માની શકાય નહી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, માત્ર પંચોના હોસ્ટાઈલ થવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ માર્યો જાય નહી. વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે આ કામે બચાવ પક્ષે રજુ રાખવામાં આવેલ ચુકાદાઓની હકકીત હાલના કેસની હકીકતને સુસંગત ન હોય, તે આ કામે લાગુ કરી શકાય તેમ ન હોવાનુ જણાવેલ છે. આમ, આરોપીઓની સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને તકસીરવાર ઠરાવી સજા કરવા રજુઆત કરેલ છે.

**(૬.૨)** જયારે આરોપી નં.૧,૨, ૩ અને ૬ તરફે વિ.વકીલશ્રી આર.ડી.ઠાકરનાઓએ પોતાની લેખીત દલીલ આંક–૨૭૦ થી રજુ રાખેલ છે જે વંચાણે લીધી. જેમાં મુખ્યત્વે રજુઆત રહેલ છે કે, હાલના કામે ફરીયાદપક્ષે લેવાયેલ બચાવ અને ઉલટતપાસ જોતા એન.ડી.પી.એસ.એકટ ઠરાવના મેન્ડેટરી પ્રોવીજોનો ચોકકસ ભંગ થતો હોવાનું જણાય છે. આંક–૪૦ વાળું પંચનામું તથા એન.ડી.પી.એસ.એકટની કલમ ૪૨(૧) નો ઠરાવ આંક–૪૨ મુજબ સ્થળ ઉપર થયેલો તે સ્વતંત્ર પંચનામાના પંચોથી સાબિત થતું નથી. વધુમાં રજુઆત રહેલ છે કે, પંચો આંક–૩૯ થી બાલકૃષ્ણ રવિશંકર ઠાકર તથા આંક–૧૧૪ થી શાકીર મહંમદભાઈ બેલીમને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. તેઓ હોસ્ટાઈલ રહેલ છે અને તેઓ સ્થળ ઉપર ગયેલ નથી અને તૈયાર કાગળોમાં સહી કરેલાનું જણાવતા હોય ત્યારે માત્ર પોલીસ સાહેદના નિવેદન ઉપરથી કે ફરીયાદ ઉપરથી ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરી શકે નહી. વધુમાં રજુઆત રહેલ છે કે, આવા સંજોગોમાં સ્વતંત્ર પંચ એન.ડી.પી.એસ.કેસમાં જાહેર થયેલ કાર્યવાહી સંબંધે તેમની હાજરી ન હોય અને હોસ્ટાઈલ થયેલ હોય ત્યારે સમગ્ર કાર્યવાહી સંબંધે ફરીયાદ કેસના મુળભુત કેસને અસર કરે તેવો

વિરોધાભાસ ઉભો થયેલ છે. જે બચાવપક્ષને મદદરૂપ થાય છે. વધુમાં રજુઆત રહેલ છે કે, આંક–૧૦૪ થી દિલાવર મહમદભાઈ ચોપડાને આંક–૧૦૫, આંક–૧૦૬, આંક–૧૦૭, આંક–૧૦૮, આંક–૧૦૯, આંક–૧૧૦, આંક–૧૧૧ ના દસ્તાવેજી પુરાવા સંબંધે તપાસવામાં આવેલ છે જે દસ્તાવેજો ૪૨(૧) નો ઠરાવ, ૫૨(૧) નો ઠરાવ, સીજર મેમો અને પંચનામું તથા કાપલીઓ સંબંધે હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેના બીજા પંચ અશરફભાઈ કાસમભાઈ લીંગડીયાને આંક–૧૧૬ થી તપાસવામાં આવેલ છે. જેઓ પણ આરોપીઓન અટક પંચનામાના સંબંધે હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આંક–૧૧૮ વાળા બોદુભાઈ ઉમરભાઈ બ્લોચને પણ આંક–૧૦૯, આંક–૧૧૦ અને આંક–૧૧૯ સંબંધે હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેવી રીતે આંક–૧૨૦ વાળા ફીરોજભાઈ અબ્બાસભાઈ શેખ પણ આંક–૧૧૯ ના પંચનામા સંબંધે હોસ્ટાઈલ જાહેર થયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદી જયરાજભાઈ મંગળુભાઈ વાળાને આંક–૧૩૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ ઉલટતપાસમાં ગુનો બન્યાની તા.૨૨/૦૮/૨૦૧૯ અને સમય ૧૯.૩૫ નો સાંજના ૭.૩૦ નો સમય છે. ૪૨(૧) ના ઠરાવમાં સમય નથી. એફ.એસ.એલ. કેટલા વાગ્યે પહોંચેલ ત ેમસય નથી. વધુમાં એફ.એસ.એલ.ની સ્થળ મુલાકાતનો સમય ૨૨/૦૮/૨૦૧૯ ના કલાક ૧૧.૫૧ દર્શાવેલ છે જયારે ગુનો ૧૯.૩૫ અને ૧૧.૫૧ દર્શાવેલ છે. જેનો મતલબ એવો થાય છે કે, ગુનો બન્યા પહેલા એફ.એસ.એલ.નો રીપોર્ટ આવી ગયેલ છે. એ હકીકત ફરીયાદ કબુલ રાખેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જે વ્યકિતઓ પકડાયેલ તે ગુજરાતી ભાષા જાણતા ન હતા અને ઓરીસ્સાના રહેવાસછ હોય કાયદા અને પ્રક્રિયા અન્વયે પકડાયેલ વ્યકિતને તેની પોતાની ભાષામાં દુભાષીયો રાખીને સમજ આપવાની કાર્યવાહી શરૂ કરવી જોઈએ અને તે સંબંધેની નોંધ કાર્યવાહીમાં કરવી મેન્ડેટરી છે. વધુમાં ફરીયાદીની ઠરાવમાં જે સહી છે તે કઈ ભાષામાં છે તે કહી શકે નહી તેવું જણાવેલ છે. હિન્દી ભાષાની પણ સહી નથી. ફરીયાદી પાસે અને તપાસ કરનાર અમલદાર પાસે વિકલ્પો ઓરીસ્સા ભાષા જાણતા હતા તેવા સેન્ટ્રલ ગવર્મેન્ટમાં જેવા કે ઈન્કમ ટેકસ,

બી.એસ.એન.એલ. અને રેલ્વેમાં તપાસ કરવાથી ઓરીસ્સાની વ્યકિત કર્મચારી અથવા અધિકારી મળી શકે. આવી કોઈ તસ્દી લેવામાં આવેલ નથી. કોઈપણ ઠરાવ કે કાર્યવાહી આરોપીઓને પોતાની ભાષામાં સમજાવેલ નથી. વધુમાં રજુઆત રહેલ છે કે, રાજન ટ્રાવેલ્સની ઓફીસ બંધ હતી કે ખુલી હતી તે ખબર નથી. ગાંડુભાઈ છગનભાઈ પીપળીયા નામની વ્યકિત હાજર હતી પરંતુ તેમને તપાસવામાં આવેલ નથી. આ ગાંડુભાઈનું નિવેદન લેવાયેલ તેમાં ૨૨/૦૮/૨૦૧૯ ના સવારે ૮ વાગ્યે પુછપરછ થયેલાનો ઉલ્લેખ થયેલ છે. સાથે લક્ષ્મણ છેડા નામની વ્યકિતનું નિવેદન ૮.૩૦ કલાકે લેવાયેલ છે તે તારીખ ૨૨/૦૮/૨૦૧૯ ના રોજ લેવાયેલ છે. જો નિવેદન ગુના સંબંધી લેવાયેલ હોય તો સાં જે ૭.૩૦ વાગ્યે ગુનો કઈ રીતે બને. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદી એવું જણાવે છે કે, ૧ .૨૦ વાગ્યે પાર્સલ જોયેલ. એનો મતલબ એવો થાય છે કે, એફ.એસ.એલ.સ્થળ ઉપર ૧૧ .૫૧ વાગ્યે પહોંચે છે ત્યારે ફરીયાદીએ પાર્સલ જોયેલા નહી. વધુમાં રજુઆત રહેલ છે કે, એન.ડી.પી.એસ.એકટના કાયદા પ્રમાણે આરોપીના સગા-વ્હાલાને જાણ કરવી જોઈએ. જે થયેલી નથી. આ રીતે ફરીયાદીની હકીકત પણ વિરોધાભાસી અને વિસંગતતા ભરી છે અને પોતાની ફરીયાદથી વિપરીત ઉલટતપાસમાં હકીકત જણાવેલ છે. ફરીયાદીની જુબાની તથા પંચોની જુબાની તે કોઈ સામાન્યત જણાતી નથી અને વિરોધાભાસ રહેલ છે. જે ફરીયાદપક્ષના કેસને મુળભુત અસર કરે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આંક-૧૬૬ થી પંચ પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈને તપાસેલ છે. તેઓની ઉલટતપાસમાં ગુનો તા.૨૨/૦૮/૨૦૧૯ ના કલાક ૧૯.૩૫ વાગ્યે બનેલો જયારે એફ.એસ.એલ.વાળાનું વજન ૧૧.૫૧ વાગ્યે થયેલ છે. એનો મતલબ એ થાય છે કે, પહેલા વજન થાય છે અન ેત્યારબાદ ગુનો બને છે. ઠરાવમાં કોઈ જગ્યાએ સમય દર્શાવેલ નથી. સ્થળ ઉપર પહોંચ્યા ત્યારે દુકાનોની શું સ્થિતી હતી તે જાણતા નથી. આરોપીઓએ સહી કરેલ તે હિન્દી ભાષામાં કરેલી. ઠરાવમાં કઈ ભાષામાં સહી કરેલ તે જાણતા નથી. રેડ વખતે કોમ્પ્યુટર કે લ ેપટોપ સાથે રાખેલ નથી. એનો મતલબ એવો થાય છે કે, ટાઈપીંગની કાર્યવાહી સ્થળ ઉપર

થયેલ નથી. એકઝી.મેજી.ને યાદી થયેલ નથી. વધુમાં રજુઆત રહેલ છે કે, આંક–૧૮૭ થી સ્મીત મુકેશભાઈ ગોહીલ કે જેઓ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી છે તેઓએ જણાવેલ છે તેઓએ જણાવેલ છે કે, બાતમીવાળી જગ્યાએ જવામાં કોઈ લેખીત હુકમ ન હતો, મૌખીક ટેલીફોનનો હુકમ હતો. લેખીત હુકમ એન.ડી.પી.એસ.ના કાયદા મુજબ મેળવવો જરૂરી છે. એન.ડી.પી.એસ.ની કલમ ૪૨ મુજબનો ઠરાવ સુર્યોદયથી સુર્યાસ્ત સુધીનો કરવો જોઈએ. પંચને ચોકકસ કયા સમયે બોલાવેલા તે સમય યાદ નથી. ઠરાવમાં સમય દર્શાવેલ નથી. લોકલ એફ.એસ.એલ.વાળાને ૧૧.૫૧ એ પહોંચેલા છે. આરોપીઓ ગુજરાતી ભાષા જાણતા ન હતા અને દસ્તાવેજમાં હિન્દી ભાષામાં સહી કરેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, રાજન ટ્રાવેલ્સની કેબીન બંધ હોવાની તેની કાર્યવાહી થયેલ નથી. મેજીસ્ટ્રેટ રૂબરૂ ઝડતી કરવાનો સમય ઉડીયા ભાષામાં આપેલ નથી. પેપર વર્ક તમામ ગુજરાતી ભાષામાં હતું. હિન્દી ભાષામાં પુછપરછ કરાયેલ નથી. વધુમાં રજુઆત રહેલ છે કે, આંક–૧૯૪ થી રસીલાબેન અશોકભાઈ બાબરીયાને તપાસેલ છે. તેઓ એ.એસ.આઈ. હતા અને અત્યારે પી.એસ.ઓ. છે. તેઓ ઉલટતપાસમાં એવું જણાવી ગયેલ છે કે, સાબલપુર ચોકડીથી તાલુકા પોલીસ સ્ટેશન અડધો કિલોમીટર દુર આવેલ છે. બનાવ સ્થળે પોલીસ ચોકી છે, દુકાનો છે અને બનાવના સ્થળ ઉપરથી પોલીસ સ્ટાફ વાહનોનું ચેકીંગ કરે છે. ફરીયાદ સાથે મુદદામાલ આવેલ નહી. એસ.ઓ.જી.એ સ્ટેશન ડાયરીમાં કોઈ નોંધ કરાવેલ નહી. વધુમાં રજુઆત રહેલ છે કે, આંક–૨૦૨ વાળા સાહેદ ભાનુબેન મથુરભાઈ વાઘમસીની ઉલટતપાસ જોવામાં આવે તો, આરોપીઓ ગુજરાત બહારના હતા. તેને લોકલ લેન્ગવેજમાં સમજ આપવામાં આવેલ હોય તેવા કોઈ કાગળો મળેલ નથી. પોલીસ સાહેદો સિવાયના કોઈનું નિવેદન લીધેલ છે. આજુબાજુનું નિવેદન લીધેલાનું, ટ્રાવેલ્સ વાળાનું નિવેદન લીધેલ છે. આરોપીઓ સવારે ૮.૦૦ કલાકે જુનાગઢ આવી ગયેલ તેવી હકીકત આ સાહેદ જણાવી ગયેલ હોય તે હકીકત સમગ્ર કેસમાં છુપાવેલ છે. તપાસ મળેલ ત્યારે અગાઉ આરોપીઓનું બેગ

ખુલ્લુ હતુ કે તાળું મારેલ તુ તે કયાંચ જણાવેલ નથી. આંક–૨૨૩ થી સાહેદ જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈની ઉલટતપાસ જોવામાં આવે તો, વજનકાંટા વાળા નીમેશભાઈ જીતેન્દ્રભાઈ સોનીએ વજન કરેલાનું જણાવેલ છે. પરંતુ તે વાતને સ્વીકાર કરેલ છે કે, નીમેશ જીતેન્દ્રભાઈ પારેખને ચાર્જશીટમાં સાક્ષી તરીકે દર્શાવેલ નથી. એ વાત પણ સ્વીકારેલ છે કે, તપાસ દરમ્યાન એવું ખુલેલ છે કે, તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ ૮.૩૦ વાગ્યે ૪ વ્યકિતઓ સાબલપુર ચોકડીએ ઉતરેલા. એ વાત પણ સ્વીકારેલ છે કે, અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો ઉર્ફે બકરાવાળો ગુલામહુસેન શેખ પાસેથી કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, એન.ડી.પી.એસ.કેસમાં સૌથી અગત્યની કાર્યવાહીમાં મેન્ડેટરી ઠરાવ તથા મુદદામાલનું વજન, સ્વતંત્ર પબ્લીકમાંથી પંચો અને આ કાર્યવાહી પછી મુદદામાલ ઈન્વેન્ટરી એન.ડી.પી.એસ.એકટ કલમ પ૨(૨) મુજબનો નામદાર કોર્ટ સમક્ષ થવો જોઈએ. ઈન્વેન્ટરી થયેલ મુદદામાલની નિકાલ માટેની પ્રક્રિયા છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૨૫ જી.એસ.એસ. પાના નં.૧૪૫ ના જજમેન્ટમાં સ્પષ્ટ ઠરાવેલ છે કે ફરીયાદપક્ષ એન.ડી.પી.એસ.એકટની કલમ પ૨(૨) ની પેટા કલમ ૨, ૩, ૪ નું પાલન કરાવવા નિષ્ફળ ગયા હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ. વધુમાં રજુઆત કરેલ છે કે, ૨૦૧૦(૨) સી.એ.સી.સી. પાના નં.૮૮૩ ગુજરાતના જજમેન્ટમાં સીઝર અને સીલીંગ જયારે પંચો સાક્ષીઓ સમક્ષ સાબિત થયેલું ન હોય ત્યારે બેનીફીટ આરોપીને મળવાપાત્ર છે તેમ જણાવેલ છે. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં ૨૦૦૭ જી.એલ.એચ. પાના નં.૧૩૧ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે અને જણાવેલ છે કે, એન.ડી.પી.એસ.એકટની કલમ પપ સસ્ટેન્સ્ટીંગ ઓર્ડર નં.૧/૮૮, ૨/૮૮, ૧/૮૯ સેન્ટ્રલ ગવર્મેન્ટ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલી છે. જેમાં સીઝર ટેસ્ટીંગ કે ડીસ્પોઝલ કસ્ટડી અને સેમ્પલીંગ હાથ પરના કેસમાં સીલીંગની પ્રોસીજર સંપુર્ણપણે ભુલ દાખવેલ છે કારણ કે, પંચો હોસ્ટાઈલ જાહેર થયેલા છે. કઈ જગ્યાએ સીલીંગ થયેલ તે રેકર્ડ ઉપર આવતું એવું વજન છે અને કોણે વજન કરેલ છે તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. કાર્યવાહીમાં વજન કાંટાવાળાનો ઉલ્લેખ છે

પરંતુ આ વજનકાંટા વાળાને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી. ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી સાહેદને તપાસવાની અરજી આપેલ નથી. પંચોની જુબાની તથા પોલીસ સાહેદોની જુબાની જોતા કોન્ટ્રાડીકશન થાય છે. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં ૨૦૨૬ લો સ્યુટ સુપ્રીમકોર્ટ નં.૧૭૦ મહમદ ખાલીદ સ્ટેટ ઓફ તેલંગણાના જજમેન્ટમાં ઠરાવ્યા મુજબ જયારે ઠરાવનો મેન્ડેટરી પ્રોવીજન સાબીત થયેલ હોય ત્યારે તેમજ ફરીયાદપક્ષના કેસને વિરોધાભાસ હોય ત્યારે બી નોન રીઝનેબલ આઉટ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ જાય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ. તેઓએ તેમની રજુઆતમાં નીચે મુજબના ચુકાદા રજુ રાખી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧) ૨૦૦૬ લો સ્યુટ, ગુજરાત પાના નં.૮૦૮

(૨) ૨૦૦૫ લો સ્યુટ ગુજરાત પાના નં.૮૨૦

(૩) ૨૦૨૩ એચ.એ.આર. ક્રિમીનલ પાના નં.૬૨૮ સુપ્રીમકોર્ટ

(૪) ૨૦૨૩ એચ.એ.એસ.એસ.આર ક્રિમીનલ પાના નં.૭૨૫ સુપ્રીમકોર્ટ

**(૬.૩)** જયારે આરોપી નં. ૪ , ૫ તથા ૭ ના વિ.વ.શ્રીએ આરોપી નં.૧,૨ ,૩ અને ૬ ના વિ.વ.શ્રીએ રજુ રાખેલ દલીલ એડોપ્ટ કરેલ છે.

**(૭)** ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદા અત્રેની કોર્ટ ના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓ નં.૧ થી ૪ નઓએ અન્ય **નાસતા ફરતા** આરોપી **રાકેશ હજારીપ્રસાદ શાહુ** અને **દલપત** નાઓ સાથે મળી તા. ૨૨–૦૮–૧૯ ના કલાક ૧૯–૩૫ વાગ્યે જુનાગઢ તાબેના સાબલપુર ચોકડી ખાતે પોતાના કબજામાં ગેરકાયદેસરરીતે વગર પાસ પરમીટે વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો ગાંજો

કિલો ગ્રામ ૩૯.૭૭૨ નો કિંમત રૂા. ૩,૯૭,૭૨૦/– નો તથા મોબાઈલ નંગ ૪ જેની કિંમત રૂા. ૧૧,૦૦૦/– તથા રોકડા રૂપીયા ૨,૯૨૦/– મળી કુલ રૂા. ૪,૧૧,૬૪૦/– ના મુદામાલ સાથે પકડાઈ જઈ અને આરોપીઓ નં. ૧ થી ૪ ના કબજામાંથી મળી આવેલ ગાંજો આરોપીઓએ **નાસતા ફરતા આરોપી દલપત,** રહે. ગજપત ઓડીસા પાસેથી વેચાણથી લઈ આવી અને જે ગાંજો આરોપી નં.૫ ના કહેવાથી તેમજ **નાસતા ફરતા આરોપી રાકેશ હજારીપ્રસાદ શાહુ,** રહે. બાદગઢગામનાઓના કહેવાથી અને બંનેએ ગાંજો જુનાગઢ તથા ધોરાજીમાં આરોપી નં. ૬ તથા ૭ ને વેચવા માટે આરોપીઓ નં. ૧ થી ૪ નાઓને અગાઉ મુલાકાત કરાવી ગાંજાની લે–વેચ કરાવી ગાંજાની લે–વેચની ડીલ કરાવી અને આરોપી નં.૬ તથા ૭ નાઓએ સદરહું પકડાયેલ ગાંજો આરોપી નં.૧ થી ૪ પાસેથી મગાવી તમામ આરોપીઓએ પોત પોતાના આર્થિક લાભ સારુ ગેરકાયદેસર વનસ્પતિજન્ય ગાંજાની જથ્થાની ખરીદી તથા તેનું વેચાણ કરી તેની હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો નાર્કોટીકસ ડગ્સ એન્ડ સાયકોટોપીક સબસ્ટન્સ એકટની(એન.ડી.પી.એસ.)ની કલમ–૮(સી),૨૦ (બી),૨૯ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭.૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો :–**

**(૮)** આ કામે આગળની ચર્ચા કરતા પહેલા એન.ડી.પી.એસ.એકટની કલમ–૮, ૨૦ ,૨૯, ૩૫ તથા ૫૪ ધ્યાને લેવી જરુરી બને છે. જે નીચે મુજબ રહેલ છે.

**S.8 Prohibition of certain operations.—**

No person shall—

(a)cultivate any coca plant or gather any portion of coca plant; or

(b)cultivate the opium poppy or any cannabis plant; or

(c)produce, manufacture, possess, sell, purchase, transport, warehouse, use, consume, import inter-State, export inter-State, import into India, export from India or tranship any narcotic drug or psychotropic substance,

**S.20 Punishment for contravention in relation to cannabis plant and cannabis.-–**

Whoever, in contravention of any provisions of this Act or any rule or order made or condition of licence granted thereunder,--

(a)cultivates any cannabis plant; or

(b)produces, manufactures, possesses, sells, purchases, transports, imports inter-State, exports inter-State or uses cannabis, shall be punishable--

(i)where such contravention relates to clause (a) with rigorous imprisonment for a term which may extend to ten years and shall also be liable to fine which may extend to one lakh rupees;

(ii)where such contravention relates to sub-clause (b),–

( A) and involves small quantity, with rigorous imprisonment for a term which may extend to one year, or with fine, which may extend to ten thousand rupees, or with both;

( B) and involves quantity lesser than commercial quantity but greater than small quantity, with rigorous imprisonment for a term which may extend to ten years and with fine which may extend to one lakh rupees;

( C) and involves commercial quantity, with rigorous imprisonment for a term which shall not be less than ten years but which may extend to twenty years and shall also be liable to fine which shall not be less than one lakh rupees but which may extend to two lakh rupees:Provided that the court may, for reasons to be recorded in the judgment, impose a fine exceeding two lakh rupees.

**S.29 Punishment for abetment and criminal conspiracy.—**

(1)Whoever abets, or is a party to a criminal conspiracy to commit an offence punishable under this Chapter, shall, whether such offence be or be not committed in consequence of such abetment or in pursuance of such criminal conspiracy, and notwithstanding anything contained in section 116 of the Indian Penal Code (45 of 1860), be punishable with the punishment provided for the offence.(2)A person abets, or is a party to a criminal conspiracy to commit, an offence, within the meaning of this section, who, in India abets or is a party to the criminal conspiracy to the commission of any act in a place without and beyond India which--(a)would constitute an offence if committed within India; or(b)under the laws of such place, is an offence relating to narcotic drugs or psychotropic substances having all the legal conditions required to constitute it such an offence the same as or analogous to the legal conditions required to constitute it an offence punishable under this Chapter, if committed within India.

**S.35 Presumption of culpable mental state.—**

**(1)In any prosecution for an offence under this Act which requires a culpable mental state of the accused, the Court shall presume the existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.Explanation: In this section "culpable mental state" includes intention, motive knowledge of a fact and belief in, or reason to believe, a fact.(2)For the purpose of this section, a fact is said to be proved only when the court believes it to exist beyond a reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.**

**S.54 Presumption from possession of illicit articles.—**

In trials under this Act, it may be presumed, unless and until the contrary is proved, that the accused has committed an offence under this Act in respect of—(a)any narcotic drug or psychotropic substance or controlled substance;(b)any opium poppy, cannabis plant or coca plant growing on any land which he has cultivated;(c)any apparatus specially designed or any group of utensils specially adopted for the manufacture of any narcotic drug or psychotropic substance or controlled substance; or(d)any materials which have undergone any process towards the manufacture of a narcotic drug or psychotropic substance or controlled substance, or any residue left of the materials from which any narcotic drug or psychotropic substance or controlled substance has been manufactured, for the possession of which he fails to account satisfactorily.

**(૮.૧) બન્ને પક્ષોની રજુઆત ,રેકોર્ડ , બચાવ પક્ષેની લેખિત રજુઆત તથા રજુ ચુકાદા વંચાણે લેવામાં આવેલ છે.**

**<u>મુદ્દા નં. ૧ : :–</u>**

(૯) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિ:શંક રીતે પડેલ પુરાવાથી પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવાનું છે અને આરોપી સામેની સાબીતીનો ભાર ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે સંપુર્ણ અને સજ્જડ પુરાવો આપવાનો છે અને આરોપીએ તો માત્ર મૌન જ રાખવાનું છે. આરોપીના કેસની નબળાઈનો લાભ ફરીયાદપક્ષ ઉઠાવી શકે નહી. ફોજદારી કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે અદાલતે એક મેન્ટલ પ્રોસેસ કરવાની હોય છે અને પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. દરેક કેસ પોતાની હકીકત, પડેલ પુરાવો તેમજ કેસના ગુણદોષ ઉપર

આધારીત હોય છે અને પુરાવાના મુલ્યાંકન બાબતે કાયદામાં કોઈ પ્રક્રીયા જણાવવામાં આવેલી નથી. તેવી જ રીતે, પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા કોર્ટે ધ્યાનમાં રાખવાની છે અને કેટલા જથ્થામાં પુરાવો છે તે હકીકત અગત્યની નથી. માત્ર એક જ માનવાલાયક સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે જથ્થાબંધ પુરાવો રજુ કરવાની ફરીયાદપક્ષે કોઈ જરૂર નથી. ન્યાયશાસ્ત્ર નાં સુસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી સામેનું તહોમતનામું શંકા રીહત, સચોટ અને સંપુર્ણ પુરાવાથી પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશને નિભાવવાની છે. જો આરોપી પોતાનો સ્પષ્ટ બચાવ લેતો હોય અગર તો એલીબીની તકરાર ઉઠાવતો હોય તો તે સંદર્ભે આરોપીએ કેટલેક અંશે પુરાવો રજુ કરવો પડે, પરંતુ હાલનાં કેસમાં આરોપીઓએ બચાવનાં કોઈ સાહેદ તપાસેલ નથી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબના પોતાના વિશેષ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેના ઉપર ખોટો કેસ કરેલ છે, તે સંજોગોમાં પ્રોસીકયુશને આરોપીઓ સામેનું આરોપનામુ શંકા રહીત સાબીત કરવું પડે. નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓથી પ્રસ્થાપિત થયા મુજબ જો પ્રોસીકયુશનનાં કેસ માંથી વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તો તેનો લાભ હમેશાં આરોપીને મળવાને પાત્ર થતો હોય છે. જયારે પ્રોસીકયુશનનાં ખુદનાં કેસમાંથી પ્રોસીકયુશને રજુ કરેલ પુરાવામાંથી જો શંકા ઉત્પન્ન થતી હોય અગર તો ઉદ્‌ભવતી હોય તો તેવી શંકાને વ્યાજબી શંકા કહી શકાય અને તેનો લાભ આરોપીને મળી શકે, પરંતુ શકયતાઓ આધારીત કે અટકળો આધારીત ઉભી કરાયેલી શંકાને વ્યાજબી શંકા કહેવાય નહી અને તેનો લાભ આરોપી ને મળે નહી. ન્યાયશાસ્ત્રનાં સુસ્થાપિત સિધ્ધાંત મુજબ જયાં સુધી આરોપી સામેનો કેસ સાબિત થાય નહી ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હોય છે. આરોપીએ 'ગુનો કર્યો છે' અને 'ગુનો કર્યો હશે' તે બંને વચ્ચે ઘણું જ લાંબુ અંતર રહેલું છે અને આવું લાંબુ અંતર પ્રોસીકયુશને જ સચોટ અને શંકા રહીત પુરાવો રજુ કરીને કાપવાનું હોય છે. આમ, કાયદો પ્રોસીકયુશન પાસે શ્રેષ્ઠ પુરાવાની અપેક્ષા રાખે છે. ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ

વ્યાજબી શંકાનો લાભ અને શ્રેષ્ઠતમ પુરાવાની અપેક્ષા એ બે અભિગમો પ્રવર્તે છે. આરોપી વિરૂધ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે. શંકા કદી પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. વળી, ન્યાયાધિશે બે પ્રકારની ભુમિકા અદા કરવાની છે જેમાં એક નિર્દોષને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું હોય છે, તે જ રીતે એક દોષિત કરેલા ગુનામાંથી છટકી ન જાય તે પણ જોવાનું હોય છે. ન્યાયીધીશે સત્યનું શોધન કરવાનું હોય છે. નાની–મોટી વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાની હોય છે અને કાયદેસરનાં અને મહત્વનાં પુરાવાને હમેશાં નજર મધ્યે રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની–મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવતાં હોય છે, પરંતુ જો આવી વિસંગતતા કે વિરોધાભાસો પ્રોસીકયુશનનાં કેસને મુળમાંથી અસરકર્તા ન હોય તો તેની અવગણનાં કરવાની હોય છે. દરેક સાહેદની વર્તણુંક, સ્મરણ શકિત, વિચારવાની શકિત અને અવલોકન શકિત જુદી જુદી હોય છે. આવા સંજોગોમાં અદાલતે ખાણીયાની જેમ કામગીરી હાથ ધરી કાયદેસરનાં પુરાવાને ધ્યાને લેવાનો હોય છે. આ તમામ પાયાનાં સિધ્ધાંતોને નજર મધ્યે રાખીને હું હાલનાં કેસનો ન્યાયીક નિકાલ કરી રહયો છું.

**(૧૦)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે તપાસેલ સાહેદો પૈકી ફરીયાદ પક્ષે પંચ સાહેદ બાલકૃષ્ણ રીવશંકર ઠાકર પોતાની આંક–૩૯ ની તથા બીજા પંચ સાહેદ સાકીર મહંમદભાઈ બેલીમ પોતાની આંક–૧૧૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં બાતમીવાળી જથ્થાએ રેઈડ કરવાનુ પંચનામુ બતાવતા જેમાં દરેક પાને પંચ તરીકે તેની સહી ઓળખી બતાવી પંચનામુ આંક–૪૦ થી રજુ કરેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેમને મુદામાલ કાપલી નંબર આર્ટીકલ નંબર ૧૮ વાળી બતાવવામાં આવે છે તેમજ માર્ક એ–૧ થી એફ–૧ તેમજ મુદામાલ કાપલીઓ એ થી એફ બતાવવામાં આવે છે. જે કાપલીઓમાં તેની સહીઓ ઓળખી બતાવે છે. તેમને માર્ક 'જી' થી માર્ક ' કે'તથા કન્ટ્રોલ સેમ્પલ માર્ક 'જી'૧' થી માર્ક 'કે–ર' જે મુદામાલ કાપલીઓ બતાવવામાં આવે છે. તેમને માર્ક

'એલ' થી માર્ક 'પી' તથા માર્ક 'એલ–૧' થી 'પી–૨' વાળી મુદામાલ કાપલી બતાવવામાં આવે છે. તેમને માર્ક 'કયુ' થી 'ટી' તથા માર્ક 'કયુ–૧' થી 'ટી–૨' વાળી મુદામાલ કાપલીઓ બતાવવામાં આવે છે જેમા તેની સહી ઓળખી બતાવે છે. તેમને આર્ટીકલ નંબર ૬૪ વાળી મુદામાલ કાપલી બતાવવામાં આવે છે જેમાં તેની સહી ઓળખી બતાવે છે. તેમને આર્ટીકલ નંબર ૬૬ વાળી મુદામાલ કાપલી બતાવવામાં આવે છે જેમાં સહી ઓળખી બતાવે છે. તેમને આર્ટીકલ નંબર ૬૮ વાળી મુદામાલ કાપલી બતાવવામાં આવે છે જેમાં તેની સહી ઓળખી બતાવે છે. તેમને આર્ટીકલ નંબર ૬૯ વાળી મુદામાલ કાપલી બતાવવામાં આવે છે જેમાં તેની સહી ઓળખી બતાવે છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓને રેઈડની જગ્યાએ ઝડતી તપાસ કરવાનો ઠરાવ એનડીપીએસ એકટની કલમ–૪૨(૧) મુજબનો બતાવવામાં આવે છે. જેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૪૧ થી તથા એનડીપીએસ એકટ કલમ ૫૦ મુજબનો ઠરાવ બતાવવામાં આવે છે, જેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૪૨ થી તથા એનડીપીએસ એકટ કલમ ૫૨(૧) મુજબ આરોપી નંબર ૧ થી ૪ ની ધરપકડ કર્યા બાબતની સમજ કરવામાં આવેલ તે બતાવવામાં આવે છે, જેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૪૩ થી તથા આરોપી નંબર ૧ થી ૪ ની તાત્કાલીક ઝડતી તપાસ કરવા અંગેનો એનડીપીએસ એકટ કલમ ૪૨(૧) મુજબનો ઠરાવ બતાવવામાં આવે છે, જેમાં સહી ઓળખી બતાવી આંક–૪૪ થી તથા વજન કાંટાની પહોચ બતાવવામાં આવે છે જેમાં સહી ઓળખી બતાવી આંક–૪૫ થી તથા સીઝરમેમો આરોપી નંબર ૧ થી ૫ પાસેથી મુદામાલ કબજે કર્યા અંગેનો બતાવવામાં આવે છે, જેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૪૬ થી રજુ કરેલ છે, આ સાહેદને માર્ક– 'એ–૧' થી ' ટી–૧ ' બતાવવામાં આવે છે જે પ્લાસ્ટીકના નાના પારદર્શક બોક્ષ છે જેના ઉપર એક–એક કાપલીઓ છે જેમાં પંચ નં. ૨ તરીકે તેની સહીઓ છે જે ઓળખી બતાવે છે. તેમને માર્ક– 'એ–૨' થી ' ટી–૨ ' બતાવવામાં આવે છે જે પ્લાસ્ટીકના નાના પારદર્શક બોક્ષ છે જેના ઉપર એક–એક કાપલીઓ છે જેમાં પંચ નં. ૨ તરીકે તેની સહીઓ છે જે ઓળખી બતાવે છે, તેમને આર્ટીકલ

નં. ૬૩ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે એક અંગ્રેજીમા એરો કલબ લખેલ થેલો છે, તેમજ બ્લુ કલરની પોલો કંપનીની બેગ, એક કાળા કલરનુ બ્લુ પટ્ટાવાળુ સ્કાય કંપનીનુ બેગ તેમજ એક કાળા કલરની ફાસ્ટટ્રેક કંપનીનુ બેગ છે, તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૫ બતાવવામાં આવે છે જે કવર ખોલતા જેમાથી એક આધારકાર્ડ, એક ડ્રાઈવીંગ લાયસન્સ, એક એસ.બી.આઈ. બેંકનુ એટીએમ કાર્ડ, પટેલ ટ્રાવેલ્સની બે ટીકીટો તથા રોકડ રૂા. ૨૫૧૦/– નિકળેલ છે. તેમને આર્ટીકલ નં. ૬૭ બતાવવામાં આવે છે જેમાથી એક ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, બી.એસ.એન.એલ. કંપનીનુ સીમકાર્ડ, સ્ટેટ બેંક નુ ડેબીટ કાર્ડ, આધાર કાર્ડ, દીપ ટ્રાવેલ્સ રાજકોટની ટીકીટ, એક ટ્રેનની ટીકીટ તથા એક સુરતથી ધોરાજીની બે લોકોની ટીકીટ અને રોકડ રૂા. ૩૭૦/– નિકળેલ છે,તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૧ બતાવવામાં આવે છે જેમા બાહ્ય રાજયના ન્યુઝપેપર્સ, દોરી, ખાખી કલરની પણ પારદર્શક સેલોટેપ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૨ બતાવવામાં આવે છે જેમા બાહ્ય રાજયના ન્યુઝપેપર્સ, દોરી, ખાખી કલરની પણ પારદર્શક સેલોટેપ છે. આમ, આ બન્ને પંચ સાહેદ પંચનમાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

જયારે બચાવ પક્ષેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે પોલિસે તેમનુ નામઠામ પુછેલ તે સિવાય તેમની રુબરુ બીજી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેઓ પોલિસ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય કે તેમની હાજરીમાં કોઈ કાર્યવાહી થયેલ હોય તેવુ બનેલ નથી.શેનુ પંચનામુ હતુ અને શુ કાર્યવાહી હતી તે કાંઈ જાણતા ન હોવાનુ અને પોલિસે તેમને કાગળોમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાનુ સ્વીકારેલ છે.

**(૧૦.૧)** તે ઉપરાંત, ફરીયાદ પક્ષે પંચ સાહેદ દીલાવર મહમદભાઈ ચોપડા પોતાની આંક–૧૦૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેમને તા. ૨૬–૮–૧૯ના રોજ પોલીસે તાલુકા પો.સ્ટે. બોલાવેલ. ત્યાર બાદ તેની તૈયાર પં

ચનામાં સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલી. આરોપી નં.–૫ ના અટક પંચનામામાં સહી ઓળખી બતાવી આંક–૧૦૫ થી રજુ કરેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેમને એનડીપીએસ એકટની કલમઅ ૪૨(૧) મુજબનો ઝડતી ઠરાવ બતાવતા તેમાં તેમની સહી છે આવી ઝડતી તેની હાજરીમાં કરવામાં આવેલ નથી જે સહી ઓળખી બતાવી આંક–૧ ૦૬ થી રજુ કરેલ છે. તેમને એનડીપીએસ એકટની કલમઅ ૫૨(૧) મુજબનો આરોપી ની ધરપડક કર્યા બાબતની સમજ કર્યા અંગેનો ઠરાવ છે જેમાં તેની સહી છે જે સહી ઓળખી બતાવી આંક–૧૦૭ થી રજુ કરેલ છે. તેમને સીઝર મેમો બતાવતા જેમાં તેની સહી છે જે સહી ઓળખી બતાવી આંક–૧૦૮ થી રજુ કરેલ છે જેમાં તેમણે માત્ર સહી જ કરેલી. તા. ૫–૯–૧૯ ના રોજ પોલીસે તેમને તાલુકા પો.સ્ટે. બોલાવેલ અને તેમને એક તૈયાર પં ચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ. તેમને આરોપી નં.–૬ નારહેણાંક મકાનનુ ઝડપી પંચનામુ બતાવામાં આવે છે તેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૧૦૯ થી રજુ કરેલ છે.એન. ડી. પી. એસ. એકટની કલમ–૪૨ નો ઠરાવ બતાવતા જેમાં તેની સહી ઓળખી બતાવી ઠરાવ આંક–૧૧૦ થી રજુ કરેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તા.૧ ૨–૧૧–૧૯ ના રોજ પોલીસે તેમને તાલુકા પો.સ્ટે. બોલાવેલ અને ત્યાં હાજર રહેલ તે વખતે તેમને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ. જે આરોપી નં .–૭ નુ અટક પંચનામુ બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી આંક–૧૧૧ થી રજુ કરેલ છે, પોલીસે જુદી જુદી તારીખે તેમની પાસે કાપલીઓમાં પણ સહી લીધેલી. તેઓ જયારે પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યારે બીજા પંચ હાજર હતા. જે પંચનુ નામ અસરફભાઈ કાસમભાઈ હતુ. આમ, આ પંચ સાહેદ પંચનમાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં પોલીસે તેમને કાગળોમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી અને તેઓ નીકળી ગયેલા, પંચનામાઓ કઈ બાબતના હતા તે જાણતા નથી તેવુ સ્વીકારેલ છે.

(૧૦.૨) તે ઉપરાંત, ફરીયાદ પક્ષે પંચ સાહેદ અશરફભાઈ કાસમભાઈ લીંગડીયા પોતાની આંક-૧૧૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેમને તા. ૨૬-૮-૧૯ના રોજ તેઓ સાબલપુર રોડ પર રીક્ષા લઈને નીકળેલ હતા, તે વખતે પોલીસે તેમને બોલાવેલો. ત્યાર બાદ તેની તૈયાર પંચનામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલી. તેમને આંક-૧૦૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેની સહી ઓળખી બતાવે છે. તેઓએ મુદ્દામાલ કાપલીમાં સહીઓ કરેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તા. ૧૨-૧૧-૧૯ ના રોજ પોલીસે તેમને તાલુકા પો.સ્ટે. બોલાવેલ અને ત્યા હાજર રહેલ તે વખતે તેમને એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ. તેમને આંક-૧૧૧ બતાવવામાં આવે છે તેમાં તેની સહી ઓળખી બતાવે છે અને પોલીસે જુદી જુદી તારીખે તેની પાસે કાપલીઓમાં પણ સહી લીધેલાનુ જણાવેલ છે. આમ, આ પંચ સાહેદ પંચનમાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં પોલીસે માત્ર તેનુ નામ, સરનામુ પુછેલ તે સિવાય કંઈ પુછેલ નહીં, પોલીસે તેમને કાગળોમાં સહી કરવાનુ કહેતા સહી કરેલી બાદ નીકળી ગયેલ, પંચનામા કઈ બાબતના હતા તે જાણતા નથી, તેમની હાજરીમાં કોઈ આરોપીની અટક કરેલ હોય તેવુ બનેલ નથી તેવુ સ્વીકારેલ છે.

(૧૦.૩) તે ઉપરાંત,ફરીયાદ પક્ષે પંચ સાહેદ બોદુભાઈ ઉમરભાઈ બ્લોચ પોતાની આંક-૧૧૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૧૦૯, આંક-૧૧૦ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે અને આરોપી નં.-૬ ના અટક પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી પંચનામુ આંક-૧૧૯ થી રજુ કરેલ છે. આમ, આ પંચ સાહેદ પં

ચનમાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

**(૧૦.૪)** તે ઉપરાતં, ફરીયાદ પક્ષે પંચ સાહેદ ફીરોજભાઈ અબ્બાસભાઈ શેખ પોતાની આંક-૧૨૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૧૧૯ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. આમ, આ પંચ સાહેદ પંચનમાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.

**(૧૦.૫)** ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ ફરીયાદી જયરાજીસંહ મંગળુભાઈ વાળા પોતાની આંક-૧૩૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૧૯ ની સાલમાં તેઓ બનાવ વખતે એસ.ઓ.જી. પોલીસ સ્ટેશન, જુનાગઢ ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તયારે તા. ૨૨-૮-૨૦૧૯ના રોજ તેની ફરજ પર હતા ત્યારે તેમને ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, જુનાગઢ સાબલપુર ચોકડી પાસે ચાર ઈસમો હીન્દી ભાષામાં ગાંજો વેચવા બાબતેની વાતચીત કરતા હોય તથા કોઈ વ્યકિત લેવા આવનાર હોય તેવી ચોકકસ બાતમી હકીકત મળેલી, જેથી તેઓએ પોલીસ અધિક્ષકશ્રીનાઓને બાતમી આપેલ, ટેલીફોનીક જાણ કરેલ. સાહેબ તરફથી ગેજેટેડ અધિકારી તરીકે ડીવાય.એસ.પી.શ્રી એસ. એમ.ગોહેલનાઓને સાથે રાખી કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જેથી આ બાબતે સાહેબશ્રીને જાણ કરવામાં આવેલ તથા મળેલ બાતમી અંગે ખાનગી બાતમી રજીસ્ટરમાં નોંધ કરવામાં આવેલ, બાદ ડીવાય. એસ.પી.શ્રી એસ. એમ. ગોહેલનાઓ આવતા તેમને બાતમીની સમગ્ર હકીકત જણાવેલ. સાહેબશ્રીનાઓએ પંચોને બોલાવવા માટે પો. કોન્સ્ટેબલ રાજેશભાઈ ઉપાધ્યાયનાઓને મોકલેલા. પંચો આવતા પંચોને સમગ્ર બાતમીની હકીકત તથા સ્ટાફની અરસ પરસ ઓળખાણ ડીવાય.

એસ.પી. સાહેબશ્રી દવારા કરાવવામાં આવેલ અને પંચોએ સ્વખુશી બતાવતા સ્ટાફ તથા પંચોની અરસપરસ ઝડતી તપાસ કરવામાં આવેલી અને એન.ડી.પી.એસ. સબંધે કોઈ વસ્તુ વાંધાજનક મળી આવેલ ન હોય ત્યારબાદ રેડમાં જવા માટેનો ઠરાવ કરવામાં આવેલ તથા રેડમાં રહેવા માટે પોલીસ સ્ટાફ પુંજાભાઈ ભારાઈનાઓને ઈન્વેસ્ટીગેશન કીટ લેવાનું જણાવેલ, તેમજ ઈન્વેસ્ટીગેશન કીટની પણ ઝડતી કરવામાં આવેલ તથા બાદ સ્ટાફ સાથે પંચો રૂબરૂ એસ.ઓ.જી. ઓફીસેથી નીચે ઉતરી જીલ્લા કન્ટ્રોલ રૂમ ખાતે રેઈડમાં જવા અંગેની નોંધ કરવા માટે રીર્પોટ ડીવાય.એસ.પી. સાહેબનાઓએ પંચો રૂબરૂ કન્ટ્રોલ ઈનચાર્જ કે.ડી.સરવૈયાનાઓએ કલાક–૧૧.૫૫ વાગ્યે આપવામાં આવેલ. બાદ કન્ટ્રોલ રૂમથી બહાર નીકળી બહાર રોડ ઉપર બે સરકારી વાહનો પડેલા હતા, જેમાં એક સુમો તથા બોલેરો જે બન્ને વાહનોની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરવામાં આવેલી. ઝડતી તપાસ દરમ્યાન એન.ડી.પી.એસ. અંગે કોઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહી. જેથી સુમો વાહનમાં ગોપલભાઈનાઓ ડ્રાઈવર તરીકે હોય અને બન્ને પંચો, ઈન્વેસ્ટીગેશનરીનાઓ પુંજાભાઈ ભારાઈ તથા રવીભાઈ ખેર નાઓ સાથે વાહનમાં બેસી તથા બોલેરો વાહનમાં તેઓ તથા સામતભાઈ, મહેન્દ્રભાઈ ડેર, મજીદખાન, રાજુભાઈ ઉપાધ્યાય તથા અનીરૂધ્ધભાઈનાઓ બોલેરો વાહન નં. ૦૨૫૨ ના ડ્રાઈવર બાબુભાઈ સાથે બેસી બાતમીવાળી જગ્યાએ કલાક–૧૧.૧૦ પ્રાથમીક પંચનામુ કરી જવા રવાના થયેલ. બાદ સરકારી વાહનમાં બેસી ગાંધી ચોક, મજેવડી ગેઈટ થઈ સાબલપુર ચોકડી પહેલા પુલ પાસે વાહનો ઉભા રાખી સ્ટાફ તથા પંચો સાથે નીચે ઉતરી અરસ પરસ એન.ડી.પી.એસ. અંગે કોઈ વાંધાજનક વસ્તુઓ ન હોય તે અંગેની તપાસ કરવામાં આવેલો અને કોઈ વાંધા જનક વસ્તુ મળી આવેલ નહી. બાદ પુલ આગળથી પેદલ ચાલી બાતમીવાળી જગ્યા આગળ સાબલપુર ચોકડીએથી સામેના ભાગે જેતપુર થી જુનાગઢ તરફ આવતા રોડ પર આવેલ રાજન ટ્રાવેલ્સ કેબીનના બાજુના ભાગમાં ચાર ઈસમો થેલાઓ સાથે બેસેલ જોવામાં આવેલ,જેથી ત્યાં પંચો સાથે જઈ જેમના તેમ બેસાડી જેનું નામ પુછતા (૧) સત્યવાન ઉર્ફે બાદલ

(૨) સન્યાસી તારેણી (૩) બલરામ પ્રધાન (૪) શીબા શાહનાઓ હીન્દી ભાષામાં જણાવતા સાથેના ડીવાય.એસ.પી. સાહેબ દ્વારા એન.ડી.પી.એસ. એકટ ૪૨(૧) મુજબ ઠરાવ કરી ઠરાવની સમજ કરી તેમની સહી મેળવેલી અને પોલીસ તરીકેની ઓળખાણ આપી તેમજ ઠરાવની એક નકલ મજકુર ઈસમોને પણ આપેલી. બાદ એન.ડી.પી.એસ. કલમ– ૫૦ મુજબનો ઠરાવ કરવામાં આવેલ જેમાં આરોપીને હીન્દી ભાષામાં સમજ કરવામાં આવેલ હતી કે, તેમને અન્ય કોઈ ગેજેટેડ અધિકારી કે મેજીસ્ટ્રેટ રૂબરૂ ઝડતી તપાસ કરાવવા માંગતા હોય તો તેઓને કાયદાકીય અધિકાર છે, જે બાબતે સમજ કરતા સદરહુ ઈસમોએ ડીવાય.એસ.પી. સાહેબ રૂબરૂ ઝડતી તપાસ થાય તો વાંધો નથી, તેવુ હીન્દીમાં જણાવેલુ. તે ઠરાવમાં પંચોની સહીંઓ લેવામાં આવેલી. પંચો તથા સદરહુ ઈસમોની સહીઓ લેવામાં આવેલ. બાદ એક પ્રત સાથેની નકલ ઈસમોને આપવામાં આવેલી. સદરહુ ઈસમોને થેલાઓ બાબતે પુછતા તેઓએ તેમાં ગાંજો હોવાનું જણાવેલ, જેથી સદરહુ ઈસમો પૈકી નં. (૧) સત્યવાન ઉર્ફે બાદલ જેનો થેલો પંચો રૂબરૂ ખોલી ચેક કરતા તેમાં અલગ અલગ ૬ પાર્સલો જોવામાં આવેલ, જે પૈકી એક પાર્સલ ખાખી કલરની પરદર્શક સેલોટેપથી વીટળાયેલુ જોવામાં આવેલ હતુ, જેને ખોલતા બહારના રાજયની ભાષાવાળુ છાપુ જેના ફરતે લીલા કલરની દોરીથી વીટાળેલુ હતુ, જેને ખોલતા વનસ્પતી જન્યપદાર્થ સુકો, પાંદડા વાળો જોવામાં આવતા, જે બાબતે સદરહુ ઈસમને પુછતા, જે ગાંજો હોવાનું જણાવેલ, જેથી તુરંત જ ડીવાય.એસ.પી.શ્રી ગોહેલની સુચનાથી તેઓએ એફ.એસ.એલ. અધિકારીશ્રી એ.બી.નારીયાનાઓને સદરહુ હકીકતથી વાકેફ કરી સ્થળ પર બોલાવેલ અને સદરહુ બાબતે જાણ કરેલ તથા ગોહેલ સાહેબે સાથેના સ્ટાફ મહેન્દ્રભાઈ ડેરનાઓને વજનકાંટો લેવા માટે સરકારી વાહન ૦૨૫૨ માં રવાના કરેલા હતા તથા એફ.એસ.એલ. અધિકારી આવેલા તયાં સુધી પંચનામુ સ્થગીત કરવામાં આવેલ હતુ. બાદ એફ.એસ.એલ. અધિકારીશ્રી એ.બી.નારીયાનાઓ આવતા તેમની તથા તેમની પાસે રહેલ તપાસણી કીટની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરવામાં આવેલ હતી. તપાસ કરતા કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ ન

હતી. બાદ સદરહુ જગયા વાહન વ્યવહારની અવરજવરવાળી જગ્યા હોય જેથી એફ.એસ.એલ. અધિકારી ની સુચનાથી સત્યવાન ઉર્ફે બાદલનો થેલો ચેક કરતા જેમાં ૬ પાર્સલ જોવામાં આવેલ હતા, તેમાં એક પાર્સલ જોતા જેમાં ગાંજો હોવાનુ જણાવેલ તે દરમ્યાન ગોપાલભાઈએ વજનકાંટા વાળા સાથે આવતા વજનકાંટાવાળો નીમીષભાઈ પારેખ તથા સાથે રહેલા મહેન્દ્રભાઈ ડેર નાઓની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરવામાં આવેલ પરંતુ એન.ડી.પી.એસ. કે વાંધાજનક કોઈ વસ્તુ મળી આવેલ નહી અને આવેલ વજનકાંટા વાળા નિમીષભાઈ પારેખને ઉપરોકત બાબતથી માહીતગાર કરવામાં આવેલ, અને તેઓને તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું જણાવવામાં આવેલ. ત્યારબાદ સાથે રહેલા એફ.એસ.એલ. અધિકારીશ્રીએ જણાવેલ કે, સદરહુ જગ્યા વાહન વ્યવહારના અવરજવરવાળી હોય, તથા સદરહુ મળી આવેલ પદાર્થનો વજન કરવા માટે બંધ જગ્યા કે જયાં હવાની અવરજવર ન થઈ શકે તથા તેવી જગ્યા કે જયાં ઈલેકટ્રીક કનેકશન હોય, જેથી જેમનુ વજન થઈ શકે, જેથી નજીકમાં રહેલ ગાંડુભાઈ ના ગેરેજ માં રહેલી ત્રણ દુકાનોમાં વચ્ચેની દુકાનમાં ઈલેકટ્રીક કનેકશન છે, જે ગાંડુભાઈએ જણાવેલ, જેથી સદરહુ ઈસમો તથા એફ.એસ.એલ. અધિકારી તથા સ્ટાફ તથા પંચો સાથે જેમના તેમ બેસાડવામાં આવેલ હતા, બાદ પ્રથમ ઈસમ સત્યવાનની પાસે રહેલ બેગમાં ૬ પાર્સલો જોવામાં આવેલ હતા, જેમને ખોલી જોતા ખાખી કલરની પ્લાસ્ટીકની સેલોટેપ થી વીટેલા પાર્સલો હતા, જે તમામ પાર્સલો ખોલતા લીલા કલરની દોરીથી વીંટાળેલા બહારના રાજયની ભાષાવાળા, ન્યુજ પેપરમાં વીંટાળેલા હતા, જેમને ખોલીને જોતા સુકા પાંદડા જેવુ બીજ તથા કુલના ટોપકાઓ સહીતનો વનસ્પતી જનય પદાર્થ જોવામાં આવેલ હતો, જે પદાર્થ ભેજ યુકત હતો. જેથી સાથે રહેલા એફ.એસ.એલ. અધિકારીએ જે ૬ પાર્સલો પૈકી એક પાર્સલમાંથી તેમની પાસે રહેલી કીટમાંથી પરીક્ષણ કરેલ હતુ જે કાર્યવાહી પંચો રૂબરૂમાં કરવામાં આવેલ હતી, જેમા નાર્કોટીજના સીક્રય તત્વોની હાજરી હોવાનું એફ.એસ.એલ. અધિકારીશ્રીએ જણાવેલ હતુ. બાદ સદરહુ મળી આવેલ ૬ પાર્સલોમાંથી ૧૦૦–૧૦૦ ગ્રામના એફ.એસ.એલ.

રવાનગી તથા રીઝર્વ સેમ્પલ માટે લેવાનુ જણાવેલ હતુ. બાદ વજન કાંટાને બહારની હવા ન લાગે તે રીતે ૦–૦૦ સેટ કરવામાં આવેલ હતુ. તમામ ૬ પાર્સલોનું વજન કરવામાં આવેલ હતુ. જેમાં એક પાર્સલનું વજન આશરે ર કીલોની આસપાસનું હતુ, તેવા ૬ પાર્સલો હતા, જેનું વજન કરવામાં આવેલુ. જે પાર્સલોમાંથી એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ દરેક પાર્સલવાળુ ૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. પરીક્ષણ માટે તથા ૧૦૦ ગ્રામ રીઝર્વ સેમ્પલ માટે લેવામાં આવેલ હતુ, જેમને પ્લાસ્ટીકના પારદર્શક બોકસમાં રાખી દોરી તથા લાખથી સીલ કરી પંચોની સહીવાળી કાપલી મુકી તપાસના કામે કબજે લેવામાં આવેલા, જેમને માર્ક – એ/૧ એ/ર થી એફ/૧ એફ/ર સુધીના માર્ક આપવામાં આવેલ હતા. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ બાકી રહેલ માર્ક – એ માં રહેલા જથ્થાને એક પ્લાસ્ટીકની પારદર્શક થેલીમાં મુકી થેલીને એક કાપડની બેગીમાં મુકી માર્ક – 'એ' આપી પંચોની સહીવાળી કાપલી મુકી, ચોડી, પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. ત્યારબાદ એ જ રીતે માર્ક – 'બી થી એફ' ના બાકી રહેલા જથ્થાને ઉપરોકત વિગતે પંચનામા મુજબ કબજે કરી કાર્યવાહી કરવામાં આવેલ છે.બાદ નં. ર ઈસમનું નામ પુછતા તેઓએ પોતાનું નામ સન્યાસી તારેણી હોવાનું પંચો રૂબરૂ જણાવેલ હતુ, તેમોની પાસે રહેલી પોલો કંપનીના થેલામાં ચેક કરતા પાંચ ખાખી કલરની સેલોટેપ દીધેલા પાર્સલો જોવામાં આવેલ હતા, જે પૈકી એક પાર્સલ ખાખી કલરની પારદર્શક સેલોટેપથી વીટળાયેલુ જોવામાં આવેલ હતુ, જેને ખોલતા બહારના રાજયની ભાષાવાળુ છાપુ જેના ફરતે લીલા કલરની દોરીથી વીટાળેલુ હતુ, જેને ખોલતા વનસ્પતી જન્ય પદાર્થ સુકો, પાંદડા વાળો જોવામાં આવતા, બાદ બાકી રહેલા પાર્સલોને વારાફરતી ખોલવામાં આવેલ હતા. જે પાર્સલો પૈકી એફ.એસ.એલ. અધિકારીશ્રીએ એક પાર્સલમાંથી તેમની પાસે રહેલી નાર્કોટીકસ પરીક્ષણ કીટમાંથી પરીક્ષણ કરતા નાર્કોટીકસના સક્રિય તત્વોની હાજરી હોવાનું જણાવેલ હતુ. ત્યારબાદ ઉપરોકત પાર્સલોને માર્ક ' જી' થી 'કે' સુધીના આપી વજનકાંટા દ્રારા વજન કરવામાં આવેલ હતુ, જેનુ અંદાજીત વજન દરેક પાર્સલોનું ર કીલો આસપાસ રહેલ હતુ. જે દરેક પાર્સલોમાંથી એફ.એસ.એલ.

અધિકારીશ્રીની સુચના મુજબ ૧૦૦–૧૦૦ ગ્રામનો જથ્થો એફ.એસ.એલ. તથા તેના રીઝર્વ સેમ્પલ તરીકે કબજે કરવામાં આવેલ હતુ. જેમને પ્લાસ્ટીકના પારદર્શક બોકસમાં રાખી દોરી તથા લાખથી સીલ કરી પંચોની સહીવાળી કાપલી મુકી તપાસના કામે કબજે લેવામાં આવેલા, જેમને માર્ક – જી/૧ જી/૨ થી કે/૧ કે/૨ સુધીના માર્ક આપવામાં આવેલ હતા, ત્યારબાદ બાકી રહેલા પાર્સલો જેમને માર્ક – જી થી કે સુધી આપી બાકી રહેલા જથ્થાને એક પ્લાસ્ટીકની પારદર્શક થેલીમાં મુકી થેલીને એક કાપડની બેગીમાં મુકી માર્ક – 'જી થી લઈ માર્ક કે ' આપી પંચોની સહીવાળી કાપલી મુકી, ચોડી, પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ત્રીજા ઈસમનું નામ પુછતા તેઓએ પોતાનું નામ બલરામ શંકર પ્રધાન હોવાનુ જણાવેલ હતુ, તેઓની પાસે રહેલી કાળા કલરનો થેલો ચેક કરતા ચેઈન ખોલી જોતા તેમાં ખાખી કલરની પારદર્શક સેલોટેપના અલગ અલગ ૫ પાર્સલો જોવા મળેલ હતા. જેને ખોલતા બહારના રાજયની ભાષાવાળુ છાપુ જેના ફરતે લીલા કલરની દોરીથી વીટાળેલુ હતુ, જેને ખોલતા વનસ્પતી જનય પદાર્થ સુકો, પાંદડા વાળો જોવામાં આવતા, બાદ બાકી રહેલા પાર્સલોને વારાફરતી ખોલવામાં આવેલ હતા. જે પાર્સલો પૈકી એફ.એસ.એલ. અધિકારીશ્રીએ એક પાર્સલમાંથી તેમની પાસે રહેલી નાર્કોટીકસ પરીક્ષણ કીટમાંથી પરીક્ષણ કરતા નાર્કોટીકસના સક્રિય તત્વોની હાજરી હોવાનું જણાવેલ હતુ. ત્યારબાદ ઉપરોકત પાર્સલોને માર્ક ' એલ થી પી' સુધીના આપી વજનકાંટા દ્રારા વજન કરવામાં આવેલ હતુ, જેનુ અંદાજીત વજન દરેક પાર્સલોનું ૨ કીલો આસપાસ રહેલ હતુ. જે દરેક પાર્સલોમાંથી એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ ૧૦૦–૧૦૦ ગ્રામનો જથ્થો એફ.એસ.એલ. તથા તેના રીઝર્વ સેમ્પલ તરીકે કબજે કરવામાં આવેલ હતુ. જેમને પ્લાસ્ટીકના પારદર્શક બોકસમાં રાખી દોરી તથા લાખથી સીલ કરી પંચોની સહીવાળી કાપલી મુકી તપાસના કામે કબજે લેવામાં આવેલા, જેમને માર્ક – એલ/૧ એલ/૨ થી પી/૧ પી/૨ સુધીના માર્ક આપવામાં આવેલ હતા. ત્યારબાદ બાકી રહેલા પાર્સલો જેમને માર્ક – એલ થી પી સુધી આપી બાકી રહેલા જથ્થાને એક પ્લાસ્ટીકની પારદર્શક

થેલીમાં મુકી થેલીને એક કાપડની બેગીમાં મુકી માર્ક– 'એલ થી લઈ માર્ક પી' આપી પંચોની સહીવાળી કાપલી મુકી, ચોડી, પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ નં. ૪ નું નામ પુછતા શીબા પ્રફુલ શાહુ પંચો રૂબરૂ નામ જણાવેલ હતુ, જેમની પાસે તેઓની પાસે રહેલી કાળા કલરનો ફાસ્ટટ્રેક કંપનીનો થેલો ચેક કરતા ચેઈન ખોલી જોતા તેમાં ખાખી કલરની પારદર્શક સેલોટેપના અલગ અલગ ૪ પાર્સલો જોવા મળેલ હતા. જેને ખોલતા બહારના રાજયની ભાષાવાળુ છાપુ જેના ફરતે લીલા કલરની દોરીથી વીટાળેલુ હતુ, જેને ખોલતા વનસ્પતી જનય પદાર્થ સુકો, પાંદડાવાળો જોવામાં આવતા, બાદ બાકી રહેલા પાર્સલોને વારાફરતી ખોલવામાં આવેલ હતા. જે પાર્સલો પૈકી એફ.એસ.એલ. અધિકારીશ્રીએ એક પાર્સલમાંથી તેમની પાસે રહેલી નાર્કોટીકસ પરીક્ષણ કીટમાંથી પરીક્ષણ કરતા નાર્કોટીકસના સક્રિય તત્વોની હાજરી હોવાનું જણાવેલ હતુ, ત્યારબાદ ઉપરોકત પાર્સલોને માર્ક ' કયુ થી ટી ' સુધીના આપી વજનકાંટા દ્રારા વજન કરવામાં આવેલ હતુ, જેનુ અંદાજીત વજન દરેક પાર્સલોનું ૨ કીલો આસપાસ રહેલ હતુ. જે દરેક પાર્સલોમાંથી એફ.એસ.એલ. અધિકારીશ્રીની સુચના મુજબ ૧૦૦–૧૦૦ ગ્રામનો જથ્થો એફ.એસ.એલ. તથા તેના રીઝર્વ સેમ્પલ તરીકે કબજે કરવામાં આવેલ હતુ. જેમને પ્લાસ્ટીકના પારદર્શક બોકસમાં રાખી દોરી તથા લાખથી સીલ કરી પંચોની સહીવાળી કાપલી મુકી તપાસના કામે કબજે લેવામાં આવેલા, જેમને માર્ક – કયુ/૧ કયુ/૨ થી ટી/૧ ટી/૨ સુધીના માર્ક આપવામાં આવેલ હતા. ત્યારબાદ બાકી રહેલા પાર્સલો જેમને માર્ક – કયુ થી ટી સુધી આપી બાકી રહેલા જથ્થાને એક પ્લાસ્ટીકની પારદર્શક થેલીમાં મુકી થેલીને એક કાપડની બેગીમાં મુકી માર્ક –'કયુ થી ટી' આપી પંચોની સહીવાળી કાપલી મુકી, ચોડી, પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ.આ સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ઉપરોકત કાર્યવાહી દરમ્યાન જે પાર્સલોમાંથી નાર્કોટીકસ પદાર્થ મળી આવેલ હતો, જે માર્ક – 'એ' થી 'એફ', 'જી થી કે', 'એલ થી પી' તથા 'કયુ થી ટી' સુધીનાને ખાખી કલરની સેલોટેપ, લીલા કલરની દોરી, બહારના રાજયની ભાષાવાળુ ન્યુઝપેપર જેમાં

પદાર્થને વીટાળવામાં આવેલ હતો તે, જેમને એક કાપડની બેગીમાં મુકી, પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. ત્યારબાદ બાકી રહેલા થેલા નંગ–૪ જેમને પંચનામાની વિગતે પંચોની સહીવાળી કાપલી તેમના પર ચોડી કબજે કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત નાર્કોટીકસના પદાર્થ બાબતે આરોપી પાસે કોઈ પાસ પરવાનગી હોવાનું પંચો રૂબરૂ પુછેલ હતુ, જે તેમણે નહી હોવાનું જણાવેલ હતુ. ત્યારબાદ ચારેય ઈસમોની ઝડતી તપાસ કરતા, જેમાં પ્રથમ સત્યવાન ઉર્ફે બાદલની ઝડતી તપાસ કરતા તેના શર્ટના ખીસ્સામાંથી વીવો કંપનીનો મોબાઈલ હતો તથા આધાર કાર્ડ, લાયસન્સ વિગેરે મળી આવેલ હતુ, તેમજ પેન્ટના ખીસ્સામાંથી પટેલ ટ્રાવેલ્સની ટીકીટ મળી આવેલ હતી તથા રોકડ રકમ પણ મળી આવેલ હતી, જે પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ સન્યાસી તોરણી સ્વાઈનની ઝડતી તપાસ કરતા તેના શર્ટના ખીસ્સામાંથી વીવો કંપનીનો મોબાઈલ હતો તથા આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, વિગેરે મળી આવેલ હતુ, તેમજ પેન્ટના ખીસ્સામાંથી ટ્રાવેલ્સની ટીકીટ મળી આવેલ હતી, જે પંચનામાની વિગતે કબજે કરેલી. ત્યારબાદ બલરામ શંકર પ્રધાનની ઝડતી તપાસ દરમયાન તેના શર્ટના ખીસ્સામાંથી લાવા કંપનીનો મોબાઈલ હતો, જે પં ચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ શીબા પ્રફુલ શાહુ પાસેથી સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ તથા રોકડ રકમ મળેલી હતી, જે પંચનામાની વિગતે કબજે કરેલ. ત્યારબાદ ઉપરોકત મળી આવેલ જથ્થા બાબતે પંચો રૂબરૂ પુછતા સત્યવાન બાદલે જણાવેલ કે, સુરતના રહેવાસી સુભાષ નામની વ્યકિતએ રૂા. ૧૦,૦૦૦/– આપવાનુ કહી, જેમને સુરત થી જુનાગઢ મુકામે આ જથ્થો પહોંચાડવાનું કહેલ હતુ અને પંચો રૂબરૂ જે વ્યકિતને આ જથ્થો આપવાનો હતો, તેમનુ નામ અને એમનો ફોન નંબર પંચનામામાં લખાવેલ હતા, તથા જણાવેલ હતુ કે, આ નંબરવાળા વ્યકિતનો સુરત થી રવાના થયા ત્યારથી રસ્તામાં કયાં પહોચેલ છે, કયારે પહોંચવાના છે વિગેરે બાબતે ફોન આવેલા હતા. ત્યારબાદ મળી આવેલ પદાર્થનો વજનકાંટા વાળા નેમીષભાઈ પારેખ દ્રારા જે વજન કરવામાં આવેલ હતુ, તેનું સર્ટીફીકેટ આપવામાં આવેલ હતુ. જેમાં પંચોની તથા

ગોહેલ સાહેબની તથા આરોપીની સહીઓ લેવામાં આવેલ હતી. ત્યારબાદ મળી આવેલ પદાર્થનો તથા કબજે કરેલ તમામ ચીજવસ્તુઓનો સીઝર મેમો તૈયાર કરી, જેની એક પ્રત આરોપીને આપવામાં આવેલ હતી, તે સ્થળપ્રતમાં પંચોની તથા આરોપીની સહીઓ લેવામાં આવેલ હતી. ત્યારબાદ આ ચારેય આરોપીની પંચનામાની વિગતે ધોરણસર અટક કરેલ અને પંચનામુ કલાક ૧૯.૩૦ વાગયે પુર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ મળી આવેલ નાર્કોટીકસ પદાર્થના જથ્થાની ગેરકાયદેસર કબજામાં રાખવા તથા હેરાફેરી કરવા બાબતે તેઓએ સરકાર તર્ફે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં જઈને ફરીયાદ આપવામાં આવેલી, જે તેઓએ ડીવાય.એસપી. શ્રી એસ.એમ. ગોહેલનાઓ રૂબરૂ આપેલ હતી. જે ફરીયાદ બતાવતા જે ફરીયાદ તેઓએ લખાવેલી તે જ છે, જેમાં તેની સહી ઓળખી બતાવી અસલ ફરીયાદ આંક–૧૩૬ થી રજુ કરેલ છે. આ સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓ પંચનામાની કાર્યવાહી દરમ્યાન હાજર હતા. તેમને કોર્ટમા રાખેલ મુદ્દામાલ પૈકી આર્ટીકલ નં. ૬૧ અને ૬૨ તરીકે એક શીલબંધ કાપડની બેગી છે જે ખોલી બતાવતા જણાવે છે કે જે પંચનામાની કાર્યવાહી દરમ્યાન કબજે લેવામા આવેલ બહારના રાજયના ન્યુઝપેપર, લીલા કલરની દોરી, ખાખી કલરની પારદર્શક સેલોટેપ તે છે. જે ઓળખી બતાવે છે, તેમને મુદ્દામાલ આર્ટીકલ એ–૧ થી ટી–૧ તથા એ–ર થી ટી–ર બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે જે રીઝર્વ સેમ્પલ તથા એફ. એસ.એલ. પરીક્ષણ અર્થે કબજે લીધેલ તે જ છે જે ઓળખી બતાવે છે. તેમજ અન્ય મુદ્દામાલ બતાવવામાં આવે છે જે પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ છે તે જ છે. તેમને આંક–૪૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જે પંચનામાની કાર્યવાહી થયેલ તે વખતે તેઓ સાથે હતા તે જ છે જેમા ના.પો.અધિ.શ્રી એસ.એમ.ગોહીલની તથા પંચોની સહી છે જ તેઓ ઓળખી બતાવે છે અને આરોપી કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, એન.ડી.પી.એસ.ની કલમ–૪ર મુજબ સર્ચ સુર્યોદયથી સુર્યાસ્ત વચ્ચે થવુ જોઈએ, ગુન્હો બન્યાની તારીખ :

૨૨/૮/૨૦૧૯ કલાક–૧૯ : ૩૫ નો છે, ૧૯ : ૩૫ એટલે સાંજે ૭ : ૩૦ નો સમય થાય. આરોપીઓ કયા વાહનમાં બનાવ વાળી જગ્યાએ આવેલા તેની માહિતી નથી. વધુમાં તેમને યાદ નથી કે આરોપીઓ પાવન ટ્રાવેલ્સમાં આવેલા. વધુમાં સ્વીકારે છે કે, ગુપ્ત જાવક ૧૨/૧૯ નો સમય એફ.આઈ.આર.માં જણાવેલ નથી, કેટલા વાગ્યે ટેલીફોનીક જાણ થયેલી તે સમય લખેલ નથી, પંચોને બોલાવવા માટે કેટલા વાગ્યે રાજેશ અનંતરાયને મોકલેલા તેનો સમય લખેલ નથી,ફરીયાદમાં એન.ડી. પી.એસ. એકટની કલમ–૪૨(૧) નો ઠરાવ વિશે સમય લખેલ નથી, સ્થળ ઉપર આશરે ૧૧ : ૩૦ – ૧૨ : ૦૦ વાગ્યે તેઓ પહોચેલા, એફ.એસ.એલ. વાળાને કેટલા વાગ્યે બોલાવવા માટે મોકલેલ તે સમય લખેલ નથી, સ્થળ પરિક્ષણ અહેવાલ જે જુનાગઢ એફ.એસ.એલ.નો છે તેમા સ્થળ મુલાકાતનો સમય તા. ૨૨/૮/૨૦૧૯ ના કલાક – ૧૧ : ૫૧ એ.એમ. બતાવેલ છે. વધુમાં જણાવે છે કે, આરોપીઓ પાસેથી જે બેગ મળેલી તે અલગ અલગ કંપનીની હતી જેમા એરોબેગ, ફાસ્ટટ્રેક વિગેરે અલગ અલગ કંપનીની બેગો હતી, જે બેગો મોટી હતી અને થેલાઓ જેવી હતી. આ બેગો લોક વગરની હતી. વધુમાં સ્વીકારે છે કે, આ બેગો લોક વગરની હતી તે અંગેનો ઉલ્લેખ એફ.આઈ.આર.માં કરેલ નથી. તેઓ જયારે પહોચેલા ત્યારે આજુબાજુ ઘણી દુકાનો ખુલ્લી હતી, જે બે વાહનો તેના ગયેલા તેમા પોલીસ સ્ટેશનમાં એન્ટ્રી કરાવેલ નથી. સૌથી પહેલા ચાર વ્યકિતઓ જેને કોર્ડન કરેલા તેની પુછપરછ પ્રોબેશનલ નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.એમ.ગોહીલ નાઓએ કરેલી. વધુમાં સ્વીકારે છે કે, ડીવાય.એસ.પી. એ પુછપરછ કરેલી તેનો ઉલ્લેખ ફરીયાદમા નથી. તેનો ઉલ્લેખ ફરીયાદમાં છેલ્લા પેજ ઉપર છે. વધુમાં ચાર વ્યકિતઓ જે બેસેલ હતા તે હિન્દી જેવી ભાષા બોલતા હતા તેવુ જણાવી સ્વીકારે છે કે, એફ.આઈ.આર. મુજબ આ ચારેય વ્યકિતઓ ઓરીસ્સાના નિવાસી હતા. વધુમાં એ વાત તેઓ કહી શકે નહી કે તેઓ ઉડીયા ભાષા બોલતા હતા. વધુમાં આરોપીઓની સહી ઠરાવમાં લેવામાં આવેલી. વધુમાં બચાવપક્ષે એન.ડી.પી.એસ. કલમ–૫૦ વાળા ઠરાવમા ચાર આરોપીઓની સહી લેવામા આવેલ

છે તે સહી કઈ ભાષામાં છે તે જણાવો અને શુ નામ લખેલુ છે તે જણાવો તેવા પુછેલ પ્રશ્નના જવાબમાં  સહીઓ કરેલી છે તે કઈ ભાષામાં છે તે હુ ચોકકસ કહી શકુ નહી અને તેમા શુ નામ લખેલ છે તે હુ વાંચી શકુ નહી તેવો જવાબ આપે છે. વધુમાં જણાવે છે કે,  આંક–૪૨ વાળા ઠરાવમાં સહીઓ હિન્દી ભાષામાં છે કે કેમ તે  ચોકકસ કહી શકુ નહી. વધુમાં સ્વીકારે છે કે,  આંક–૪૨ વાળા ઠરાવમા સમય લખેલ નથી.  વધુમાં  સામાન્ય બોલાચાલની હિન્દી ભાષા આરોપીઓ સમજી શકતા હતા તેવુ જણાવે છે. વધુમા સ્વીકારે છે કે,   ગુજરાતી ભાષામાંથી આરોપીઓ સમજી શકતા હતા તે ભાષા બાબતે કોઈ ટ્રાન્સલેટર રાખવામાં આવેલ ન હતો, બી.એસ.એન.એલ., નેશનલાઈઝડ બેંક તથા અન્ય કેન્દ્ર સરકારની કચેરીઓમાં નોકરી કરવા માટે દેશ માંથી વ્યકિતઓ આવતા હોય છે, તેની કચેરીએ કેન્દ્ર સરકારમાં નોકરી કરતા અને ગુજરાતી તથા આરોપીઓ જાણતા હોય તેવી ભાષાના જાણકાર કોઈ વ્યકિતને રાખેલા નહી.  વધુમાં કલમ–૫૦ ની સમજ આરોપીઓને ગુજરાતી ભાષામાં આપેલાનો ઈન્કાર કરી સ્વીકારે છે કે,  આરોપીઓ જે ભાષા જાણે છે તે બાબતનો કોઈ શેરો કોઈ જગ્યાએ કરવામાં આવેલો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હિન્દી ભાષામાં સમજ કરેલી હતી જેમનો શેરો છે.  વધુમાં સ્વીકારે છે કે, આરોપીઓ ઉડીયા ભાષા જાણતા હતા અને ઓરીસ્સાના રહેવાસી હતા તે હકીકત જાહેર થઈ ગયેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીઓ હિન્દી ભાષા પણ સમજી શકતા હતા. વધુમં ા સ્વીકારે છે કે, કલમ–૫૦ તથા અન્ય કાર્યવાહી ગુજરાતી માં થયેલ છે, ગુજરાતીમાંથી હિન્દીમાં ટ્રાન્સલેટ કરવા માટે કોઈ એક્ષ્પર્ટ વ્યકિતને રાખવામાં આવેલ નહી.  વધુમાં જણાવે છે કે, જયા સુધી તેઓ તપાસની કાર્યવાહીમાં હતા ત્યા સુધી મુન્ના નામની વ્યકિતનો ઉલ્લેખ થયેલો પરંતુ રાકેશ નામના વ્યકિતનો ઉલ્લેખ થયેલો કે કેમ તે હાલ યાદ નથી તેમજ તેમને યાદ નથી કે એસ.ઓ.જી. પોલીસે બનાવ વાળા દીવસે સાંજે ૭ : ૩૦ વાગ્યે પાવન ટ્રાવેલ્સના ડ્રાઈવર અને કન્ડકટરને સાથે લઈ જવામા આવેલા અને તેમાથી એક વ્યકિત એટલે કે ડ્રાઈવરને જવા દીધેલો. વધુમાં સ્વીકારેલ છે કે,  જે જગ્યાએ આ ચાર આરોપીઓ

બેસેલ હતા તેની આજુબાજુ રાજન ટ્રાવેલ્સની ઓફીસ હતી. જે ઓફીસ ખુલ્લી હતી કે બંધ હતી તે હાલ યાદ નથી. આ ચાર વ્યકિતઓ પૈકી બે વ્યકિતઓ પાસેથી બસની ટીકીટ નિકળેલી. તેઓએ ટીકીટ જોયેલી. જે બે આરોપીઓ સુરતથી આવતા હતા. વધુમાં સ્વીકારે છે કે, ગાંડુભાઈ છગનભાઈ પીપળીયા નામના વ્યકિત ત્યા હાજર હતા અને તેની ટ્રાવેલ્સની બોડીની કેબીન હતી. આ વ્યકિતની કાર્યવાહીની સંદર્ભે ડીવાય.એસ.પી. સાહેબે પુછપરછ કરેલી. વધુમાં તેમને યાદ નથી કે નાસીરભાઈ ઓસમાણભાઈ સીડા નામની વ્યકિત કાર્યવાહી વખતે હાજર હતા કે કેમ. વધુમાં તેમના ઘ્યાનમા નથી કે આ ચારેય વ્યકિત એટલે કે આરોપીઓ ૮ : ૩૦ વાગ્યે જુનાગઢ મુકામે સાબલપુર ચોકડી પાસે આવી ગયેલા. વધુમાં જણાવે છે કે, એફ.એસ.એલ.વાળા પં ચનામુ પુરુ થયેલુ ત્યા સુધી રોકાયેલા. વધુમાં સ્વીકારે છે કે, એફ.આઈ.આર.માં લખેલ છે કે કલાક–૦૧ : ૨૦ વાગ્યે પાર્સલ જોયેલ છે. હવે જણાવે છે કે જે વિગત ઉપરોકત છે તે એફ. એસ.એલ. અધિકારી તથા વજનકાંટા વાળા ભાઈ આવી ગયા પછીની વિગત છે. તેમા સમય જે જણાવેલ છે તે ૦૧ : ૨૦ વાગ્યે તે સાચી હકીકત છે. વધુમાં સ્વીકારે છે કે, જે વાહનો લઈને તેઓ નિકળેલા તેની લોગ બુકમાં એન્ટ્રી થયેલી, સાબલપુર ચોકડી ખુલ્લી અને જાહેર જગ્યા છે. વધુમાં તેમને યાદ નથી કે થેલામાંથી ન્યુઝપેપર નિકળેલુ. વધુમાં એ વાત તેમને યાદ નથી છે કે ન્યુઝ પેપર નિકળેલુ તેનો ફરીયાદમાં ઉલ્લેખ કરેલ નથી. વધુમાં એ વાત તેમને યાદ નથી કે આરોપીઓના સગાવહાલાને તેમના અટક અંગે જાણ કરેલી તેનો ઉલ્લેખ ફરીયાદમાં કરવામાં આવેલ છે કે કેમ. વધુમાં સ્વીકારે છે કે, ગોહીલ સાહેબે તેની હાજરીમાં એકઝી.મેજીસ્ટ્રેટ સાહેબને ટેલીફોન ઘ્વારા કે યાદી ઘ્વારા બોલાવેલ હોય તેવુ બનેલ નથી, લોકલ એફ.એસ.એલ.ને લેખીતમાં જાણ કરવામાં આવેલ હોય તેનો ઉલ્લેખ નથી, એફ.એસ.એલ. વાળા સ્થળ ઉપર પોતાનુ વાહન લઈને આવેલા, એફ.એસ.એલ. ની કાર્યવાહી ૧૧ : ૫૧ થી ૭ : ૩૦ વાગ્યા સુધી ચાલેલી. વધુમાં એ ચોકકસ યાદ નથી કે સુર્યાસ્ત થઈ ગયેલ હતો કે કેમ.

(૧૦.૬) ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈ પોતાની આંક–૧૬૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૨/૮/૨૦૧૯ ના રોજ તેઓ તથા તેની બ્રાન્ચના ઈ./ચા. પી.આઈ. શ્રી જે.એમ. વાળા પોલીસ સબ ઈન્સ્પે. તથા પોલીસ હેડ કોન્સ. સામતભાઈ બારીયા, પો.કોન્સ. મહેન્દ્રભાઈ ડેર, અનિરુધ્ધસિંહ ભાઈ તથા રાજેશભાઈ ઉપાધ્યાય, મજીદખાન હુશેનખાન પઠાણ, રવિભાઈ પ્રતાપભાઈ, એસ.ઓ.જી. ની ઓફીસે હાજર હતા દરમ્યાન વાળા સાહેબને બાતમી રાહે હકીકત મળેલ કે સાબલપુર ચોકડી સામેના ભાગે ચાર વ્યકિતઓ પોતા પાસે થેલાઓ ભેગા રાખી હિન્દી ભાષામાં ગાંજા બાબતે વાતચીત કરતા હોય અને જુનાગઢના વ્યકિત કોઈ લેવા આવવાના હોય તેવી હકીકત મળતા સમજ કરી મહેન્દ્રભાઈ ડેરને યાદી તૈયાર કરી પોલીસ અધિક્ષક સાહેબને આપવા માટે મોકલેલ અને વાળા સાહેબે ટેલીફોનીક ચર્ચા કરી તેની શાખામા ગેઝેટેડ અમલદાર ન હોય જે બાબતે ટેલીફોનીક ચર્ચા કરેલ. ત્યારબાદ થોડીવારમા પ્રો. નાયબ પોલીસ અધિક્ષક, એસ.એમ.ગોહીલ સાહેબ આવેલ અને રાજુભાઈ ઉપાધ્યાયને બે પંચો લેવા મોકલેલ. દરમ્યાન મહેન્દ્રભાઈ આવી ગયેલ અને રાજેશભાઈ બે પંચોને લઈને આવી ગયેલ જેમા એક શાકીર મહંમદ (૨) બાલકૃષ્ણરવિશંકર આવી જતા તેઓને પંચોને તથા તમામ સ્ટાફને ઉપરોકત હકીકતની સમજ કરી પંચોએ સ્વખુશી બતાવતા, પોલીસ સ્ટાફ અને પંચોની અરસ પરસ અંગઝડતી તપાસ કરી કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલ નહી અને તેઓને જરુરી ઈન્વેસ્ટીગેશન કીટ તૈયાર કરવાનુ કહેતા તેઓએ લાખ, દોરા,શીલ, બેગીનુ કાપડ લઈ તેનુ પંચો રૂબરૂ તપાસ કરાવતા કોઈ વાંધાજનક વસ્તુ મળી આવેલી નહી જેથી એસ.ઓ.જી.ની ઓફીસેથી ઉતરી કન્ટ્રોલ રૂમે એન્ટ્રી કરાવી, એસ.પી. ઓફીસ બહાર બે સરકારી વાહનો ઉભેલ જેમા (૧) ટાટા સુમો અને બીજી બોલેરો હતી. જેમા ટાટા સુમોના ડ્રાઈવરનુ નામ ગોપાલ હોય જે ટાટા સુમો અને પોતાની ઝડતી તપાસ પંચો રૂબરૂ કરતા કાંઈ વાંધા જનક મળી આવેલ નહી. તેમજ બોલેરોના ડ્રાઈવરનુ નામ પુછતા બાબુભાઈ નાથાભાઈ

હતુ જેની અને બોલેરોની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા કોઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહી. જે બાબતનુ પ્રાથમીક પંચનામુ ૧૦ : ૨૦ થી ૧૧ : ૧૦ નુ કરવામા આવેલ. તેઓ તથા પ્રો. ડી.વાય.એસ.પી. એસ.એમ. ગોહીલ સાહેબ તથા રવિભાઈ તથા ડ્રાઈવર ગોપાલભાઈ અને બે પંચો ટાટા સુમોમા બેસી ગયેલ અને વાળા સાહેબ, સામતભાઈ, અનિરુધ્ધભાઈ, રાજેશભાઈ, મહેન્દ્રભાઈ બોલેરો ગાડીમા બાબુભાઈ ડ્રાઈવર સાથે બેસી ગયેલ. ત્યાથી રવાના થઈ સરદારબાગ બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, મજેવડી દરવાજા, દોલતપરા બસ સ્ટેન્ડ થઈ સાબલપુર ચોકડી જુનાગઢ તરફ આવતા પુલ પાસે બંને વાહનો રોકી તમામ પોલીસ સ્ટાફ તથા પંચો સાથે નીચે ઉતરી પેદર ચાલી આજુબાજુમા તપાસ કરતા રાજન ટ્રાવેલ્સ નામની કેબીન પાસે ચાર ઈસમો પોતાના પાસે થેલાઓ ભેગા રાખી બેઠેલા જોવામા આવેલ. જે બાબતે ખરાઈ કરતા બાતમી વાળા ઈસમો જણાતા તેઓને જેમના તેમ પકડી પાડેલ. જેમા પંચો રૂબરૂ નામઠામ પુછતા એક નુ નામ સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ રહે. બાદલગઢ, (૨) સન્યાસી તારેણી (૩) બલરામ શંકર (૪) સીબા પ્રફુલ રહે. ત્રણેય સદરહુ સરનામા વાળા હોવાનુ હિન્દીમાં જણાવેલ. તેઓને પોતાના પાસે ગાંજો હોવાની બાતમી હોય તેમજ તમામ પોલીસ સ્ટાફની તથા પંચોની ઓળખાણો ડીવાય. એસ.પી. શ્રી ગોહીલ તથા પી.આઈ. સાહેબ વાળાનાઓએ આપેલી. તેઓ પાસે ગાંજો હોવાની બાતમી હોય જેથી એન.ડી.પી. એસ. ની કલમ–૪૨(૧) મુજબ અંગઝડતી તપાસ કરવાની હોય જેથી તેઓની ઠરાવમાં પંચોની તથા ગોહીલ સાહેબની સહી લઈ સમજ કરેલ અને ડી.વાય.એસ.પી. ગોહીલ સાહેબે પોતે ગેઝેટેડ અમલદાર છે તેમ છતા બીજા કોઈ પાસે તમારે ગેઝેટેડ અમલદાર કે મેજીસ્ટ્રેટ પાસે તપાસ કરાવવી હોય તો તમને કાયદેસર હકક છે તેવુ હિન્દી ભાષામાં જણાવતા તેઓએ ડી.વાય.એસ.પી. સાહેબને હિન્દી ભાષામાં જવાબ આપેલ કે આપ તપાસ કરો તો તેમોને હરકત સરખુ નથી અને તે બાબતે સંતોષ વ્યકત કરેલ. જેથી ડી.વાય.એસ.પી. સાહેબે એન.ડી.પી.એસ. એકટ ની કલમ–૫૦ મુજબનો ઠરાવ કરી પંચો તથા આરોપી અને ડીવાય.એસ.પી. સાહેબે સહી કરી એક નકલ તેઓને આપી સદરહુ

વ્યકિતઓ પાસે ગાંજો હોવાનુ જણાતા એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર પધારવા વાળા સાહેબે ટેલીફોનીક જાણ કરતા તેમજ સાથેના પો.કોન્સ. મહેન્દ્રભાઈ ડેરને વજનકાંટા વાળા ને બોલાવવા માટે ચાદી આપી રવાના કરેલ. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી શ્રી નારીયા સાહેબ તેઓની કીટ સાથે આવતા તેઓની તથા કીટની પંચો રૂબરૂ જાતઝડતી તપાસ કરતા કોઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહી. થોડીવારમા પોલીસ કોન્સ. મહેન્દ્રભાઈ એક વજનકાટા વાળા વ્યકિતને લઈને આવેલ તેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતાનુ નામ નિમેશભાઈ સોની રહે. રાયજીબાગ વાળા હોવાનુ જણાવેલ. ત્યા આવેલ પો. કોન્સ. મહેન્દ્રભાઈ તથા વજનકાંટા વાળાની પંચો રૂબરૂ જાતઝડતી તપાસ કરતા કોઈ વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહી. જેથી ત્યા માણસોનુ ટ્રાફીક હોય જેની બાજુમા કૈલાસ મોટર ગેરેજ વાળા ગાંડુભાઈની દુકાનમાં વજનકાંટા માટે તેમજ શીલ કરવા માટે દુકાનમાં ઈલેકટ્રીકની વ્યવસ્થા કરેલ હોય પોલીસ સ્ટાફ અને પંચો સાથે આરોપીઓને પકડાયેલા થેલા સાથે ત્યા જઈ નં. (૧) સત્યવાન પાસે રહેલ થેલામાથી ચેન વડે ખોલી જોતા કુલ– ૬ પેકેટો મળી આવેલ જેની ઉપર શેલોટેપ તેમજ બહારના રાજયના અક્ષર વાળા પેપરો વીંટેલ હોય જે ખોલી જોતા એફ.એસ.એલ. અધિકારીએ સદરહુ પેકેટની અંદર ગાંજો જેમા બીજ, ડાખળા, પાંદડા, ફુલ ભેજયુકત હોય જે તમામ પેકેટો એક સરખા હોય જે તમામ પેકેટો માથી તેઓનુ વજન કરી જે તમામ પેકેટોમા એકસરખો ગાંજો હોય જેથી એક પેકેટમાથી એફ. એસ. એલ. અધિકારીએ નમુના લઈ પૃથ્થકરણ કરેલ અને તેમા ગાંજાના ઘટકો મળી આવેલ. જે છએ પેકેટનો અલગ અલગ વજન કરી દરેક માંથી ૧૦૦–૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ. જેમા એ–૧ થી એફ–૧ અને એ–ર થી એફ–ર એફ.એસ.એલ. માટે તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ અને બાકીના મુદ્દામાલને ' એ ' થી ' એફ ' આપેલ. સદર સેમ્પલો લઈ પંચોની તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબની સહી લઈ કાપલીઓ ચોડી લાખ દોરા વડે શીલ કરવામાં આવેલ. બાકીનો વધેલ મુદ્દામાલને વજનકાંટો કરી તેની ઉપર નાયબ પોલીસ અધિક્ષક તથા પંચોની સહી

વાળી કાપલીઓ મુકી એસ.ઓ.જી. જુનાગઢનુ શીલ કરી કબજે કરવામા આવેલ. બાદ નં. ૨ નુ નામ પુછતા સન્યાસી તારેણી પાસે રહેલ થેલામાથી ચેન વડે ખોલી જોતા કુલ–૫ પેકેટો મળી આવેલ જેની ઉપર શેલોટેપ તેમજ બહારના રાજયના અક્ષર વાળા પેપરો વીંટેલ હોય જે ખોલી જોતા એફ.એસ.એલ. અધિકારીએ સદરહુ પેકેટની અંદર ગાંજો જેમા બીજ, ડાખળા, પાંદડા, ફુલ ભેજયુકત હોય જે તમામ પેકેટો એક સરખા હોય જે તમામ પેકેટો માથી તેઓનુ વજન કરી જે તમામ પેકેટોમા એકસરખો ગાંજો હોય જેથી એક પેકેટમાથી એફ. એસ. એલ. અધિકારીએ નમુના લઈ પૃથ્થકરણ કરેલ અને તેમા ગાંજાના ઘટકો મળી આવેલ. જે પાંચ પેકેટનો અલગ અલગ વજન કરી દરેક માંથી ૧૦૦ –૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ. જેમા જી–૧ થી કે–૧ અને જી–૨ થી કે–૨ એફ.એસ.એલ. માટે તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ અને બાકીના મુદ્દામાલને ' જી ' થી ' કે ' આપેલ. સદર સેમ્પલો લઈ પંચોની તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબની સહી લઈ કાપલીઓ ચોડી લાખ દોરા વડે એસ.ઓ.જી. જુનાગઢનુ શીલ કરી કરવામાં આવેલ. બાકીનો વધેલ મુદ્દામાલને વજનકાંટો કરી તેની ઉપર નાયબ પોલીસ અધિક્ષક તથા પંચોની સહી વાળી કાપલીઓ મુકી એસ.ઓ.જી. જુનાગઢનુ શીલ કરી કબજે કરવામા આવેલ. બાદ નં. ૩ નુ નામ પુછતા બલરામ શંકર પાસે રહેલ થેલામાથી ચેન વડે ખોલી જોતા કુલ–૫ પેકેટો મળી આવેલ જેની ઉપર શેલોટેપ તેમજ બહારના રાજયના અક્ષર વાળા પેપરો વીંટેલ હોય જે ખોલી જોતા એફ.એસ.એલ. અધિકારીએ સદરહુ પેકેટની અંદર ગાંજો જેમા બીજ, ડાખળા, પાંદડા, ફુલ ભેજયુકત હોય જે તમામ પેકેટો એક સરખા હોય જે તમામ પેકેટો માથી તેઓનુ વજન કરી જે તમામ પેકેટોમા એકસરખો ગાંજો હોય જેથી એક પેકેટમાથી એફ. એસ. એલ. અધિકારીએ નમુના લઈ પૃથ્થકરણ કરેલ અને તેમા ગાંજાના ઘટકો મળી આવેલ. જે પાંચ પેકેટનો અલગ અલગ વજન કરી દરેક માંથી ૧૦૦ –૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ. જેમા એલ–૧ થી પી–૧ અને એલ–૨ થી પી–૨ એફ.એસ. એલ. માટે તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ

અને બાકીના મુદ્દામાલને ' એલ ' થી ' પી ' આપેલ. સદર સેમ્પલો લઈ પંચોની તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબની સહી લઈ કાપલીઓ ચોડી લાખ દોરા વડે એસ.ઓ.જી. જુનાગઢ નુ શીલ કરી કરવામાં આવેલ. બાકીનો વધેલ મુદ્દામાલને વજનકાંટો કરી તેની ઉપર નાયબ પોલીસ અધિક્ષક તથા પંચોની સહી વાળી કાપલીઓ મુકી એસ.ઓ.જી. જુનાગઢનુ શીલ કરી કબજે કરવામા આવેલ. બાદ નં. ૪ નુ નામ પુછતા શીબા પ્રફુલ શાહ પાસે રહેલ થેલામાથી ચેન વડે ખોલી જોતા કુલ–૪ પેકેટો મળી આવેલ જેની ઉપર શેલોટેપ તેમજ બહારના રાજયના અક્ષર વાળા પેપરો વીંટેલ હોય જે ખોલી જોતા એફ.એસ.એલ. અધિકારીએ સદરહુ પેકેટની અંદર ગાંજો જેમા બીજ, ડાખળા, પાંદડા, ફુલ ભેજયુકત હોય જે તમામ પેકેટો એક સરખા હોય જે તમામ પેકેટો માથી તેઓનુ વજન કરી જે તમામ પેકેટોમા એકસરખો ગાંજો હોય જેથી એક પેકેટમાથી એફ. એસ. એલ. અધિકારીએ નમુના લઈ પૃથ્થકરણ કરેલ અને તેમા ગાંજાના ઘટકો મળી આવેલ. જે પાંચ પેકેટનો અલગ અલગ વજન કરી દરેક માંથી ૧૦૦ –૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ. જેમા કયુ–૧ થી ટી–૧ અને કયુ–ર થી ટી–ર એફ.એસ. એલ. માટે તેમજ કન્ટ્રોલ રીઝર્વ માટે સેમ્પલો લીધેલ અને બાકીના મુદ્દામાલને ' કયુ ' થી ' ટી ' આપેલ. સદર સેમ્પલો લઈ પંચોની તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબની સહી લઈ કાપલીઓ ચોડી લાખ દોરા વડે એસ.ઓ.જી. જુનાગઢ નુ શીલ કરી કરવામાં આવેલ. બાકીનો વધેલ મુદ્દામાલને વજનકાંટો કરી તેની ઉપર નાયબ પોલીસ અધિક્ષક તથા પંચોની સહી વાળી કાપલીઓ મુકી એસ.ઓ.જી. જુનાગઢનુ શીલ કરી કબજે કરવામા આવેલ. આ સાહેદ વધુમાં જણાવે છે કે, ચારેય ઈસમોને સદરહુ ગાંજો રાખવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ. બાદ સદરહુ થેલાઓ તેમજ બહારના રાજયના કાગળો નાયબ પોલીસ અધિક્ષક તથા પંચોની સહી વાળી કાપલી ચોડી કબજે કરેલ. સદરહુ આરોપી સત્યવાન પાસેથી અંગઝડતી તપાસ કરતા મોબાઈલ ફોન તેમજ એ.ટી.એમ. કાર્ડ, રોકડ રૂપિયા અને ટ્રાવેલ્સની ટીકીટ, આધારકાર્ડ વિગેરે મળેલ અને સન્યાસી તારેણીની અંગઝડતી તપાસ કરતા મોબાઈલ ફોન, ચુંટણીકાર્ડ,

ડ્રાઈવીંગ લાયસન્સ, એ.ટી.એમ.કાર્ડ, દીપ ટ્રાવેલ્સ રાજકોટની ટીકીટ, સંતકૃપા ટ્રાવેલ્સ ધોરાજીની ટીકીટ, ન્યુ ધરતી ટ્રાવેલ્સ સુરતની ટીકીટ તથા રોકડ રૂપિયા મળી આવેલ જે પંચનામાની વિગતે કબજે લેવામા આવેલ. તેમજ આરોપી બલરામ શંકરની અંગઝડતી કરતા તેની પાસેથી એક મોબાઈલ ફોન તથા સીબા પ્રફુલ શાહની અંગઝડતી કરતા તેની પાસેથી એક મોબાઈલ ફોન, આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ તથા રોકડ રૂા.૪૦/- મળી આવેલ જે પંચનામાની વિગતે કબજે લેવામા આવેલ.સદરહુ ગાંજો કયાથી લાવેલ છે તે બાબતે પુછપરછ કરતા સુભાષ નામના વ્યકિતએ જુનાગઢ આપવાનો છે અને તે મુદ્દામાલ જે વ્યકિતને આપવાનો છે તેનુ નામ મુનો જણાવેલ અને બે મોબાઈલ નંબર આપેલા. અને તે સિવાય બીજા બે મોબાઈલ નંબરો આપેલા. તેઓને રસ્તે ફોન આવતા કે કયા પહોચેલા છો તેવુ જણાવેલ. અને તેઓ સાથે વાતચીત કરેલાનુ સત્યવાને જણાવેલ, ઉપરોકત ચારેય ઈસમો પાસેથીમળી આવેલ ગાંજાનો કુલ નેટ વજન ૩૯.૭૭૨ કીલો ગ્રામ હતો. જેની એક કીલો ગ્રામની કી. રૂા.૧૦,૦૦૦ /- લેખે ગણી કુલ કી. રૂા. ૩,૯૭,૭૨૦/- ગણવામા આવેલી તથા મોબાઈલ નંગ-૪ કી. રૂા. ૧૧,૦૦૦/- તથા રોકડ રૂા. ૨૯૨૦/- તથા અન્ય મળી આવેલ ચીજવસ્તુઓ મળી કુલ કી. રૂા.૪,૧૧,૬૪૦/- નો મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. બાદ વજનકાંટા વાળા નિમેશ જીતેન્દ્રભાઈ પારેખે ગાંજાનો વજન કરેલ જે અંગેનુ પ્રમાણપત્ર આપેલ. આરોપી પાસેથી ઉપરોકત મુદ્દામાલ કબજે કર્યા અંગેનો સીઝર મેમો બે પ્રતમા તૈયાર કરી તેમા ચારેય ઈસમોની સહી લઈ તેના ઉપર પ્રો.ના.પો. અધિક્ષકશ્રી ગોહીલ નાઓએ તથા પંચોએ સહી કરી સીઝર મેમાની અસલ પ્રત તેમને આપી સ્થળપ્રત કામમાં સામેલ રાખી પંચનામાની વિગતે ચારેય ને ધોરણસર અટક કરેલ. જે અંગેનુ પંચનામુ પુરુ કલાક-૧૯ : ૩૫ વાગ્યે કરવામાં આવેલ. આ કામે ફરીયાદ જે.એમ.વાળા નાઓએ એન.ડી.પી.એસ. એકટ કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબ ની આપેલ છે. ઉપરોકત સમગ્ર કાર્યવાહી દરમ્યાન તેઓ હાજર હતા અને રેઈડ દરમ્યાન શ્રી ગોહીલની સુચના મુજબ તેઓએ કામગીરી કરેલ. તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા તેનુ

તા. ૨૨/૮/૨૦૧૯ ના રોજ તેના લખાવ્યા મુજબનુ નિવેદન લેવામા આવેલ. તેમને આંક–૪૦ બતાવવામાં આવે છે જે પંચનામાની કાર્યવાહી તેમની હાજરીમાં થયેલ તે પંચનામુ છે જે ઓળખી બતાવે છે. તેમને કોર્ટમાં રાખેલ મુદ્દામાલ બતાવવામાં આવે છે જે પંચનામાની વિગતે કબજે લેવામા આવેલ છે તે જ છે જે ઓળખી બતાવે છે અને આરોપી કોર્ટમા હાજર હોય ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં એસ.ઓ.જી. ઓફીસમા આ કેસ અગાઉ એક વર્ષથી કામ કરતા હોવાનુ તથા તે દીવસે એસ.ઓ.જી. ઓફીસે સવારે નવ સાડા નવ વાગ્યે હાજર હોવાનુ જણાવેલ છે. વધુમાં સ્થળ ઉપર કેટલા વાગ્યે ચોકકસ ગયો તે કહી શકે નહી પરંતુ, સાહેદ જણાવે છે કે આશરે ૧૧ થી ૧૨ વચ્ચે ગયેલો. આશરે ૧૧ થી ૧૨ વચ્ચે ગયેલો તે હકીકત પોલીસ કરેલ નિવેદનમા લખાવેલ નથી. વધુમાં સ્વીકારે છે કે, આ કેસનો ગુનો તા. સાર. ૩૨/૮/૨૦૧૯ ના કલાક–૨૧ : ૩૫ વાગ્યે જાહેર થયેલો, ગુનો બન્યા તા.૨૨/૮/૨૦૧૯ કલાક–૧૯ :૩૫ વાગ્યાનો છે. એફ.એસ.એલ. વાળા તા. ૨૨/૮/૨૦૧૯ ના ૧૧ : ૫૧ વાગ્યે સવારે આવેલા તે અંગે જણાવે છે કે એફ.એસ.એલ. વાળા આવેલા પરંતુ ચોકકસ સમય હાલ યાદ નથી. એફ.એસ. એલ. વાળાને ટેલીફોનીક રીતે આશરે ૧૧ થી ૧૨ વાગ્યાની વચ્ચે જાણ કરેલી. તા. ૨૨/૮/૨૦૧૯ ના કલાક–૧૯ : ૩૫ વાગ્યાનો સમય સામાન્ય રીતે બોલતા સાંજે ૭ : ૩૫ નો ગણાય. વધુમાં સ્વીકારે છે કે, એન.ડી.પી.એસ. ની કલમ–૪૨(૧) કરવામાં આવેલ ઠરાવમાં આરોપીઓની સહી લેવામા આવેલ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે તે દીવસે બે ઠરાવ કરવામાં આવેલ તેમા સહી લેવામાં આવેલી. બીજો ઠરાવ આરોપીઓની પોતાની અંગઝડતી માટે કરવામાં આવેલી, પહેલા ઠરાવમાં આરોપીઓની સહી લેવામા આવેલ નથી અને તેમને નકલ આપવામાં આવેલ નથી, બીજા ઠરાવમા આરોપીએ હિન્દી કે ગુજરાતી ભાષામાં સહી કરેલી નથી, બીજા ઠરાવમાં આરોપીની કઈ ભાષામાં સહી છે તે કહી શકે નહી, ગુપ્ત જાવક કેટલા વાગ્યે મોકલવામા આવેલો તે તેના નિવેદનમાં નથી, તેવી જ રીતે પંચોને ચોકકસ કેટલા વાગ્યે બોલાવવા ગયા તે વિગત પણ નિવેદનમાં લખાવેલ નથી, એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ ના બંને ઠરાવમા આ ઠરાવ કયા સમયે થયેલો તેનો સમય લખેલ નથી, આરોપી પાસે થેલા હતા જે બેગ ટાઈપના હતા કઈ કંપનીના થેલા હતા તે હાલ યાદ નથી. પણ તેમા કોઈ કંપની લખેલ હતી. બેગ તાળુ મારેલ હતા કે ખુલ્લા હતા તે નિવેદનમા નથી. સાહેદ

જણાવે છે કે ચેન વાળા હતા. વધુમાં સ્વીકારે છે કે, સ્થળ ઉપર તેઓ પહોચ્યા ત્યારે કેટલી દુકાનો ખુલ્લી હતી અને તેની શુ સ્થિતી હતી તે નિવેદનમા જણાવેલ નથી, જે પોલીસ વાહનો સ્થળ ઉપર પહોચેલા તેના પોલીસ સ્ટેશનમાં એન્ટ્રી કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે કન્ટ્રોલ રૂમમા એન્ટી કરાવેલી. આરોપીઓ જે ભાષા બોલતા હતા તેવો કોઈ દુભાષીયો તેની હાજરીમાં તપાસ કરનાર અમલદાર લાવેલા નહી તેવુ સ્વીકારી જણાવેલ છે કે, આરોપીઓ હિન્દી ભાષા બોલતા હતા. વધુમાં સ્વીકારે છે કે, આરોપીઓએ તેની રૂબરૂ જેટલી પણ સહીઓ કરેલી છે તે હિન્દી ભાષામાં કરેલ નથી. વાળા સાહેબે જે ફરીયાદ આપેલી તે વાંચેલી અને જોયેલી, ફરીયાદમા એવુ જણાવેલ છે કે આરોપીઓ મુળ ઓરીસ્સાના છે અને હાલ સુરત રહેવાસી છે. કલમ–૫૦ નો ઠરાવ પણ તેની હાજરીમાં થયેલો. ચારેય આરોપીઓની સહી કઈ ભાષામાં છે તે કહી શકે નહી. જે ન્યુઝપેપર પકડાયેલ હતા તે હિન્દી, ગુજરાતી, ઈંગ્લીશ ભાષાના ન હતા પરંતુ કઈ ભાષાના હતા તે કહી શકુ નહી. તેમને મુદ્દામાલ માથી એક ન્યુઝપેપર બતાવવામાં આવે છે તે જોઈને તે કઈ ભાષામાં છે તે કહી શકે નહીં. કલમ–૪૨ (૧) ના ઠરાવમા કે કલમ–૫૦ ના ઠરાવમા કે પંચનામામાં આરોપીને તેની પોતાની ભાષામા અથવા સમજી શકે તે ભાષામાં સમજાવેલ છે તેવો શેરો શ્રી વાળા કે શ્રી ગોહીલ સાહેબનો નથી તેનો ઈન્કાર કરેલ છે. વધુમાં સ્વીકારે છે કે, કલમ–૪૨ (૧) ના બે ઠરાવો, કલમ–૫૦ વાળો ઠરાવમાં આરોપીને હિન્દી સમજાવવામા આવેલ છે તેનો ઉલ્લેખ નથી. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે પંચનામામાં ઉલ્લેખ છે. પંચનામામા તે અંગે છેલ્લે શેરો મારવામાં આવેલ નથી તેવુ સ્વીકારી જણાવેલ છે કે, પંચનામા મા ઓડીસ્સા ભાષામાં સમજાવવામા આવેલ છે તે અંગે ઉલ્લેખ નથી, કલમ–૪૨ ના બંને ઠરાવ, કલમ–૫૦ નો ઠરાવ અને પંચનામુ હાથે લખેલા છે, તેની સાથે રેઈડ દરમ્યાન લેપટોપ કે કોમ્પ્યુટર ન હતા. જે.એમ.વાળા સાહેબે જે ફરીયાદ લખાવેલી તે કોમ્પ્યુટર ટાઈપ થયેલી હતી. આ કોમ્પ્યુટર ટાઈપીંગ ફરીયાદનુ તાલુકા પોલીસ સ્ટેશને થયેલુ. ફરીયાદ સિવાય તેની કાર્યવાહી અંગેની નોંધ તાલુકા પોલીસ સ્ટેશનમા થયેલી નથી. સ્થળ ઉપર રાજન ટ્રાવેલ્સની ઓફીસ બંધ હતી. પાવન ટ્રાવેલ્સ મારફતે આરોપીઓ આવેલા હોય તેની તેમને માહિતી નથી. ટીકીટો તેઓએ કબજે કરેલી છે પરંતુ કયા ટ્રાવેલ્સ ની છે તે હાલ કહી શકે નહી. વધુમાં સ્વીકારે છે કે, રેઈડમા જતા પહેલા એકઝી. મેજી.શ્રીને હાજર રહેવા સંદર્ભે કોઈ લેખીત યાદી થયેલી નથી. સરકારી વાહન જેમા તેઓ નિકળેલા તેની લોગ બુક એન્ટ્રી થયેલી છે. વધુમાં એ યાદ નથી કે આરોપીઓની ધરપકડ અંગે તેમના

સગાવહાલાને જાણ કરવામા આવેલી હતી કે કેમ, પાવન ટ્રાવેલ્સની બસ માથી આરોપીઓને પકડવામા આવેલા હોય અને પાવન ટ્રાવેલ્સની બસ પોલીસ સ્ટેશને લઈ જવામા આવેલી, તેઓએ વ્યકિતગત રીતે આરોપી ની દેખરેખ રાખેલી અને શીલ કરેલા અને ઈન્વેસ્ટીગેશન કીટ તૈયાર કરેલી હતી, તેઓએ જે કામગીરી અત્યારે જણાવેલી તે સંદર્ભે નિવેદનમાં લખાવેલ નથી. વધુમાં સ્વીકારે છે કે, નિવેદનમાં લખાવેલ છે કે, ચાર ઈસમો બેગો સાથે બેસેલ છે અને અંદરો અંદર હિન્દી ભાષામાં ગાંજા બાબતની વાતચીત કરે છે, તેની હાજરીમાં આરોપીઓ અંદરો અંદર બેસીને વાત કરતા હતા તેવો કોઈ સ્વતંત્ર વ્યકિત આ કામે સ્થળ ઉપર હાજર ન હતા, તેના પોલીસ રૂબરૂ ના નિવેદન માં એવુ લખાવેલ છે કે, '' સાબલપુર ચોકડીએ પહોચી આજુબાજુમા તપાસ કરતા જેતપુર થી જુનાગઢ તરફ આવતા રોડ ઉપર આવેલ રાજન ટ્રાવેલ્સ નામની બંધ કેબીનથી અંદરના ભાગે ચાર ઈસમો અલગ અલગ સાઈઝના થેલાઓ રાખી બેસેલ જોવામાં આવતા.'' કેબીનની બહાર સાઈડમા આરોપીઓ બેસેલા હતા, રાજન ટ્રાવેલ્સની કેબીન જુનાગઢ રાજકોટ હાઈવે ઉપર આવેલ છે.

**(૧૦.૭)** ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ સ્મીત મુકેશભાઈ ગોહીલ પોતાની આંક– ૧૮૭ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૯ માં તેઓ જુનાગઢ જીલ્લામા પ્રોબેશનલ ડીવાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા. ૨૨/૮/૨૦૧૯ ના રોજ સવારે પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢનાઓએ ટેલીફોનથી તેઓને સુચના આપેલ કે, એસ.ઓ.જી., પી.એસ.આઈ., વાળા પાસે એન.ડી.પી.એસ. લગત બાતમી હોય તે અંગેની રેઈડમાં તમારે સાથે રહેવાનું છે. ત્યારબાદ એસ.ઓ.જી., પી.એસ.આઈ. વાળાએ પણ તેઓને આ અંગે ટેલીફોનીક જાણ કરેલી હતી. જેથી તેઓ તાત્કાલીક એસ.ઓ.જી. ઓફીસ, જુનાગઢ પહોંચેલ ત્યાં હાજર એસ.ઓ.જી., પી.એસ.આઈ. વાળાએ આ અંગેની સમગ્ર બાતમી હકીકતથી તેઓને વાકેફ કરેલ. તેઓએ જણાવેલ કે, જુનાગઢ સાબલપુર ચોકડી પાસે ચાર ઈસમો અંદર અંદર હિન્દીમાં ગાંજા અંગે વાતચીત કરે છે અને જુનાગઢનો કોઈ ઈસમ તે લેવા માટે જવાનો છે. જેથી તેઓએ એસ.ઓ.જી.ના કર્મચારી રાજેન્દ્રભાઈ ઉપાધ્યાયનાઓને આ રેઈડ માટે પંચો લાવવા માટે મોકલેલ. ત્યારબાદ

તેઓ પંચો લઈને આવતા પંચોને સમગ્ર બાતમી હકીકતથી તેઓએ વાકેફ કરેલ અને પંચોએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલ. ત્યારબાદ પંચોને ત્યાં હાજર પોલીસ સ્ટાફ તથા તેમની ઓળખ આપેલ. ત્યારબાદ અરસ પરસ પંચો રૂબરુ એન.ડી.પી.એસ. લગત જડતી કરતા કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ મળેલ ન હતી. ત્યારબાદ એસ.ઓ.જી. પોલીસ કર્મચારી પુંજાભાઈને ઈન્વેસ્ટીગેશન કીટ લઈ આવવાનું જણાવતા તેઓ ઈન્વેસ્ટીગેશન કીટ લઈને આવેલ જેની પણ પંચો રૂબરુ જડતી કરવામાં આવેલ અને તેમાંથી પણ  જડતી કરતા કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ મળેલ ન હતી.ત્યારબાદ જડતી અંગેનો એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨(૧) મુજબનો ઠરાવ કરેલ અને તેમાં તેઓએ તથા પંચોની સહીઓ કરેલ. ત્યારબાદ એસ.ઓ.જી. ઓફીસથી નીચે ગ્રાઉન્ડ ફલોર પર આવેલ જીલ્લા પોલીસ કંટ્રોલ રૂમખાતે રેઈડ માટે રવાના થવા અંગેનો રીપોર્ટ ઈન્ચાર્જ કે.ડી.સરવૈયાને સોંપવામાં આવેલ અને એક નકલ તેની પાસે રાખેલી અને ૧૦:૫૫ એ તેઓએ નોંધ કરેલી. ત્યારબાદ એસ.પી. ઓફીસથી બહાર આવતા બે સરકારી વાહનો એક ટાટ સુમો જેનો પી નંબર ૧૦૬ છે જેમા ડ્રાઈવર તરીકે ગોપાલભાઈ અને બીજુ વાહન બોલેરો છે જેનો પી નંબર ૧૭૧ છે જેમાં ડ્રાઈવર તરીકે બાબુભાઈ હતા. આ વાહન તેમજ બંને વાહન ચાલકોની પંચો રૂબરુ  જડતી કરતા કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ મળેલ નહતી. ત્યારબાદ સુમોમાં અમો તથા પંચો તથા પુંજાભાઈ તથા રવીભાઈ તેમજ ડ્રાઈવર તરીકે ગોપાલભાઈ બેસેલ. જયારે સરકારી બોલેરોમાં એસ.ઓ.જી. પી.એસ.આઈ. તથા અન્ય એસ.ઓ.જી. સ્ટાફ બેસેલ. અહીંયા પ્રથામીક પંચનામુ ૧૧:૧૦ વાગ્યુ પુરૂ કરેલુ. ત્યારબાદ એસ.પી. ઓફીસથી રવાના થઈ ગાંધીચોક મજવેડી ગેટ થઈ સાબલપુર ચોકડી નજીકના પુલ પાસે બંને વાહનો ઉભા રાખેલ અને તેમાંથી તેઓ તથા પંચો તથા અન્ય પોલીસ સ્ટાફ ઉતરી અરસ પારસ જડતી કરેલ  અને કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ મળેલ ન હતી. ત્યાંથી પેદલ ચાલીને બાતમીવાળી જગ્યાએ જતા રાજન  ટ્રાવલ્સની બંધ કેબીનના અંદરના ભાગે બાતમી

મુજબના ચાર ઈસમો થેલાઓ સાથે જોવા મળતા તેઓને નજીક જઈને કોર્ડન કરવામાં આવેલ અને જેમના તેમ બેસી રહેવા હિન્દીમાં જણાવેલ. ત્યારબાદ તેમોનું પંચો રૂબરુ હિન્દીમાં નામઠામ પુછતા (૧) સત્યવાન ઉર્ફે બાદલ, (૨) સંન્યાસી તારેણી, (૩) બલરામ પ્રધાન, (૪) શીબા પ્રફુલ તમામ મુળ રહે. જી.ગંજામ, ઓરીસ્સા, તમામ હાલ રહે. ડાયમંડ નગર, સુરત, ગુજરાત વાળા હોવાનું જણાવેલ. ત્યારબાદ તેમોને તેની ઓળખ આપેલ અને બાતમી હકીકત બાબતે વાકેફ કરેલ તેમજ એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨(૧) મુજબ ઠરાવ કરી તેઓને હિન્દીમાં સમજ કરી બે પ્રતમાં તેઓની તથા તેની સહીઓ કરી એક પ્રત તેમોને આપવામાં આવેલ. ત્યારબાદ તેઓ એક ગેઝેટેડ અધિકારી છે પરંતુ તેઓ કોઈ અન્ય ગેઝેટેડ અધિકારી કે મેજીસ્ટ્રેટ રૂબરુ જડતી કરાવવા માંગતા હોય તો વ્યવસ્થા કરી આપીએ તે તેઓનો કાયદાકીય અધિકાર છે તેવું જણાવેલ પરંતુ તેમોને તેના સમક્ષ જડતી થાય તો કોઈ વાંધો નથીં તેવું જણાવતા તે અંગેનો એન.ડી.પી.એસ.એકટની કલમ ૫૦ મુજબનો ઠરાવ કરી તેની હિન્દીમાં સમજ કરી તેમાં તેની, પંચોની તથા ચારેય ઈસમોની સહીઓ કરી એક પત્ર તેઓને સોંપવામાં આવેલ. ત્યારબાદ ચારેય ઈસમોને પોતાની પાસેના થેલામાં રહેલ વસ્તુ અંગે હિન્દીમાં પુછતા તે ચારે ઈસમોએ ગાંજો હોવાનું જણાવેલ. જેથી તેઓએ એસ.ઓ.જી., પી.એસ.આઈ. શ્રી વાળાને તાત્કાલીક એફ.એસ.એલ. અધિકારીશ્રીને સ્થળ ઉપર પરિક્ષણ અર્થે બોલાવવા જણાવેલ જે અનુસંધાને પી.એસ.આઈ.શ્રી વાળાએ એફ.એસ.એલ. અધિકારીશ્રી જુનાગઢ, એ.બી.નારીયા નાઓને ટેલીફોનીક જાણ કરેલ તેમજ આ પદાર્થનું તેમજ વજન કરવા માટે ઈલેકટ્રીક વજન કાંટાવાળાને લઈ આવવા પોલીસ કોન્સટેબલ મહેન્દ્રભાઈને બોલેરો વાહન લઈ બાર વાગ્યે રવાના કરેલ અને સદર જગ્યાની તપાસ કરતા કોઈ વાંધાજનક મળી આવેલ નહીં અને એફ.એસ.એલ. અધિકારીશ્રી આવે ત્યાં સુધી પંચનામુ સ્થગીત કરવામાં આવેલ. એફ.એસ.એલ.અધિકારીશ્રી આવતા તેમની પાસે રહેલા નાર્કોટીકસ ચકાસણી કીટની પંચો રૂબરુ જડતી તપાસણી કરતા કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ

મળેલ ન હતી. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ ગાંજાનું પરિક્ષણ કરતા મજકુર ઈસમો પાસેથી મળી આવેલ બેગો તથા થેલાઓમાંથી એક ઈસમ વાદળી લીલા કલરના બેગ સાથે બેસેલ જેનું એફ.એસ.એલ.અધિકારી રૂબરુ નામઠામ પુછતા તેઓનુ નામ સત્યવાન ઉર્ફે બાદલ હોવાનું જણાવેલ. તેઓનો થેલો જોતા અંગ્રેજીમાં AEROCLUB લખેલ હતું તે બેગની ચેઈન ખોલતા તેની અંદર ખાખી કલરની પારદર્શક સેલોટેપ વીંટેલ કુલ છ પાર્સલો મળી આવેલ જે પૈકી એક પાર્સલ જોતા દરમ્યાન કલાક ૧:૨૦ વાગ્યે પોલીસ કોન્સટેબલ મહેન્દ્રભાઈ ડેર વજન કાંટાવાળાને બોલાવી આવતા તેઓનું પંચો રૂબરુ નામઠામ પુછતા પોતાનું નામ નિમેષભાઈ જીતેન્દ્રભાઈ પારેખ સોની, ધંધો: સોનીકામ, રહે. જુનાગઢવાળા હોવાનું જણાવેલ મજકુર વજનકાંટાવાળા સરકારી વાહન તથા મહેન્દ્ર ભાઈની જડતી તપાસ કરતા કોઈ એન.ડી.પી.એસ. લગત ગેરકાયદેસર વસ્તુ મળેલ ન હતી. મજકુર પોતાની પાસેના વજનકાંટા વડે એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ વજન કરી તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું જણાવેલ. સદર જગ્યા વાહન વ્યવહારવાળી હોય તથા ખુલ્લી હોય જેથી વજન કરવા માટે તેમજ પાર્સલો ખોલવા માટે બાજુમાં આવેલ કૈલાશ મોટર ગેરેજમાં કામ કરનાર ગાંડુભાઈ છગનભાઈ પીપળીયા હાજર હોય જેએનો વજન કાંટો કરવા માટે જણાવતા વચ્ચેની દુકાનમાં ઈલેકટ્રીક કનેકશન હોય જેથી ચારેય આરોપીઓ, પંચો, એફ.એસ.એલ. અધિકારી તથા પોલીસ સ્ટાફ સાથે આરોપીઓ પાસેની બેગો તથા થેલાઓ સાથે પેદલ ચાલી વચ્ચેની દુકાનમાં આવી બહારની હવા ન લાગે તે રીતે વજનકાંટાને ગોઠવી ઉપર મુજબના આરોપી સત્યવાન પાસેથી બેગમાંનુ પાર્સલ નં. ૧ ખોલને જોતા જેમાં ખાખી કલરની પારદર્શક સેલોટેપ ખોલીને જોતા બહારના રાજયની ભાષાનું ન્યુઝ પેપરનું પેકીંગ જોવામાં આવેલ તે પ્લાસ્ટીકને લીલા કલરની દોરીથી પેક કરેલ જે ખોલીને જોતા અંદર સુકા પાંદડા, ડાળખાઓ, બીજ તથા ફુલના ટોપકાઓ સહીતના વનસ્પતીજન્ય પદાર્થ જોવામાં આવેલ. સદરહુ પદાર્થ ભેજયુકત જોવામાં આવેલ જેથી તમામ ખોલેલ પાર્સલોમાંથી એફ. એસ. એલ. અધિકારીશ્રીએ પોતાની

પાસે રહેલ ઈન્વેસ્ટીગેશ કીટ દવારા એક પાર્સલમાંથી પરિક્ષણ કરી જોતા જેમાં ગાંજાના સક્ર ીય ઘટકોની હાજરી મળી આવેલ હોવાનું જણાયેલ. આ તમામ છ પાર્સલોને માર્ક 'એ' થી 'એફ' આપવામાં આવેલ જેનું ઈલકેટ્રીક વજનકાંટાથી વજન કરતા આશરે તમામનું વજન ર કીલો જેટલું જણાયેલ.ત્યારબાદ એફ.એસ.એલ.અધિકારીશ્રીની સુચના મુજબ આ પાર્સલોમાં થી ૧૦૦–૧૦૦ ગ્રામના એક રીઝર્વ સેમ્પલ તથા એક એફ.એસ.એલ.પરિક્ષણ માટેનું સ ેમ્પલ અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં લેવામાં આવેલ જેની ઉપર અમારી તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી લાખ દોરાથી શીલ કરી કબ્જે કરવામાં આવેલ. આ તમામ સેમ્પ્લોનું માર્ક 'એ–૧ એ–ર' થી 'એફ–૧ એફ–ર' સુધી આપવામાં આવેલ. ત્યારબાદ માર્ક 'એ' થી 'એફ' ના સેમ્પલ કાઢયા બાદ બાકી રહેલ પાર્સલોને અલગ અલગ પ્લાસ્ટીકની બેગીમાં મુકી તેને કપડાની બેગીમાં મુકી અમારી તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ, બાદ આરોપી સંન્યાસી તારેણીવાળા પાસે રહેલ બેગ જોતા પોલો કંપનીની જેની ચેઈન ખોલીને જોતા ખાખી કલરની પારદર્શક સલેટોપ પટીવાળા પાંચ પેકેટ જોવા મળેલ જે તમામ પાર્સલોને એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ ખોલતા બહારના રાજયની ભાષાનું ન્યુઝ પેપરનું પેકીંગ જોવામાં આવેલ તે પ્લાસ્ટીકને લીલા કલરની દોરીથી પેક કરેલ જે ખોલીને જોતા અંદર સુકા પાંદડા, ડાળખાઓ, બીજ તથા ફુલના ટોપકાઓ સહીતના વનસ્પતીજન્ય પદાર્થ જોવામાં આવેલ. સદરહુ પદાર્થ ભેજયુકત જોવામાં આવેલ જેથી તમામ ખોલેલ પાર્સલોમાંથી એફ. એસ. એલ. અધિકારીશ્રીએ પોતાની પાસે રહેલ ઈન્વેસ્ટીગેશ કીટ દવારા એક પાર્સલમાંથી પરિક્ષણ કરી જોતા જેમાં ગાંજાના સક્ર ીય ઘટકોની હાજરી મળી આવેલ હોવાનું જણાયેલ. આ તમામ પાંચ પાર્સલોને માર્ક 'જી' થી 'કે' આપવામાં આવેલ જેનું ઈલકેટ્રીક વજનકાંટાથી વજન કરતા આશરે તમામનું વજન ર કીલો જેટલું જણાયેલ.ત્યારબાદ એફ.એસ.એલ.અધિકારીશ્રીની સુચના મુજબ આ પાર્સલોમાંથી ૧ ૦૦–૧૦૦ ગ્રામના એક રીઝર્વ સેમ્પલ તથા એક એફ.એસ.એલ.પરિક્ષણ માટેનું સેમ્પલ

અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં લેવામાં આવેલ જેની ઉપર તેમની તથા પં ચોની સહીવાળી કાપલી મુકી ચોડી લાખ દોરાથી શીલ કરી કબ્જે કરવામાં આવેલ. આ તમામ સેમ્પ્લોનું માર્ક 'જી–૧ જી–ર' થી 'કે–૧ કે–ર' સુધી આપવામાં આવેલ. ત્યારબાદ માર્ક 'જી' થી 'કે' નાસેમ્પલ કાઢચા બાદ બાકી રહેલ પાર્સલોને અલગ અલગ પ્લાસ્ટીકની બેગીમાં મુકી તેને કપડાની બેગીમાં મુકી તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. બાદ આરોપી બલરામ શંકર પ્રધાનવાળા પાસે રહેલ બેગ જોતા કાળા કલરની બ્લુ પટાવાળી સ્કાય બર્ડ કંપનીની જેની ચેઈન ખોલીને જોતા ખાખી કલરની પારદર્શક સલેટોપ પટીવાળા પાંચ પેકેટ જોવા મળેલ જે તમામ પાર્સલોને એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ ખોલતા બહારના રાજયની ભાષાનું ન્યુઝ પેપરનું પેકીંગ જોવામાં આવેલ તે પ્લાસ્ટીકને લીલા કલરની દોરીથી પેક કરેલ જે ખોલીને જોતા અંદર સુકા પાંદડા, ડાળખાઓ, બીજ તથા ફુલના ટોપકાઓ સહીતના વનસ્પતીજન્ય પદાર્થ જોવામાં આવેલ. સદરહુ પદાર્થ ભેજયુકત જોવામાં આવેલ જેથી તમામ ખોલેલ પાર્સલોમાંથી એફ. એસ. એલ. અધિકારીશ્રીએ પોતાની પાસે રહેલ ઈન્વેસ્ટીગેશ કીટ દવારા એક પાર્સલમાંથી પરિક્ષણ કરી જોતા જેમાં ગાં જાના સક્રીય ઘટકોની હાજરી મળી આવેલ હોવાનું જણાયેલ. આ તમામ પાંચ પાર્સલોને માર્ક 'એલ' થી 'પી' આપવામાં આવેલ જેનું ઈલકેટ્રીક વજનકાંટાથી વજન કરતા માર્ક 'પી' સિવાયના તમામ પાર્સલનું આશરે તમામનું વજન ર કીલો જેટલું જયારે માર્ક 'પી' વાળા પાર્સલનું અંદાજીત વજના ૧ કીલો જણાયેલ. ત્યારબાદ એફ.એસ. એલ.અધિકારીશ્રીની સુચના મુજબ આ પાર્સલોમાંથી ૧૦૦–૧૦૦ ગ્રામના એક રીર્ઝવ સ ેમ્પલ તથા એક એફ.એસ.એલ.પરિક્ષણ માટેનું સેમ્પલ અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં લેવામાં આવેલ જેની ઉપર તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી લાખ દોરાથી શીલ કરી કબ્જે કરવામાં આવેલ. આ તમામ સેમ્પ્લોનું માર્ક 'એલ–૧ એલ–ર' થી 'પી–૧ પી–ર' સુધી આપવામાં આવેલ. ત્યારબાદ માર્ક 'એલ' થી 'પ ના સેમ્પલ કાઢચા બાદ

બાકી રહેલ પાર્સલોને અલગ અલગ પ્લાસ્ટીકની બેગીમાં મુકી તેને કપડાની બેગીમાં મુકી તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. બાદ આરોપી શીબા પ્રફુલ શાહુ પાસે રહેલ બેગ જોતા કાળા કલરની ફાસ્ટટ્રેક કંપનીની જેની ચેઈન ખોલીને જોતા ખાખી કલરની પારદર્શક સલેટોપ પટીવાળા ચાર પેકેટ જોવા મળેલ જે તમામ પાર્સલોને એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ ખોલતા બહારના રાજયની ભાષાનું ન્યુઝ પેપરનું પેકીંગ જોવામાં આવેલ તે પ્લાસ્ટીકને લીલા કલરની દોરીથી પેક કરેલ જે ખોલીને જોતા અંદર સુકા પાંદડા, ડાળખાઓ, બીજ તથા ફુલના ટોપકાઓ સહીતના વનસ્પતીજન્ય પદાર્થ જોવામાં આવેલ. સદરહુ પદાર્થ ભેજયુકત જોવામાં આવેલ જેથી તમામ ખોલેલ પાર્સલોમાંથી એફ.એસ. એલ.અધિકારીશ્રીએ પોતાની પાસે રહેલ ઈન્વેસ્ટીગેશ કીટ દવારા એક પાર્સલમાંથી પરિક્ષણ કરી જોતા જેમાં ગાંજાના સક્રીય ઘટકોની હાજરી મળી આવેલ હોવાનું જણાયેલ. આ તમામ ચાર પાર્સલોને માર્ક 'કયુ' થી 'ટી' આપવામાં આવેલ જેનું ઈલકેટ્રીક વજનકાંટાથી વજન કરતા આશરે તમામનું વજન ૨ કીલો જેટલું જણાયેલ.ત્યારબાદ એફ.એસ.એલ.અધિકારીશ્રીની સુચના મુજબ આ પાર્સલોમાંથી ૧ ૦૦–૧૦૦ ગ્રામના એક રીઝર્વ સેમ્પલ તથા એક એફ.એસ.એલ.પરિક્ષણ માટેનું સેમ્પલ અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં લેવામાં આવેલ જેની ઉપર તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી લાખ દોરાથી શીલ કરી કબ્જે કરવામાં આવેલ. આ તમામ સેમ્પ્લોનું માર્ક 'કયુ–૧ કયુ–૨' થી 'ટી–૧ ટી–૨' સુધી આપવામાં આવેલ. ત્યારબાદ માર્ક 'કયુ' થી 'ટી' ના સેમ્પલ કાઢયા બાદ બાકી રહેલ પાર્સલોને અલગ અલગ પ્લાસ્ટીકની બેગીમાં મુકી તેને કપડાની બેગીમાં મુકી તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ. ત્યારબાદ માર્ક 'એ' થી 'એફ' તથા માર્ક 'જી' થી 'કે' તથા માર્ક 'એલ' થી 'પી' તથા માર્ક 'કયુ' થી 'ટી' સુધીના પાર્સલોના પેકીંગમાં નીકાળેલ બારના રાજયના ભાષાવાળા પેપર, દોરી, ખાખી કલરની શેલોટેપ અલગ અલગ પ્લાસ્ટીકની બેગીમાં મુકી પંચનામાની વિગતે કબ્જે કરેલ. બાદ મજકુર ચારેય ઈસમો પાસેથી

મળી આવેલ થેલાઓ ઉપર તેની તથા પંચોની સહીવાળી કાપલી મુકી ચોડી પંચનામાની વિગતે કબ્જે કરેલ. બાદ ચારેય ઈસમો પાસેથી મળી આવેલ ગાંજાના જથ્થા બાબતે કોઈ પાસ પરમીટ હોય તો રજુ કરવાનું કહેતા નહીં હોવાનું જણાવેલ, બાદ મજકુર ચારેય ઈસમનો જડતી તપાસ કરતા (૧) સત્યવાન ઉર્ફે બાદ પાસેથી એક વીવો કંપનીનો મોબાઈલ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, એસ.બી.આઈ. બેંકનું એ.ટી.એમ. કાર્ડ, પટેલ ટ્રાવેલ્સની ટીકીટો તેમજ રોકડ મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમજ (૨) સંન્યાસી તારેણી પાસેથી એક વીવી કંપનીનો મોબાઈલ, ચુંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, બી.એસ.એન.એલ. કંપનીનું સીમકાર્ડ, એસ.બી.આઈ. બેંકનું એ.ટી.એમ. કાર્ડ તેમજ દીપ ટ્રાવેલ્સ, સંતકૃપા ટ્રાવેલ્સ તથા ન્યુ ધરતી ટ્રાવેલ્સની ટીકીટો તેમજ રોકડ મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમજ (૩) બલરામ શંકર પ્રધાન પાસેથી એક લાવા કંપનીનો મોબાઈલ મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમજ (૪) શીબા પ્રફુલ શાહુ પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ તેમજ રોકડ મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ. ત્યારબાદ મજકુર આરોપીને આ ગાંજાનો જથ્થો કયાંથી લાવેલ છે તે બાબતે પંચો રૂબરુ હિન્દીમાં પુછતા સત્યવાન ઉર્ફે બાદલએ જણાવેલ કે, સુરતના સુભાષ નામના વ્યકિતએ રૂ. ૧૦,૦૦૦/– માં જુનાગઢખાતે મુના તેમજ પંચનામામાં દર્શાવેલ મોબાઈલ નંબરવાળા ઈસમને માલ આપવાનું જણાવેલ હતું તેમજ આ નંબર ઉપરથી અલગ અલગ સમયે અને અલગ અલગ વ્યકિતઓએ ફોન કરી કયાં પહોંચેલ છે? કેટલી વાર લાગશે? તેવી વાત કરેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ વજનકાંટાવાળા નિમેષભાઈ પારેખે ગાંજાના જથ્થાનું વજન કરેલ તે અંગેનું સર્ટીફીકેટ આપતા તેમાં તેની તથા પંચોની તથા ચારેય ઈસમોની સહી લઈ કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ મજકુર ઈસમો પાસેથી ઉપરોકત મુદામાલ કબ્જે કર્યો અંગેનો સીઝર મેમો બે પ્રતમાં તૈયાર કરી તેમાં મજકુર ચારેય ઈસમોની સહી લઈ પંચો તથા તેની સહીઓ કરી સીઝર મેમાની અસલ પત તેમને આપી અસલ કામમાં સામેલ રાખેલી. ત્યારબાદ મજકુર ચારેય ઈસમને ધોરણસર

અટક કરવામાં આવેલ અને જે અંગે તેઓને એન.ડી.પી.એસ. એકટની કલમ પર(૧) મુજબ સમજ કરવામાં આવેલ. ત્યારબાદ પંચનામુ પુરુ થયા બાદ પંચનામામાં પંચોની સહી લીધેલી અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી જે આંક–૪૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે જ છે જે ઓળખી બતાવે છે. ત્યારબાદ એસ.ઓ.જી. પી.એસ.આઈ. શ્રી વાળાએ હાલના ગુનાની ફરીયાદ તેઓ રૂબરુ આપતા તેઓના લખાવ્યા મુજબ ટાઈપ કરાવી તેઓની સહી લીધેલ અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલ. તેમને આંક–૧ ૩૬ બતાવવામાં આવે છે તે જ ફરીયાદ છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૪૧ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. એકટની ૪૨(૧) મુજબનો જડતી ઠરાવ કરેલ તે જ છે જેમાં પંચો તરીકે તેની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૪૨ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. એકટની ૫૦ મુજબનો ઠરાવ કરેલ તે જ છે જેમાં પંચો તથા ચારેય આરોપીની તથા રૂબરુ તરીકે તેની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૪૪ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. એકટની ૪૨(૧) મુજબનો જડતી ઠરાવ કરેલ તે જ છે જેમાં પંચો તથા ચારેય આરોપીની તથા રૂબરુ તરીકે તેની સહી ઓળખી બતાવે છે. તેમને આંક–૪૩ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. એકટની પર(૧) મુજબનો આરોપીની ધરપકડ કર્યાની સમજનો ઠરાવ કરેલ તે જ છે જેમાં પંચો તથા ચારેય આરોપીની તથા રૂબરુ તરીકે તેની સહી ઓળખી બતાવે છે, તેમને આરોપીને એરેસ્ટ કરેલ તે અંગેનો એરેસ્ટ મેમો તૈયાર કરેલ તેમાં સહી ઓળખી બતાવી આંક–૧૮૮ થી તથા સ્થળ પરિક્ષિણ અહેવાલ એફ.એસ.એલ. અધિકારી દવારા તૈયાર કરી આપતા આ કામમાં સામેલ રાખેલ તેમાં એફ.એસ.એલ.અધિકારી તથા પી.એસ.આઈ.શ્રી વાળાની સહી ઓળખી બતાવી આંક–૧ ૮૯ થી તથા તેઓએ નારકોટીકસના જથ્થાનું વજન કરવા પધારવા બાબતે યાદી કરેલ તેમાં સહી ઓળખી બતાવી આંક–૧૯૦ થી રજુ કરેલ છે, તેમને આંક–૪૫ બતાવવામાં આવે છે જે વજનકાંટાની પહોંચ છે જે વજનકાંટાવાળાનાઓએ આપેલ કેસ કાગળોમાં સામેલ રાખેલ તે જ છે જેમાં આરોપીઓ, વજન કરનાર, બંને પંચો તથા તેની સહી છે જે ઓળખી

બતાવે છે. તેમને આંક–૪૬ બતાવવામાં આવે છે જે સીઝર મેમો છે જેમાં આરોપીઓ, બંને પંચો તથા તેની સહી છે જે ઓળખી બતાવે છે. પી.એસ.ઓ.શ્રી તાલુકા પોલીસ સ્ટેશનનાઓને ગુનો રજીસ્ટર કરવા માટે યાદી કરેલી તેમાં સહી ઓળખી બતાવી આંક–૧૯૧ થી રજુ કરેલ છે, તેમને માર્ક– 'એ–૧' થી ' ટી–૧ ' બતાવવામાં આવે છે જે પ્લાસ્ટીકના નાના પારદર્શક બોક્ષ છે જેના ઉપર એક–એક કાપલીઓ છે જેમાં પંચોની તથા તેની સહીઓ છે જે ઓળખી બતાવે છે. જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને માર્ક– 'એ–૨' થી ' ટી–૨ ' બતાવવામાં આવે છે જે પ્લાસ્ટીકના નાના પારદર્શક બોક્ષ છે જેના ઉપર એક–એક કાપલીઓ છે જેમાં જેમાં પંચોની તથા તેની સહીઓ છે જે ઓળખી બતાવે છે. જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને મુદામાલ અર્ટીકલ 'એ' થી 'ટી' બતાવવામાં આવે છે જે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે જેમાં કાપલી છે જેમાં તેની તથા પંચોની સહીઓ છે જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને મુદ્દામાલ અર્ટીકલ ૬૧ અને ૬૨ બતાવવામાં આવે છે જે પંચનામાની વિગતે 'કે' થી 'ટી' સુધીના પાર્સલમાંથી મળી આવેલ બાહય રાજયના ન્યુઝ પેપર, દોરી, શેલોટેપ વિગેરે પંચો રૂબરુ કબ્જે કરવામાં આવેલ છે તે છે જેમાં તેની તથા પંચોની સહીઓ છે જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને આર્ટીકલ નં. ૬૩ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે એક અંગ્રેજીમા એરો કલબ લખેલ થેલો છે, તેમજ બ્લુ કલરની પોલો કંપનીની બેગ, એક કાળા કલરનુ બ્લુ પટ્ટાવાળુ સ્કાય કંપનીનુ બેગ તેમજ એક કાળા કલરની ફાસ્ટટ્રેક કંપનીનુ બેગ છે જે જોઈને જણાવે છે કે જેમાં તેની તથા પંચોની સહીઓ છે જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૪ અને ૬૫ બતાવવામાં આવે છે જે એક મોબાઈલ ફોન તથા એક કવર ખોલતા જેમાથી એક આધારકાર્ડ, એક ડ્રાઈવીંગ લાયસન્સ, એક એસ.બી.આઈ. બેંકનુ એટીએમ કાર્ડ, પટેલ ટ્રાવેલ્સની બે ટીકીટો તથા રોકડ રૂા. ૨૫૧૦/– નિકળેલ છે જે જોઈને જણાવુ છુ કે સદરહુ

વસ્તુઓ જેમાં તેની તથા પંચોની સહીઓ છે જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે. તેમને આર્ટીકલ નં. ૬૬ અને ૬૭ બતાવવામાં આવે છે જેમાથી એક મોબાઈલ એક તથા ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, બી.એસ.એન.એલ. કં પનીનુ સીમકાર્ડ, સ્ટેટ બેંક નુ ડેબીટ કાર્ડ, આધાર કાર્ડ, દીપ ટ્રાવેલ્સ રાજકોટની ટીકીટ, એક ટ્રેનની ટીકીટ તથા એક સુરતથી ધોરાજીની બે લોકોની ટીકીટ અને રોકડ રૂા. ૩૭૦/– નિકળેલ છે જે જોઈને જણાવુ છુ કે જેમાં તેની તથા પંચોની સહીઓ છે જે મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે, તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૮ બતાવવામાં આવે છે જે મોબાઈલ ફોન છે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે જે ઓળખી બતાવે છે, તેમને મુદ્દામાલ આર્ટીકલ નં. ૭૦ બતાવવામાં આવે છે જે મોબાઈલ ફોન તથા આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ તથા રોકડ રકમ રૂ. ૪૦/– છે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ તે જ છે જે ઓળખી બતાવે છે અને આરોપી કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ તેઓ પ્રોબેશન ડીવાય.એસ.પી. તરીકે જુનાગઢમાં ફરજ બજાવતા હતા આ પ્રોબેશન પીરીયડ એક વર્ષ ચાલેલો, બાતમીવાળી જગ્યાએ જવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકનો કોઈ લેખીત હુકમ ન હતો તેવુ સ્વીકારી જણાવે છે કે, તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ ડીએસ.પી. જુનાગઢે કેટલા વાગ્યે બોલાવેલો તે યાદ નથી, બાતમી ચોકકસ કેટલા વાગ્યે મળેલી તે હકીકત તેમને ખબર નથી, જે બાતમી મળેલી તે હિન્દીમાં વાત કરતા હતા તે કેટલા વાગ્યે વાત કરતા હતા તે સમય ખબર નથી, રેઈડમાં તેઓ ગયેલ કે તપાસ કરેલ તેનો કોઈ લેખીત હુકમ જીલ્લા પોલીસ અધિક્ષકનો તેની પાસે નહતો. જે મૌખીક હુકમ મળેલો તે મોબાઈલ ટેલીફોનીક કોલથી મળેલો, ત.ક.અધિકારીએ જે તેમને મૌખીક હુકમ મળેલો તેની તપાસ કરેલી નથી, તેમને મૌખીક રીતે તપાસ મળેલી તેની એન્ટ્રી તાલુકા પોલીસ સ્ટેશનમાં કરાવેલ નથી. વધુમાં એ બાબત તેના ધ્યાન ઉપર નથી કે, જે વ્યકિત તપાસમાં જાય તે તપાસનો લેખીત હુકમ એન.ડી.પી.એસ. એકટ હેઠળ મેળવવો ફરજીયાત છે. વધુમાં એન.ડી.પી.એસ.ની કલમ ૪૨ મુજબ સુર્યોદય થી સુર્યાઅસ્ત સુધી કાર્યવાહી થવી જોઈએ તેવુ સ્વીકારેલ છે. એફ.આઈ.આર. મુજબ કલાક ૧૯:૩૫ વાગ્યે ગુનો બનેલો તેનો ઈન્કાર

કરી કહે છે કે, ગુનો બન્યાનો સમય અને તા. ૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૯:૩૫ અને બનાવ જાહેર થયાનો સમય તા. ૨૨/૦૮/૨૦૧૯ કલાક ૨૧:૩૫ છે. વધુમાં જણાવે છે કે, પી.એસ.આઈ. વાળા સાહેબની ફરીયાદ તેઓએ વાંચેલી.હાલ તેમને યાદ નથી કે, ગુપ્ત જાવક ચોકકસ કેટલા વાગ્યે મળેલો તે અંગે વાળા સાહેબના રીપોર્ટમાં ઉલ્લખે હતો કે કેમ. પંચોને ચોકકસ કયા સમયે બોલાવવા ગયેલા તે સમય તેમને હાલ યાદ નથી, આંક-૭૧ વાળા ઠરાવમાં એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨(૧) મુજબ જે ઠરાવ થયેલો તેમાં સમય દર્શાવવામાં આવેલ નથી તેવી જ રીતે આંક-૭૨ વાળા કલમ ૫૦ ના ઠરાવમાં પણ સમય નથી તેમજ આંક-૭૩ અને આંક-૭૪ વાળા દસ્તાવેજમાં પણ સમય દર્શાવેલ નથી, આંક-૧૮૮ વાળો આરોપીના અટક વાળો મેમો બનાવી તે કેટલા વાગ્યે મોકલાવેલ તે સમય દર્શાવેલ નથી, આંક-૧૮૯ વાળો સ્થળ પરિક્ષણ અહેવાલ લોકલ એફ.એસ.એલ. સ્થળ, મુલાકત અને સમય તા. ૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૧:૫૧ એ.એમ. દર્શાવેલ છે, તે મને આંક-૧૯૦ નો જે યાદી વજન કરવા માટેની કરેલી છે તેમાં સમય નથી, આંક-૧૯૧ વાળી ગુના રજીસ્ટરની યાદીમાં સમય દર્શાવેલ નથી તેવુ સ્વીકારેલ છે. જે લોકોને પકડેલા તે ગુજરાતી ભાષા જાણતા ન હતા, તેઓએ પંચનામા, સીઝર મેમો, ઠરાવ ની કાર્યવાહી ગુજરાતીમાં કરેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આરોપીઓને હિન્દી ભાષામાં સમજાવેલી. વધુમાં સ્વીકારે છે કે, આરોપીઓએ જે જે જગ્યાએ દસ્તાવેજમાં સહી કરેલી તે હિન્દીમાં કરેલી નથી. કઈ ભાષામાં સહી કરેલ છે તે કહી શકું નહીં, જે આરોપીઓની સહીઓ દસ્તાવેજોમાં લીધેલી છે તે સહીઓ જોઈ આરોપીઓના નામ સહી ઉપરથી જણાવી શકે નહી. ઓડીયા ભાષા બીજી કોઈ ભાષા તેઓ તે ભાષા જાણતો નથી તેથી તે કઈ ભાષા છે તે જણાવી શકે નહીં, તેની કાર્યવાહીમાં આરોપીઓ ઓરીસ્સાના રહેવાસી હતા તે જાહેર થઈ ગયેલું, પકડાયેલા વ્યકિતઓને તેમની માતૃભાષા ઉડીયા ભાષામાં કાર્યવાહી સમજાવેલી હોય તેવું બનેલ નથી, જે વસ્તુ કબ્જે કરેલી તે થેલા હતા અને બેગ પણ મોટી સાઈઝની હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મોટી સાઈઝના થેલાને બેગ કહે છે. વધુમાં બચાવપક્ષે બેગ અને થેલામાં શું ફરક હોય છે? તેવા પ્રશ્નના જવાબમાં ઈંગ્લીશમાં બેગ કહેવાય અને ગુજરાતીમાં આજ વસ્તુને થેલો કહેવાય તેવો જવાબ આપેલ છે. વધુમાં સ્વીકારે છે કે, લોક વગરની બેગ હતી તેવો સ્પષ્ટ શબ્દ તેની કાર્યવાહીમાં કરવામાં આવેલ નથી. રાજન ટ્રાવેલ્સની કેબીનમાં બંધ હોવાથી તેની કાર્યવાહી થયેલ નથી, તેઓએ ડી.વાય.એસ.પી. તરીકે જે કાર્યવાહી કરેલી તે ઓડીયા ભાષામાં કરેલી નહીં, મેજીસ્ટ્રેટ

રૂબરુ જડતી કરવાની વાત પણ ઓડીયા ભાષામાં કરેલ નથી, આરોપીને તેઓએ જે પુછપરછ કરેલી તે કઈ ભાષામાં જવાબ આપતા હતા તેનો ઉલ્લેખ કોઈ જગ્યાએ કરેલો નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓએ જેટલા પ્રશ્નો હિન્દીમાં પુછેલા તેના જવાબ હિન્દીમાં આપેલા. વધુમાં સ્વીકારે છે કે, કાર્યવાહી ગુજરાતી ભાષામાં હતી. સાહેદ જણાવે છે કે, પેપરવર્ક ગુજરાતી ભાષામાં હતું. આરોપીને હિન્દી ભાષામાં પ્રશ્ન પુછેલો અને તેઓએ હિન્દી ભાષામાં જવાબ આપેલો તેવી નોંધ તેની કાર્યવાહીમાં કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, અમને જે માહીતી મળેલી હતી તે હિન્દી ભાષામાં આરોપીઓ વાતચીત કરે છે તેવી મળેલી જેનો ઉલ્લેખ પંચનામામાં છે. જે હિન્દી ભાષાની વાતચીતની માહીતી મળેલી તે બાતમીના આધારે મળેલી,આરોપીઓએ હિન્દીમાં જવાબ આપેલા તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. વધુમાં તેમને આંક-૪૨, આંક-૪૩, આંક-૪૪ બતાવવામાં આવે છે તે જોઈને જણાવે છે કે, આરોપીઓની સહી કઈ ભાષામાં છે તે કહી શકે નહીં, તેઓએ જે આરોપીઓને પકડેલા તેમાંથી એક આરોપી પાસે પટેલ ટ્રાવેલ્સ બસની ટીકીટ હતી, તેની કાર્યવાહી દરમ્યાન ગાંડુભાઈ છગનભાઈ પીપળીયા નામાના વ્યકિત ત્યાં હાજર હતા તે વ્યકિત કૈલાશ મોટર ગૅરેજમાં કામ કરતા હતા તેથી હાજર હતા,તેમને ટ્રાવેલ્સની કેબીન ન હતી. નાસીરભાઈ ઉસ્માનભાઈ સીડા નામની વ્યકિત તેની કાર્યવાહી દરમ્યાન હાજર નહતા અને તેમને જાણતા નથી. વધુમાં જણાવે છે કે, રેઈડવાળા સ્થળથી તાલુકા પોલીસ સ્ટેશન કેટલું દુર થાય તે ચોકકસ કહી શકે નહીં, તેઓએ એસ.ઓ.જી. કચેરીથી નીકળ્યા અને બનાવવાળી જગ્યાએ પહોંચ્યા તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ નથી તપાસ કરનાર અમલદારે તેનુ નિવેદન આ કામે લીધેલું નથી.

(૧૦.૮) ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ રસીલાબેન અશોકભાઈ બાબરીયા પોતાની આંક-૧૯૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેણીં એ.એસ. આઈ. તરીકે જુનાગઢ બી ડીવી.પો.સ્ટે. ખાતે ફરજ બજાવે છે. તા. ૨૨/૮/૨૦૧૯ ના રોજ તેણીં પી.એસ.ઓ. તરીકે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશને ફરજ બજાવતી હતી ત્યારે પ્રોબેશન ના. પો. અધિ.શ્રી જુનાગઢ નાઓ રૂબરૂની ફરીયાદ ચાદી સાથે ગુનો રજીસ્ટર કરવા બાબત મળતા તેઓએ ગુનાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ અને તેનો એફ.આઈ.આર.ના ફોર્મમાં ઉતારો

કરેલ. તેમજ તેઓએ સ્પેશ્યલ રીપોર્ટ કરેલ. ત્યારબાદ આ કામની તપાસ પી.એસ. આઈ. શ્રી તાલુકા પોલીસ સ્ટેશન જુનાગઢ નાઓને યાદી તથા પેપર્સ સાથે સોંપી આપેલી. તેમને આંક–૧૯૧ બતાવવામાં આવે છે જે ફરીયાદ સાથે તેઓને યાદી મળેલ તે જ છે જે ઓળખી બતાવે છે, સદરહુ સાહેદે તેમના પુરાવા દરમ્યાન ગુનાની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ તેના ઉતારા તથા એફ. આઈ.આર. ની નકલો અનુક્રમે આંક–૧૯૫ અને ૧૯૬ થી તથા હાલના ગુનાના કામે સ્પેશ્યલ રીપોર્ટ કરેલ તે આંક–૧૯૭ થી તથા પી.એસ.આઈ. શ્રી તાલુકા પો.સ્ટે.ને તપાસ સોપ્યાની યાદી આંક–૧૯૮ થી રજુ કરેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ પી.એસ.ઓ. ના ચાર્જમાં તા. ૨૨/૮/૨૦૧૯ ના કલાક : ૧૮ : ૦૫ વાગ્યાથી તા. ૨૩/૮/૨૦૧૯ ના કલાક ૮ : ૦૦ સુધી હતી, બનાવનુ સ્થળ સાબલપુર ચોકડીથી તાલુકા પોલીસ સ્ટેશન આશરે અડધા થી એક કીલોમીટર જેટલુ દુર આવેલુ છે. વધુમાં સ્વીકારે છે કે, સાબલપુર ચોકડીથી આગળ જતા એક રોડ રાજકોટ તરફ જાય છે, એક રોડ ધોરાજી તરફ જાય અને એક રોડ જુનાગઢ શહેરમા પ્રવેશે છે, ચોકડી પાસે એક પોલીસ ચોકી છે, ચોકડી પાસે દુકાનો આવેલી છે, ટ્રાવેલ્સની બસો અહી ઉભી રહે છે, સાબલપુર ચોકડીએ પોલીસ સ્ટાફ વાહનોની ચેકીંગ કરે છે, ગુનો બન્યા તારીખ : ૨૨/૮/૨૦૧૯ અને સમય ૧૯ : ૩૫ વાગ્યાનો છે અને ગુનો જાહેર તે જ દીવસે ૨૧ : ૩૫ વાગ્યાના સમયે થયેલો. તેણીં જયારે ચાર્જમાં હતી ત્યારે માત્ર ફરીયાદ આવેલી પણ મુદ્દામાલ ફરીયાદ સાથે પોલીસ સ્ટેશને આવેલો નહી તેવુ જણાવી સ્વીકારે છે કે, રેઈડમા જતા પહેલા એસ.ઓ.જી. પોલીસે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ નથી.

**(૧૦.૯)** ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ ત.ક.અ.ભાનુબેન મથુરભાઈ વાઘમસી પોતાની આંક–૨૦૨ ની સોગંદ .પરની જુબાનીમાં જણાવે છે કે,હાલ તેણીં 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવે છે. સને ૨૦૧૯ ના અરસામાં તેઓ

તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ મુકામે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતી હતી ત્યારે તેઓને તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. થર્ડ ૨૧૭/૨૦૧૯ ના કામની તપાસ પી.એસ.ઓ.શ્રી તાલુકા પોલીસ સ્ટેશન તરફથી કેસ કાગળો સાથે સોંપવામાં આવતા તેઓએ આગળની તપાસ સંભાળેલ અને તેમને મળેલ કેસ કાગળોનો અભ્યાસ કરેલ. તેમને આંક–૧૯૮ બતાવવામાં આવે છે જે તેઓને તપાસ સોંપ્યા અંગેની યાદી છે જે ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામે અગાઉ પકડાયેલ આરોપીઓ સત્યવાન, સંન્યાસી,બલરામ અને શીબા પ્રફુલ નાઓની પુછપરછ કરતા તેઓ કબુલાત કરતા હોય જેથી ગુનાના કામે ઝડતી તપાસ કરવા એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૧(એ) મુજબનો ઠરાવ કરેલ. જે આંક–૧૦૬ થી રજુ છે જે તેમને બતાવવામાં આવે છે તે તેઓ ઓળખી બતાવે છે.આ કામે આરોપી મનોજદાસ ઉર્ફે મુનો ઉર્ફે ગંજેરીબાબુ ભગવાનદાસ નાઓનું નામ આરોપીની પુછપરછ દરમ્યાન ખુલેલું હોય તેઓ મળી આવતા તેઓની હસ્તગત કરી પોલીસ સ્ટેશન લાવેલા તેઓને ગુનાના કામે અટક કરવાના હોય જેથી બે પંચો સાથે રાખી પંચોની હાજરીમાં ૪૨ (૧) અંગેની ઝડતી ઠરાવ કરી તેમો પાસેથી મળી આવેલ બે મોબાઈલ ફોન કબ્જે લીધેલ તેમજ તે અંગેનો સીઝર મેમો તેમોને આપેલ. ત્યારબાદ તેમોની ધરપકડ કર્યો અંગેની સમજ કરવા બાબતનો ઠરાવ એન.ડી.પી.એસ.ની કલમ ૫૨(૧) મુજબનો કરી તેઓની પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ જે આંક–૧૦૫ વાળુ પંચનામુ તેમને બતાવવામાં આવે છે જેમાં પંચોની તથા મારી સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક–૧૦૭ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. કલમ ૫૨(૧) મુજબનો ઠરાવ કરેલો તે છે જેમાં આરોપી મનોજભાઈ ભગવાનદાસની તેમજ પંચોની તથા તેની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને આંક– ૧૦૮ બતાવવામાં આવે છે જે મુદામાલ મોબાઈલ સદર આરોપી પાસેથી પંચનામાની વિગતે કબ્જે લીધેલ તેનો સીઝર મેમો તૈયાર કરી એક નકલ આરોપીને આપેલી અને તેમાં પંચોની સહી લીધેલી અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી તે જ છે જે ઓળખી બતાવે છે. તેમને તેઓને બહારના જીલ્લામાં તપાસમાં જવા માટે પોલીસ

અધિક્ષક પાસે જવા માટે સરકારી વાહન સાથે જવાની મંજુરીનોપત્ર તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરી તરફથી મળેલ મંજુરી ઓળખી બતાવી અનુક્રમે આંક–૨૦૩ તથા આંક–૨૦૪ થી રજુ કરેલ છે, તેમને આંક–૧૧૦ બતાવવામાં આવે છે જે આરોપી યાસીન બકરાવાલાની તેના મકાને હોવાનો પુરતો શક હોય જેથી એન.ડી.પી.એસ. એકટ કલમ ૪૨ નો ઠરાવ કરેલ અને તે અંગેનું પંચનામુ બે પંચોને સાથે રાખી પંચોની હાજરીમાં તૈયાર કરેલ જે આંક–૧૦૯ થી રજુ છે જે તેમને બતાવવામાં આવે છે તેમાં પંચોની તથા તેની સહી છે જે ઓળખી બતાવે છે. તેમને તેઓએ પોલીસ અધિક્ષક શ્રી જુનાગઢનાઓને ગુનાના કામે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપવા રીપોર્ટ કરેલ તે ઓળખી બતાવી આંક–૨૦૫ થી રજુ કરેલ છે, તેમને તેઓએ પોલીસ અધિક્ષક શ્રી જુનાગઢનાઓને ગુનાના કામે એફ.એસ.એલ. ગાંધીનગરને મોકલી આપવા રીપોર્ટ કરેલ જે અનુસંધાને પોલીસ અધિક્ષકશ્રીની કચેરી દવારા એફ.એસ.એલ.ગાંધીનગરનાઓને ફોરવર્ડીંગલેટર સાથે રવાનગી મોકલવામાં આવેલ તે ઓળખી બતાવી આંક–૨૦૬ થી રજુ કરેલ છે, તેમને મુદામાલ ગાંધીનગર એફ.એસ. એલ. ને મોકલેલ તે મુદામાલ ગાંધીનગરને મળ્યાની પહોંચ મળતા તેઓએ કામમાં સામેલ રાખેલ જે આંક–૨૦૭ થી રજુ કરેલ છે. આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા જેમાં રેડમાં ગયેલ બંને ગાડીઓના ડ્રાઈવરોના પણ નિવેદનો લીધેલ અને બંને ડ્રાઈવરોએ તેઓની ગાડીઓના લોગ બુકના ઉતારાની નકલ નિવેદનના કામે આપેલ જે તેઓએ કેસ કાગળોમાં સામેલ રાખેલ. તેમને કોર્ટ કેસ કાગળોમાં થી લોગ બુકાના ઉતારાની ખરી નકલો બતાવવામાં આવે છે જે તેઓએ તપાસના કામે મેળવેલ તે જ છે જે ઓળખી બતાવી અનુક્રમે આંક–૨૦૮ તથા આંક–૨૦૯ થી રજુ કરેલ છે, તેમને એક લાઈટ બીલ બતાવવામાં આવે છે જે શ્રીમતી પુષ્પાબેન મુરલીધરના નામનું આવેલ છે જે તેઓએ તપાસના કામે ગાંડુભાઈ છગનભાઈ પીપળીયા નાઓના નિવેદન સમયે તેઓ પાસેથી મેળવેલ હતું જે ઓળખી બતાવી આંક–૨૧૦ થી રજુ કરેલ છે, તેમને કોર્ટ કેસ કાગળોમાંથી રજીસ્ટરની નોંધ બતાવવામાં આવે છે જે રેડમાં જતા પહેલા કંટ્રોલ રૂમ ખાતે

નોંધ કરવામાં આવેલ તેની ઉતારાની ખરી નકલ આ કામમાં મેળવી કામમાં સામેલ રાખેલ તે આંક–૨૧૧ થી રજુ કરેલ છે. તેમને મુદામાલ આર્ટીકલ ૭૦ અને ૭૧ બતાવવામાં આવે છે જે બંને મોબાઈલ ફોન આરોપી મનોજદાસ ભગવાનદાસ બાવાજી પાસેથી પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવે તે જ છે જે ઓળખી બતાવે છે. ઉપરોકત ગુનાની તપાસ કર્યો બાદ તેઓએ આગળની તપાસ જે.પી.ગોસાઈને સોંપી આપેલાનુ જણાવી આરોપી કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૮ થી જુનાગઢના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવેલ છે, તેની તપાસ દરમ્યાન તેણીં પ્રોબેશન ઉપર હતી કે કાયમી થઈ ગયેલી તે અંગેનો કોઈ ખુલાસો પોલીસ પેપર્સમાં રજુ થયેલ નથીં, તેણીંએ જે તપાસ સંભાળેલી તે અગાઉ જે જે તપાસ થયેલી તે તમામ કાગળો વાંચેલા, તેણીંએ જયારે તપાસ સંભાળી ત્યારે ચાર આરોપીઓ સત્યવાન ઉર્ફે બાદલ, શીબા પ્રફુલભાઈ, સંન્યાસી તારેણી અને બલરામ શંકર પ્રધાન આ લોકો ગુજરાત રાજય બહારના હતા, આ લોકો ઓરીસ્સા રાજયના હતા, તેમને મળેલા પોલીસ કાર્યવાહીના કાગળો ધ્યાને લેતા તે કાર્યવાહીની સમજ આરોપીઓને તેમની ભાષામાં સમજ આપવામાં આવેલ હોય તે મને મળેલ નથીં, તેઓએ પોલીસ સાહેદો સિવાયના સાહેદોના નિવેદનો પણ લીધેલા, જે સ્થળ ઉપરથી આરોપીઓ પકડાયેલા તેની આજુબાજુની દુકાનવાળાના નિવેદનો પણ અમોએ લીધેલા, ટ્રાવેલ્સમાં નોકરી કરતા વ્યકિતઓના નિવેદનો પણ લીધેલા, ટ્રાવેલ્સના વ્યકિતઓના નિવેદનો લીધેલા તેમાં નીકળેલ કે, આરોપીઓ સવારના સાડા આઠ વાગ્યે જુનાગઢ આવી ગયેલા. આરોપીઓ પાવન ટ્રાવેલ્સમાં જુનાગઢ આવેલા, તેમને પેપર્સ મળેલા તેમાં રેડીંગ પાર્ટ તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ સવારના દશ વીસ વાગ્યે રેડીંગ સ્થળે પહોંચેલા, તેમને જે તપાસના કાગળો મળેલા તેમાં ચોકકસ બાતમી કેટલી વાગ્યે મળેલી તે જાહેર થયેલ નથીં, ગુનો બન્યાની તારીખે તા. ૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૯:૩૫ વાગ્યાનો છે, એફ.આઈ.આર. જોતા ગુપ્ત જાવકનો સમય દર્શાવેલ નથીં,

અગાઉ જે ૪૨(૧) નો ઠરાવ થયેલ અને તેઓએ જે ૪૨ નો ઠરાવ કરેલ તેનો સમય ઠરાવમાં જણાવેલ નથીં, આંક–૧૮૯ વંચાણે લેતા સ્થળ પરીક્ષણનો સમય તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ કલાક ૧૧:૫૦ વાગ્યે સવારે દર્શાવવામાં આવેલ છે, તેમને જે કાગળોમાં આરોપીઓની સહીઓ મળેલ છે તે હીન્દી અથવા ગુજરાતી ભાષામાં ન હતી પરંતુ અન્ય ભાષામાં હતી, બનાવ પહેલા પણ સાબલપુર ચોકડી તેઓએ જોયેલી છે, સાબલપુર ચોકડીથી એક રસ્તો જુનાગઢ તરફ જાય છે એક ધોરાજી તરફ જાય છે અને એક રાજકોટ તરફ જાય છે, આ ચોકડી ઉપર પોલીસની ટેમ્પરરી રાવટી આવેલ છે, બનાવ વખતે પણ આ રાવટી મોજુદ હતી, તેમને જયારે તપાસ મળેલ ત્યારે અગાઉ પકડાયેલ આરોપીઓની બેગ ખુલ્લી હતી કે તાળાબંધ હતી તે અંગેની માહીતી નહતી, કોઈપણ મુદામાલ એન.ડી.પી.એસ. કાયદા હેઠળ સીઝ કરવામાં આવે ત્યારે તેનું ચોકકસ વજન હોવું જરૂરી છે, તેઓએ જુબાની આપેલી તેમાં એન.ડી.પી.એસ. મુદામાલના વજન સબંધે કાગળ બતાવવામાં આવેલ નથીં, તેઓએ જયારે તપાસ સંભાળી ત્યારે અગાઉ પકડાયેલ ૪ આરોપીઓ પૈકી આરોપીના નિવેદનો સિવાય અન્ય કોઈ પુરાવો તેની પાસે ઉપલબ્ધ નહતો.

**(૧૦.૧૦)** ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ ત.ક.અ. જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈ પોતાની આંક–૨૨૩ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૯ માં જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે અરસામાં આ કામની તપાસ પી.એસ.આઈ.શ્રી બી.એમ.વાઘમશી તરફથી મળતા તેઓએ સંભાળેલી તેમજ તપાસના કાગળો જોતા તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ એસ.ઓ.જી. ઈનાચાર્જ પી.આઈ., જે.એમ.વાળા તથા ગેઝેટડ અધિકારી ડી.વાય.એસ.પી. ગોહીલ તથા એફ.એસ.એલ. અધિકારી તથા પંચો સાથે સાબલપુર ચોકડીખાતે ગાંજાની બાતમી હકીકતના આધારે રેઈડ કરી તપાસ કરતા સ્થળ ઉપરથી આરોપી સત્યવાન ઉર્ફે બાદલ મુળ રહે. ઓરીસ્સા તથા શીબા પ્રફુલભાઈ સાહુ, મુળ રહે. ઓરીસ્સા તથા સંન્યાસી તારીણી સ્વાઈન રહે. ઓરીસ્સા

તથા બલરામ શંકરભાઈ પ્રધાન રહે. ઓરીસ્સા રેઈડ કરી પંચનામુ કરી તેમના કબ્જામાંથી ગેરકાયેદસર વનસ્પતીજન્ય ગાંજાનો જથ્થો કી.ગ્રા.૩૯.૭૭૨ નો કીંમત રૂ.૩,૯૭,૭૨૦/– નો તથા મોબાઈલ નંગ–૪ જેની કીંમત રૂ. ૧૧,૦૦૦/– તથા રોકડ રૂ. ૨,૯૨૦/– મળી કુલ રૂ. ૪,૧૧,૬૪૦/– જરૂરી ઠરાવ પસાર કરી મુદામાલ તથા આરોપીને અટક કરી જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવી વધુ તપાસ અર્થે બી.એમ.વાઘમશી તરફ કરેલ હતી. તપાસ દરમ્યાન જેતપુર સાડીના કારખાનામાં કામ કરતા રાકેશ હજારીપ્રસાદ સાહુ, રહે. બાદગઢ, જી. ગંજામ, રાજય અરીસ્સાવાળો પકડાયેલ આરોપી સત્યવાન તથા સંન્યાસીનો મિત્ર હોય જે આ કામના આરોપીને જણાવેલ અત્રે ગાંજો ખુબ મોંઘો મળે છે મારી પાસે ગાંજો ખરીદનાર પાર્ટી છે જેથી આ સત્યવાન તથા સં ન્યાસીને રાકેશ સાહુએ અહીં રહેતા મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્નાબાપુ ઉર્ફે ગં જેરીબાજુ સ/ઓ. ભગવનાદાસ વીઠૃલદાસ નિમાવત જેઓ પોતે વ્યવસાયે રીક્ષા ડ્રાઈવીંગ કરતા હોય અને ગાંજો પીવાની ટેવ ધરાવતા હોય તેઓનો સંપર્ક કરી આપેલો. ત્યારબાદ આ સત્યવાન તથા સંન્યાસી આ અગાઉ બે વખત જુનાગઢ તથા ધોરાજી આવી ગાંજો આ મુન્નાબાપુના મારફતે વેચી ગયેલા હતા. તેમજ તપાસ દરમ્યાન આ જુનાગઢ દાતારખાતે રહેતા અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો ઉર્ફે બકરાવાળો ઉર્ફે ગુલામહુસેન શેખ, જાતે સીદીકી, ઉ.વ. ૫૧ વાળાને આ પકડાયેલ જથ્થામાંથી ૩૦ કીલો ગાંજો તથા ધોરાજી ખાતે રહેતા મહંમદ ઉર્ફે મમલો ઉર્ફે ઘોડાવાળો સ/ઓ. ગુલામહુસેને શેખ વાળાને ૧૦ કીલો આપવાનો હતો તેમજ આ સાબલપુર ચોકડીખાતે પકડાયેલ ગાંજાની ડીલીવરી આપતા પહેલા આ આરોપી સત્યવાન તથા સંન્યાસી તથા મનોજદાસ બાપુની આ અબ્દુલ ઉર્ફે યાસીન તથા મહંમદ ઉર્ફે મમલોની સીડીઆર. એનાલીસીસ કરતા ડીલીવરી કરતા પહેલા અનેક વખત વાતો ફોન પર થયેલી હતી. તેમજ આ વધુ તપાસ દરમ્યાન આ કામના આરોપી સત્યવાન તથા સંન્યાસી જેઓ ઓરીસ્સાના ગામ ગજપત ખાતે રહેતો દલપત પાસેથી આ ગાંજો લાવેલાનું તપાસમાં ખુલેલ છે તેમજ આ તપાસના કામે રાકેશ

હજારીપ્રસાદ સાહુ, ગામ બાદગઢ, ઓરીસ્સા વાળો તથા દલપતા ગામ ગજપત, ઓરીસ્સાવાળો પકડવાનો બાકી છે તે સિવાય તમામ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય પોતાના આર્થીક લાભ સારુ વનસ્પતી તેમજ ગાંજાના જથ્થાની ખરીદી તથા વેંચાણ કરી તેની હેરાફેરી કરી તમામે ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય પુરતો પુરાવા સાથે કોર્ટમાં તેઓએ ચાર્જશીટ કરેલું અને તપાસના કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા.તેઓએ જેતપુર તાલકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.શ્રીને તપાસના કામે મદદ મળવા બાબતે યાદી કરેલી તે આંક–૨૨૪ થી રજુ કરેલ છે અને ગુનાના કામે આરોપી મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્નાબાપુ સ/ઓ.ભગવાનદાસ વીઠ્ઠલદાસ નિમાવતાના રહેણાક મકાને ગાંજાનો જથ્થો રાખેલ હોવાનો પુરતો અને વ્યાજબી શક હોય જેથી તે સગેવગે ન કરી નાંખે તેથી એન.ડી.પી.એસ.એકટની કલમ ૪૨ મુજબનો ઠરાવ પંચનામાની વિગતે કરેલ જેમાં પંચોની, આરોપીની તથા રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી. તેઓએ તા. ૨૯/૦૮/૨૦૧૯ નારોજ આરોપી મનોજદાસ સ/ઓ. ભગવાનદાસ વીઠ્ઠલાદાસ નિમાવતના રહેણાક મકાને ઝડતી પં ચનામુ કરવાનું હોય જેથી બે પંચોને સાથે રાખી પંચોની હાજરીમાં પંચનામુ કરેલ જે પંચનામા દરમ્યાન તેઓએ ઝડતી ઠરાવ કરેલો તેમજ પંચનામુ પુરુ થયા બાદ બંને પં ચોની સહીઓ લીધેલ અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી જે ઓળખી બતાવસ આંક–૨૨૫ થી રજુ કરેલ છે. આરોપી મનોજદાસ સ/ઓ. ભગવાનદાસ વીઠ્ઠલદાસ નિમાવતના ઘરમાં ઝડતી કરવા અંગેનો એન.ડી.પી.એસ.એકટની કલમ ૪૨ મુજબનો ઠરાવ કરેલો તે જ છે જેમાં પંચોની તથા આરોપીની તથા રૂબરુ તરીકે તેની સહી ઓળખી બતાવી આંક–૨૨૬ થી રજુ કરેલ છે. તા. ૦૨/૧૦/૨૦૧૯ નારોજ આ કામના નાસતા ફરતા આરોપી યાસીન અબ્દુલ ગુલામહુસેનનાઓને અટક કરવાનો હોય જેથી બે પંચોને સાથે રાખી પંચનામુ કરી પંચોની સહીઓ લઈ અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી જે આંક–૧૧૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે ઓળખી બતાવે છે. તેઓએ ધોરાજી પોલીસ સ્ટેશન,

પી.આઈ.નાઓએ પાસે પોલીસ મદદ મળવા માટે તા. ૧૦/૧૧/૨૦૧૯ નારોજ યાદી કરેલી કારણ કે મહંમદ ઉર્ફે મમલો ગુલામહુસેનનું નામ તપાસમાં ખુલેલું હોય જે યાદીમાં સહી ઓળખી બતાવી આંક–૨૨૭ થી રજુ કરેલ છે. તેઓએ તા. ૧૨/૧૧/૨૦૧૯ નારોજ આરોપી મહંમદ ગુલામહુસેન શેખ નું નામ તપાસમાં ખુલેલું હોય તેના રહેણાક મકાને ઝડતી પંચનામુ કરવાનું હોય જેથી બે પંચોને સાથે રાખી પંચોની હાજરીમાં પંચનામુ કરેલ જે પંચનામા દરમ્યાન તેઓએ ઝડતી ઠરાવ કરેલો તેમજ પંચનામુ પુરુ થયા બાદ બંને પંચોની સહીઓ લીધેલ અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી જે ઓળખી બતાવી આં ક–૨૨૮ થી રજુ કરેલ છે. આરોપી મહંમદ ગુલામહુસેન શેખ ઘરમાં ઝડતી કરવા અંગેનો એન.ડી.પી.એસ.એકટની કલમ ૪૨ મુજબનો ઠરાવ કરેલો તે જ છે જેમાં પંચોની તથા આરોપીની તથા રૂબરુ તરીકે તેની સહી ઓળખી બતાવી આંક–૨૨૯ થી રજુ કરેલ છે. તેઓને આંક–૧૧૧ બતાવવામાં આવે છે જે તેઓએ તા. ૧૨/૧૧/૨૦૧૯ ના રોજ આરોપી મહંમદભાઈ ગુલામહુસેન શેખ, ધોરાજીવાળાને ગુનાના કામે અટક કરવાના હોય જેથી બે પં ચોને સાથે રાખી પંચોની હાજરીમાં પંચનામુ કરી આરોપી પાસેથી એક મોબાઈલ ફોન મળી આવતા તે પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ તેમજ પંચનામુ પુર્ણ થયા બાદ પં ચોને વાંચી સંભળાવી તેઓની સહી લીધેલી અને રૂબરુ તરીકે તેઓએ સહી કરેલી જે ઓળખી બતાવે છે. આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન એફ.એસ.એલ.ગાંધીગર દવારા પૃથ્થકરણ અહેવાલ મુદામાલ પરત મેળવવા અંગેની યાદી તેઓને મળેલ અને તેઓએ કેસ કાગળોમાં સામેલ રાખેલ તે ઓળખી બતાવી આંક–૨૩૦ થી તથા એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર તેમજ મુદામાલ પૃથ્થકરણ અહેવાલ જે કુલ પાના–૬ છે જે મળતા કેસ કાગળોમાં સામેલ રાખેલ તે આંક–૨૩૧ થી તથા એફ.આઈ.આર. તેઓને તપાસના કામે મેળવી કેસ કાગળોમાં સામેલ રાખેલ કે જે આ કામના આરોપી અબ્દુલ ઉર્ફે યાસીન ગુલામહુસેન શેખ વિરૂધ્ધ અગાઉ નોંધાયેલ તે આંક–૨૩૨ થી તથા તેઓએ આરોપીના મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ મળવા અંગે નોડલ ઓફીસરશ્રીનાઓને યાદી કરેલી તે

આંક–૨૩૩ થી તથા નોડલ ઓફીસર ભારતી એરટેલ લી. નાઓએ તેઓએ આંક–૨૩૩ મુજબ માંગેલ માહીત તેમજ તે અંગેના દસ્તાવેજો મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર આંક–૨૩૪ થી તથા આંક–૨૩૪ સાથે નોડલ ઓફીસરશ્રીનાઓએ મોકલેલ કોલ ડીટેઈલ રેકડર્સ છે જે તેઓએ કેસ કાગળોમાં સામેલ રાખેલ જે અનુક્રમે આંક–૨૩૫ થી આંક–૨૩૯ થી તથા આંક–૨૩૪ સાથે નોડલ ઓફીસરશ્રીનાઓએ મોકલેલ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ છે જે કેસ કાગળોમાં સામેલ રાખેલ જે ઓળખી બતાવી અનુક્રમે આંક–૨૪૦ થી આંક–૨૪૧ તથા આંક– ૨૩૪ સાથે નોડલ ઓફીસરશ્રીનાઓએ મોકલેલ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ તથા આધાર કાર્ડની નકલ અનુક્રમે આંક–૨૪૨ થી આંક–૨૪૪ થી તથા આંક–૨૩૪ સાથે નોડલ ઓફીસરશ્રીનાઓએ મોકલેલ ભારતીય પુરવા અધિનિયમનની કલમ ૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર મળતા તેઓએ કેસ કાગળોમાં સામેલ રાખેલ તે આંક–૨૪૫ થી રજુ કરેલ છે.તેમને મુદામાલ આર્ટીકલ ૭૨ વાળો મોબાઈલ ફોન બતાવવામાં આવે છે જે તેઓએ આરોપી મહંમદભાઈ ગુલામહુસેન શેખ નાઓ પાસેથી પંચનામાની વિગતે કબ્જે કરેલ તે માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલ છે જે ઓળખી બતાવે છે. ઉપરોકત મુજબની તેઓએ તપાસ કરેલી અને તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ઘ પુરતો પુરાવો હોય અદાલતમાં ચાર્જશીટ કરેલું . આરોપી કોર્ટમાં હાજર હોય ઓખળી બતાવે છે.

આ સાહેદ બચાવપક્ષની ઉલટ તપાસમાં જણાવે છે કે, બનાવ વખતે તેઓ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. વધુમાં સ્વીકારે છે કે, જે જગ્યાએ બનાવ બનેલો તે ગોળ સર્કલ છે અને ચોકડી છે, આ ચોકડીથી એક રસ્તો રાજકોટ જાય છે, એક ધોરાજી જાય છે અને એક જુનાગઢ સીટીમાં આવે છે, આ ચોકડી ઉપર પોલીસની રાવતી આવેલ છે, તેઓએ તપાસ કરેલી ત્યારેથી વાઘમશી મેડમે તપાસ સંભાળેલ ત્યાં સુધીના તમામ કાગળોનો અભ્યાસ કરેલો, ગુનો બન્યાની તા. ૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૯:૩૫ નો છે, એફ.એસ.એલ.નો સ્થળ મુલાકાતનો સમય તા. ૨૨/૦૮/૨૦૧૯

કલાક ૧૧:૫૧ એ.એમ.નો છે, ગુપ્ત જાવક કેટલા વાગ્યે કરેલો તેનો સમય ફરીયાદમાં દર્શાવેલ નહીં, તેમને જે તપાસ મળી તે અગાઉ એન.ડી.પી.એસ.કલમ ૪૨(૧) નો ઠરાવ થયેલો તેમાં સમય દર્શાવેલો નથીં, વજન કાંટા સાથે નિમેષ જીતેન્દ્રભાઈ પારેખ (સોની) વજન કરેલું, આ પ્રક્રીયા તેમને રેકર્ડ ઉપરથી જાણવા મળેલી, નિમેષભાઈ જીતેન્દ્રભાઈ પારેખને ચાર્જશીટમાં સાક્ષી તરીકે દર્શાવેલા નથીં, તેની તપાસ દરમ્યાન એવું ખુલેલું કે, તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ સવારે ૮:૩૦ વાગ્યે ચારે ચાર આરોપીઓ સાબલપુર ચોકડીએ ઉતારેલા. વધુમાં જે વ્યકિતના દુકાનમાંથી ઈલેકટ્રીક કનેકશન લેવામાં આવેલ તેને ચાર્જશીટમાં દર્શાવેલ નથીં તેનો ઈન્કાર કરી સ્વીકારેલ છે કે, જેના પાસેથી કનેકશન લેવામાં આવેલ તેમના નામે કનેકશન નહતું પરંતુ પુષ્પાબેનના નામનું કનેકશન હતું, આરોપી યાસીન ઉર્ફે કાલીયાના નામનું મોબાઈલ કનેકશન ન હતું. વધુમાં સ્વીકારે છે કે, તેની તપાસ દરમ્યાન જે ચાર આરોપીઓ પકડાયા તેમને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતું હોય તેવું માલુમ પડેલું નહીં. પરંતુ રેઈડ દરમ્યાન ગેઝેટેડ અધિકારીએ કરેલા ઠરાવની જાણકારી હિન્દી ભાષામાં આપેલ હતી તેમજ આરોપી હિન્દી ભાષા સમજતા હતા. વધુમાં ગેઝેટેડ ઓફીસર હિન્દીમાં જણાવેલ અને આરોપીઓ હિન્દી સમજતા હતા તેવી નોંધ કોઈ દસ્તાવેજમાં કરેલી નથીં તેનો ઈન્કાર કરી સ્વીકારેલ છે કે, આરોપીઓએ ઉડીયા ભાષામાં સહી કરેલી હિન્દી ભાષામાં નહીં, તેમને જયારે તપાસ મળી ત્યારે આરોપીઓ ઓરીસ્સાના રહેવાસી છે તે વાત જાહેર થયેલી, અગાઉના તપાસ કરનાર અમલદારે ઉડીયા ભાષામાં આરોપીઓને સમજાવવા અંગે કોઈ પ્રયાસ કરેલો નહીં, તેઓ પણ ઉપીયા ભાષાનું જ્ઞાન ધરાવતા નથી, આરોપી સત્યવાન તથા સંન્યાસી અગાઉ જુનાગઢ આવેલ તેવી વિગત તેમને તપાસમાં દસ્તાવેજી પુરાવામાં મળેલ નથી, સી.ડી.આર. સંદર્ભે કોઈ હેઝ વેલ્યુ સર્ટીફીકેટ તેઓએ મેળવેલ નથીં, સત્યવાન અને સંન્યાસી દલપત સાથે સંકાયેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નથીં, તે જ રીતે રાકેશ સાહુ સાથે આરોપીઓ સંકાયેલ હોય તેનો પણ દસ્તાવેજી પુરાવો મળી

આવેલ નહીં, રેઈડ દરમ્યાન તેઓ ન હતા તેથી કયા આરોપી પાસે કેટલો મુદામાલ મળી આવેલ તે કહી શકે નહીં, આંક–૨૪૫ વાળુ સર્ટીફીકેટ અંગે એફ.એસ.એલ. રીપોર્ટ મેળવેલ નથીં, આ સર્ટીફીકેટ કઈ તારીખે અને કયા સમયે આપવામાં આવેલ તે જણાવેલ નથીં, તેઓએ આરોપીના જે ઝડતી પંચનામા કરેલ તે પંચનામામાં વાંધાજનક વસ્તુઓ મળી આવેલ નહીં, યાસીન ગુલામ શેખ આરોપીનું જે આંક–૨૩૨ થી અમોએ એફ.આઈ.આર. રજુ કરેલ છે તેનું સ્ટેટસ તેઓને ખબર નથીં, તેઓએ જે કલમ ૪૨ નો ઠરાવ કરેલ તેમાં સમય લખેલ ન હતો,બનાવ તા. ૨૨/૦૮/૨૦૧૯ નારોજ બનેલો અને આરોપી નં. ૭ ની અટક તા. ૧૨/૧૧ /૨૦૧૯ નારોજ કરેલી એટલે કે, ૨ માસ ૧૯ દિવસ પછી અટક કરેલી, તપાસમાં આરોપી નં. ૭ પાસેથી કોઈ મોબાઈલ કબ્જે કરેલ નથીં. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તપાસ દરમ્યાન આ કામના આરોપી સત્યવાન, મનોજદાસ તથા સંન્યાસીનાઓ પાસેથી આ કામના આરોપી મહંમદ ઉર્ફે મમલો ગુલામહુસેન શેખ, ધોરાજીવાળાનો મોબાઈલ નં. ૭૭૮૮૮ ૪૯૬૫૩ નો હતો જે નંબર સાથે આ કામના આરોપીઓની અવાર નવાર વાતચીત થતી હતી તે મોબાઈલ કબ્જે કરેલ નથી જે મોબાઈલ કબ્જે કરેલ છે તેમાં આરોપીએ દર્શાવેલ મોબાઈલ નંબર હતો નહીં.

**(૧૧)** આ કામે સૌપ્રથમ રેકર્ડ ધ્યાને લેતા બચાવપક્ષે ફરીયાદ બનાવ બન્યાનો સમય તથા ફરીયાદ દાખલ કર્યાના સમય બાબતે તકરાર લીધેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આ કામે ગુનાની બાતમી મળતા ફરીયાદી, સાહેદો તથા પંચો પ્રાથમીક રેડ માટેનું પ્રાથમીક પંચનામું કરેલ જે રેડની તા.૨૨/૦૮/૨૦૧૯ રહેલ અને પ્રાથમીક પંચનામું ૧૦.૩૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ અને પ્રાથમીક પંચનામું કલાક ૧૧.૧૦ વાગ્યે પુર્ણ થયેલ. ત્યારબાદ ફરીયાદી, રેડના પંચો તથા અન્ય પોલીસ સ્ટાફ વગેરે રેડવાળી જગ્યાએ ગયા અને આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ તેમજ રેડ અંગેની જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને મુદદામાલ માદક પદાર્થ

હોવાનું જણાય આવતા આરોપીઓને અટક કરેલ અને તે રીતે તમામ કાર્યવાહી તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૧૯.૩૫ વાગ્યે પુર્ણ થયેલ. આમ, તા.૨૨/૦૮/૨૦૧૯ ના કલાક ૧૯.૩૫ વાગ્યે રેડ અંગેની સંપુર્ણ કાર્યવાહી પુર્ણ થતા તે અંગેની ફરીયાદ દાખલ કરવામાં આવેલી જેથી ફરીયાદમાં ગુનો બન્યાનો સમય તા.૨૨/૦૮/૨૦૧૯ કલાક ૧૯.૩૫ લખવામાં આવેલ છે. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં ગુનો જાહેર થયાની તા.૨૨/૦૮/૨૦૧૯ તથા સમય ૨૧.૩૫ લખવામાં આવેલ છે.

આમ, સદરહુ હકીકત ઘ્યાને લઈ આ કામનું રેકર્ડ જોવામાં આવે તો, હાલના કામે આંક-૧૯૬ થી એફ.આઈ.આર. રજુ રાખેલ છે જે ઘ્યાને લેતા તેમાં ગુનો બન્યા તારીખ અને સમય ૨૨/૦૮/૨૦૧૯ અને સાથે સમયમાં ૧૯.૩૫ લખેલ છે. જયારે ગુનો જાહેર થયા તારીખ ૨૨/૦૮/૨૦૧૯ સમય ૨૧.૩૫ લખેલ છે. આ કામે ફરીયાદી પક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી તથા પોલિસ સાહેદોની જુબાની જોવામાં આવે તો તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ રેઈવાડી જગ્યાએ સવારે કલાક-૧૦.૨૦ વાગે પ્રાથમીક પંચનામુ કરી રેઈડવાળી જગ્યાએ રેઈડ માટે ગયેલ અને આરોપીઓ મળી આવતા તેઓ પાસેથી મુદદામાલ કબજે કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ મુદદામાલ ગાંજો હોવાનુ જણાઈ આવતા આરોપીઓની અટક કરી પો.સ્ટે. લવવામાં આવેલ હોવાની હકકીત જણાવેલ છે. વધુમાં આ કામે ફરીયાદી ફરીયાદમાં જણાવ્યા મુજબના ફકત ગુનો બન્યાનો સમય કલાક-૧૯.૩૫ તથા ગુનો જાહેર થયાનો સમય કલાક-૨૧.૩૫ ઉપર આધાર રાખેલ છે. જેથી આ કામેની આંક: ૧૯૬ ની એફ.આઈ.આર. વંચાણે લેવામાં આવે તો તેમાં તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ બાતમી મળતા કલાક ૧૦.૨૦ થી ૧૧.૧૦ સુધીનુ પ્રાથમીક પં ચનામુ પંચોની હાજરીમાં કરી ત્યારબાદ રેઈડવાળી જગ્યાએ ગયેલ રેઈડ કરતા આરોપીઓ મુદદામાલ સાથે મળી આવેલ. તેમજ આગળ ફરીયાદ વંચાણે લેતા કલાક:૧ ૨.૦૦ વાગે વજન કાટાવાળાને બોલાવવા મોકલેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ પં ચનામુ પુરુ કર્યાનો સમય કલાક-૧૯.૨૫ જણાવવાાંમ આવેલ છે. વધુમાં કામે આંક-૪૦ થી

રેડ અંગેનું પંચનામું રજુ કરવામાં આવેલ છે. તેમાં પણ સદરહુ સમય જણાવેલ છે. આમ, રેડવાળી જગ્યાએ સમગ્ર કાર્યવાહી પુર્ણ થતા કલાક ૧૯.૩૫ વાગ્યે ગુનો બનેલ હોવાનું ખુલવા પામેલ છે. વધુમાં ફરીયાદી તથા સાહેદોની જુબાની જોવામાં આવે તો તેમાં પણ સદરહુ હકીકત ફલીત થાય છે. આમ, હાલના કામે ગુનો બન્યાનો સમય તથા તારીખ ૨૨/૦૮/૨૦૧૯, ૧૯.૩૫ રહેલ છે. ત્યારબાદ ફરીયાદીની ફરીયાદ જે.એમ.વાળા એસ.ઓ.જી.જુનાગઢનાઓની પર્સનલ નાયબ પોલીસ અધિક્ષક એમ.એસ.ગોહીલનાઓ રૂબરૂ ફરીયાદ નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહુ લેખીત ફરીયાદ પી.એસ.ઓ.શ્રીને નોંધવા માટે આપવામાં આવેલ અને તે રીતે પોલીસ સ્ટેશનમાં ગુનો જાહેર થયાનો સમય તા.૨૨/૦૮/૨૦૧૯ સમય ૨૧.૩૫ રહેલ છે. તે સંજોગોમાં બચાવ પક્ષેની સમય બાબતેની સદરહુ રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરવાનુ મુલ્યાંકન કરતા આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાના આવશ્યત તત્વો પરીપુર્ણ થાય છે કે નહી? તે નકકી કરવાનુ રહેલ છે. વધુમાં આ કામ આગળની ચર્ચા કરતા એન.ડી.પી.એસ. એકટ હેઠળની આદેશાત્મક જોગવાઈ અન્વયે જો કોઈ ચુક રહેવા પામેતો તેનો લાભ સીધો આરોપીને મળવવા પાત્ર બને છે. જેથી આગળની ચર્ચા કરતા પહેલા તે અંગે ચર્ચા કરવી જરુરી જણાય છે. આ કામે બચાવ પક્ષે એન.ડી.પી.એસ. એકટ ની કલમ-૫૦ તથા કલમ-૪૨ ની આદેશાત્મક જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ નથી તે અંગેની તકરાર લીધેલ છે. જેથી તે બાબતે જોવામાં આવે તો.

**<u>કલમ-૫૦ માંની આદેશાત્મક જોગવાઈ બાબતે</u>**

(૧૩) આ કામે બચાવ પક્ષે એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ અન્વયેની મેન્ડેટરી જોગવાઈનુ પાલન કરવામાં આવેલ ન હોવાનુ જણાવેલ છે. જેથી તે બાબતે ચર્ચા કરતા અગાઉ કલમ–૫૦ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**S.50 Conditions under which search of persons shall be conducted.—**

(1)When any officer duly authorised under section 42 is about to search any person under the provisions of section 41, section 42 or section 43, he shall, if such person so requires, take such person without unnecessary delay to the nearest Gazette Officer of any of the departments mentioned in section 42 or to the nearest Magistrate.(2)If such requisition is made, the officer may detain the person until he can bring him before the Gazetted Officer or the Magistrate referred to in subsection (1).(3)The Gazette Officer or the Magistrate before whom any such person is brought shall, if he sees no reasonable ground for search, forthwith discharge the person but otherwise shall direct that search be made.(4)No female shall be searched by anyone excepting a female.(5)When an officer duly authorised under section 42 has reason to believe that it is not possible to take the person to be searched to the nearest Gazetted Officer or Magistrate without the possibility of the person to be searched parting with possession of any narcotic drug or psychotropic substance, or controlled substance or article or document, he may, instead of taking such person to the nearest Gazette Officer or Magistrate, proceed to search the person as provided under section

100 of the Code of Criminal Procedure, 1973 (2 of 1974).(6)After a search is conducted under sub-section (5), the officer shall record the reasons for such belief which necessitated such search and within seventy-two hours send a copy thereof to his immediate official superior.

**(૧૩.૧)** આ કામે ફરીયાદી જયરાજભાઈ મંગળુભાઈ વાળાની આંક: ૧૩૪ ની ફરીયાદ મુજબની જુબાની મુજબ બાતમીવાળી જગ્યાએ પહોચેલ ત્યારે રાજન ટ્રાવેલ્સની કેબીનના બાજુના ભાગમાં ચાર ઈસમો થેલાઓ સાથે બેસેલ જોવા મળેલ. તેમજ એન.ડી.પીૈઅ.સ કલમ–૫૦ મુજબનો ઠરાવ કરવામાં આવેલ. જેમાં આરોપીઓને હીન્દી ભાષામાં સમજ કરેલ હતી કે તેમને અન્ય કોઈ ગેઝેટેડ અધિકારી કે મેજીસ્ટ્રેટ રૂબરૂ જડતી તપાસ કરવવા માંગતા હોય તો તેઓને કાયદાકીય અધિકાર છે. જે બાબતે સમજ કરતા સદરહુ ઈસમોએ ડી.વાય.એસ.પી. સાહેબ રૂબરૂ ઝડતી તપાસ થાય તો વાંધો નથી તેમ જણાવેલ. જયારે બચાવ પક્ષેની ફરીયાદીની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે આરોપીઓ પાસેથી જે બેગ મળેલી તે અલગ અલગ કંપનીની હતી . જેમાં એરોબેગ, ફાસ્ટ્રેક વિગેરે અલગ અલગ કંપનીની બેગો હતી. જે બેગો મોટી હતી અને થેલાઓ જેવી હતી. આ બેગો લોક વગરની હતી. વધુમાં ઉલટ તપાસમાં જણાવેલ છે કે સૌથી પહેલા ચાર વ્યકિતઓ જેને કોર્ડન કરેલા તેની પુછ પરછ પ્રોબેશનલ નાયબ પોલિસ અધિકક્ષકશ્રી એસ.એમ.ગોહીલનાઓએ કરેલી. તેમજ ચાર વ્યકિતેઓ જે બેસેલ તે હિન્દી જેવી ભાષા બોલતા હતા. તેઓએ એ હીકકત સ્વીકારેલ છે કે એફ.આઈ.મુજબ આ ચારેય વ્યકિતઓ ઓરીસ્સાના નિવાસી હતા. ઓરોપીઓની સહી ઠરાવમાં લેવામાં આવેલી. વધુમાં બચાવ પક્ષેની આ ફરીયાદીને પુછવામાં આવેલ પ્રશ્ન કે એન.ડી.પી.એસ. કલમ–૫૦ વાળા ઠરાવમાં ચાર આરોપીઓની સહી લેવામાં આવેલ છે તે સહી કઈ ભાષામાં છે તે જણાવો અને શુ નામ લખેલુ છે તે જણાવો . તેના જવાબમાં આ ફરીયાદી જણાવેલ

છે કે સહીઓ કરેલી છે તે કઈ ભાષામાં છે તે ચોકકસ કહી શકુ નહી અને તેમાં શુ લખેલ છે તે હુ વાંચી શકુ નહી. આમ, આ ફરીયાદીની સમગ્ર જુબાની ઘ્યાને લેતા બનાવ સ્થળેથી ચાર વ્યકિતેઓ મળી આવેલ અને તેઓ પાસેથી ચાર અલગ અલગ બેગો મળી આવેલી. જે હકીકત બચાવ પક્ષેની ઉલટ તપાસ ઘ્યાને લેતા પણ ફલિત થાય છે. વઘુમાં ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ રેઈડ વખતના હાજર સાહેદ પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈની આંક: ૧ ૬૬ તથા સાહેદ સ્મીત મુકેશભાઈ ગોહીલની આકં: ૧૮૭ ની જુબાનીમાં એન.ડી.પી.એસ. એકટ ની કલમ–૫૦ મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે. આ કામે એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબનો ઠરાવ આંક: ૪૨ થી રજુ રાખવામાં આવેલ છે. જે ગુજરાતીમાં કરવામાં આવેલ છે. જો કે તેમા આરોપીઓની સહી રહેલ છે. વઘુમાં ફરીયાદીએ આરોપીઓ હીન્દી ભાષા સમજતા હોય તેઓએ હીન્દીમાં એન.ડી.પી.એસ. કલમ–૫૦ મુજબના ઠરાવની સમજ કરવામાં આવેલ હતી તેવી હકીકત જણાવેલ છે. તેમજ આંક: ૫૦ ના ઠરાવ ઘ્યાને લેતા તેમાં જણાવેલ છે કે આરોપીઓએ હિન્દીમાં જણાવેલ છે કે કોઈ મેજીસ્ટ્રેટ કે અન્ય ગેઝેટેડ અધિકારીને બોલાવવા નથી. તેમજ આ ઠરાવમાં આરોપી નં.૧ થી ૪ ની સહી નથી તેવો કોઈ બચાવ નથી. વઘુમાં આરોપીઓ હિંન્દી જાણતા જ નથી તેવો પણ કોઈ ચોકકસ બચાવ રહેલ નથી. વઘુમાં ના. સુપ્રિમ કોર્ટના **Prabha Shankar Dubey vs State Of Madhya Pradesh,** AIR 2004 SUPREME COURT 486 ના ચુકાદાના પેરા –૭ તથા ૮ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**"7.** It is not disputed that there is no specific form prescribed or intended for conveying the information required to be given under Section 50. What is necessary is that the accused (suspect) should be made aware of the existence of his right to be searched in presence of one of the officers named in the Section itself. Since no specific mode or manner is prescribed or intended, the Court has to see the substance and not the form of intimation. Whether the requirements of Section 50 have been met is a question which is to be decided on the facts of each case and there cannot be any sweeping generalization and/or strait- jacket formula.

**8.** Section 50 does not involve any self-incrimination. It is only a procedure required to protect the rights of an accused (suspect) being made aware of the existence of his right to be searched if so required by him before any of the specified officers. The object seems to be to ensure that at a later stage the accused (suspect) does not take a plea that the articles were planted on him or that those were not recovered from him. To put it differently, fair play and transparency in the process of search has been given the primacy. In Raghbir Singh v. State of Haryana (1996 (2) SCC 201), the true essence of Section 50 was highlighted in the following manner:

"8. The very question that is referred to us came to be considered by a Bench of two learned Judges on 22.1.1996 in Manohar Lal v. State of Rajasthan (Crl.M.P.No.138/96 in SLP(Crl.)No.184/1996). One of us (Verma, J), speaking for the Bench, held:

"It is clear from Section 50 of the NDPS Act that the option given thereby to the accused is only to choose whether he would like to be searched by the officer making the search or in the presence of the nearest available Gazetted Officer or the nearest available Magistrate. The choice of the nearest Gazetted Officer or the nearest Magistrate has to be exercised by the officer making the search and not by the accused".

આમ, સદરહુ ચુકાદાના સિધ્ધાત મુજબ એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબની આરોપીઆને માહીતી આપવા બાબતે કોઈ ચોકકસ પ્રકારનુ પ્રોફોર્મા નથી. પંરતુ આરોપીને તે બાબતે વિકલ્પ આપવનો રહે છે. હાલના કામે પણ આરોપીઓને ફરીયાદ પક્ષે કલમ–૫૦ મુજબનો વિકલ્પ આપવામાં આવેલ હોવાનુ ફલિત થાય છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતા એન.ડી.પી.એસ. કલમ–૫૦ ના ઠરાવ બાબતે ગેઝેટેડ ઓફીસર એટલ `કે આ કામેના આંક: ૧૮૭ ના સાહેદ ધ્વારા સમજ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

**(૧૩.૨)** આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓ પાાસેના ચાર અલગ અલગ થેલામાં રહેલ પાર્સલમાંથી ગાંજો હોય તેની તપાસણી કરવામાં આવેલ છે.

જયારે એન.ડી.પી.એસ.એકટની કલમ–૫૦ ની જોગવાઈ જોવામાં આવે તો તે વ્યકિતનુ પર્સનલ સર્ચ કરી મુદદામાલ મેળવવાનો હોય ત્યારે કલમ–૫૦ મુજબના ઠરાવની કાર્યવાહી કરવાની હોય છે. જયારે આ કામે આરોપીઓ પાસે રહેલ થેલામાં ગાજો રહેલ છે. જેથી આ કામે આરોપીઓના પર્સનલ સર્ચ કરતા ગાંજો મળી આવેલ હોય તેવો ફરીયાદ પક્ષનો કેસ નથી. તે સંજોગોમાં એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબના ઠરાવની જરૂરીયા રહેતી નથી.

(૧૩.૩) વધુમાં ના. સુપ્રિમ કોર્ટના 2024 (0)AIJEL- SC- 73953 State of Kerala Vs. Prabhu ના ચુકાદાના પેરા–૬ અને ૭ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

" 6. The Appellant State raised the contention that the reasoning of the High Court for reversing the conviction of the respondent and acquitting him that the mandatory formalities provided under Section 50 of the Act were not complied with and thereby the search and seizure were rendered illegal is contrary to the law laid down by this Court in view of the indisputable factual position that the contraband was recovered from the bag in possession of the respondent. To buttress the said contention, learned counsel for the Appellant relied on a two-Bench decision of this Court in Ranjan Kumar Chadha vs. State of Himachal Pradesh reported in 2023 SCC OnLine SC 1262. A bare perusal of the said judgment would reveal that after referring to the previous judgments of this Court having precedential value, including the decisions in State of Punjab v. Baldev Singh [(1999) 6 SCC 172] and in State of H.P. v. Pawan Kumar [(2005) 4 SCC 350], this Court held thus:-

“132. For all the foregoing reasons, we are of the view that the High Court was justified in holding that the appellant guilty of the offence under the NDPS act and at the same time, the High Court was also correct in saying that Section 50 of the NDPS Act was not required to be complied with as the recovery was from the bag.”

7. Thus, it is evident that the exposition of law on the question regarding the requirement of compliance with Section 50 of the NDPS Act is no more res integra and this Court in unambiguous term held that if the recovery was not from the person and whereas from a bag carried by him, the procedure formalities prescribed under Section 50 of the NDPS Act was not required to be complied with. It is to be noted that in the case on hand also the evidence indisputably established that the recovery of the contraband was from the bag which was being carried by the respondent."

આમ, સદરહુ ચુકાદામાં પણ ઠરાવ્યા મુજબ વ્યકિતની પર્સનલ સર્ચમાંથી માદક પદાર્થ મળી આવેલ ન હોય અને થેલીમાંથી મળી આવેલ હોય તેવા સંજોગોમાં એન.ડી.પી.એસ. એકટ કલમ –૫૦ મુજબની કાર્યવાહી કરવાની આવશ્યકતા નથી. હાલના કામે પણ આરોપીઓ પાસે રહેલ ચાર થેલાઓની તપાસણી કરવામાં આવેલ છે. જેથી એન.ડી.પી.એસ. કલમ– ૫૦ ની જોગવાઈ અન્વયેનુ પાલન કરવાનુ ફરજીયાત રહેતુ નથી અને તેમાં કોઈ ક્ષતિ રહી જાય તો ફરીયાદ પક્ષના કેસની કોઈ નુકશાન થશે નહી અને તેનો લાભ આરોપીને મળશે નહી.

**<u>કલમ–૪૨ માંની આદેશાત્મક જોગવાઈ બાબતે</u>**

**(૧૪)** આ કામે બચાવ પક્ષે એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબની જોગવાઈનુ પાલન કરવામાં આવેલ ન હોવા અંગેની રજુઆત કરેલ છે.

**(૧૪.૧)** જેથી તે બાબતે જોવામાં આવે તો આ કામે સૌ પ્રથમ કલમ–૪૧ તથા ૪૨ ની જોગવાઈ મુજબ જોવામાં આવે તો તે નીચે મુજબ રહેલ છે.

**41. Power to issue warrant and authorisation.–**

(1)A Metropolitan Magistrate or a Magistrate of the first class or any Magistrate of the second-class specially empowered by the State Government in this behalf, may issue

a warrant for the arrest of any person whom he has reason to believe to have committed any offence punishable under this Act, or for the search, whether by day or by night, of any building, conveyance or place in which he has reason to believe any narcotic drug or psychotropic substance or controlled substance in respect of which an offence punishable under this Act has been committed or any document or other article which may furnish evidence of the commission of such offence or any illegally acquired property or any document or other article which may furnish evidence of holding any illegally acquired property which is liable for seizure or freezing or forfeiture under Chapter VA of this Act is kept or concealed.(2)Any such officer of gazetted rank of the departments of central excise, narcotics, customs, revenue intelligence or any other department of the Central Government including the paramilitary forces or the armed forces as is empowered in this behalf by general or special order by the Central Government, or any such officer of the revenue, drugs control, excise, police or any other department of a State Government as is empowered in this behalf by general or special order of the State Government if he has reason to believe from personal knowledge or information given by any person and taken in writing that any person has committed an offence punishable under this Act or that any narcotic drug or psychotropic substance or controlled substance in respect of which any offence under this Act has been committed or any document or other article which may furnish evidence of the commission of such offence or any illegally acquired property or any document or other article which may furnish evidence of holding any illegally acquired property which is liable for seizure or freezing or forfeiture under Chapter VA of this Act is kept or concealed in any building, conveyance or place, may authorise any officer subordinate to him but superior in rank to a peon, sepoy or a constable to arrest such a person or search a building, conveyance or place whether by day or by night or himself arrest such person or search a building, conveyance or place.(3)The officer to whom a warrant under sub-section (1) is addressed and the officer who authorised the arrest or search or the

officer who is so authorised under sub-section (2)shall have all the powers of an officer acting under section 42.

**42. Power of entry, search, seizure and arrest without warrant or authorisation.—**

(1)Any such officer (being an officer superior in rank to a peon, sepoy or constable) of the departments of central excise, narcotics, customs, revenue intelligence or any other department of the Central Government including paramilitary forces or armed forces as is empowered in this behalf by general or special order by the Central Government, or any such officer (being an officer superior in rank to a peon, sepoy or constable) of the revenue, drugs control, excise, police or any other department of a State Government as is empowered in this behalf by general or special order of the State Government, if he has reason to believe from persons knowledge or information given by any person and taken down in writing that any narcotic drug, or psychotropic substance, or controlled substance in respect of which an offence punishable under this Act has been committed or any document or other article which may furnish evidence of the commission of such offence or any illegally acquired property or any document or other article which may furnish evidence of holding any illegally acquired property which is liable for seizure or freezing or forfeiture under Chapter VA of this Act is kept or concealed in any building, conveyance or enclosed place, may between sunrise and sunset,--(a)enter into and search any such building, conveyance or place;(b)in

case of resistance, break open any door and remove any obstacle to such entry;(c)seize such drug or substance and all materials used in the manufacture thereof and any other article and any animal or conveyance which he has reason to believe to be liable to confiscation under this Act and any document or other article which he has reason to believe may furnish evidence of the commission of any offence punishable under this Act or furnish evidence of holding any illegally acquired property which is liable for seizure or freezing or forfeiture under Chapter VA of this Act; and(d)detain and search, and, if he thinks proper, arrest any person whom he has reason to believe to have committed any offence punishable under this Act:Provided that in respect of holder of a licence for manufacture of manufactured drugs or psychotropic substances or controlled substances granted under this Act or any rule or order made thereunder, such power shall be exercised by an officer not below the rank of sub-inspector:Provided further that if such officer has reason to believe that a search warrant or authorisation cannot be obtained without affording opportunity for the concealment of evidence or facility for the escape of an offender, he may enter and search such building, conveyance or enclosed place at any time between sunset and sunrise after recording the grounds of his belief.(2)Where an officer takes down any information in writing under sub-section (1) or records grounds for his belief under the proviso thereto, he

shall within seventy-two hours send a copy thereof to his immediate official superior.

**(૧૪.૨)** આ કામે રેકોર્ડ જોવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસ મુજબ હાલના કામેના ગુનાનાનો બનાવ સુર્યોદય થી સુર્યાસ્ત દરમ્યાન બનેલ છે અને આરોપીની એન.ડી.પી.એસ.ના મુદદામાલ અંગેની ઝડતી તે સમયમાં કરવામાં આવેલ છે.

**(૧૪.૩)** આ કામે ફરીયાદી જયરાજભાઈ મંગુભાઈ વાળાની આંક: ૧૩૪ ની જુબાની જોવામાં આવે તો તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે તેઓને ખાનગી બાતમી મળેલ અને જેથી તેઓએ પોલિસ અધિક્ષકશ્રીનાઓને બાતમી આપેલ. ત્યારબાદ તેઓ તરફથી ગેજેટેડ અધિકારી તરીકે ડી.વાય.એસ.પી.શ્રી એસ.એમ.ગોહેલનાઓને સાથે રાખી તથા પંચો તથા અન્ય પોલિસ સ્ટાફ સાથે બાતમીવાળી જગ્યાએ વાહનમાં બેસી રેઈડવાળી જગ્યા સાબલપુર ચોકડીએથી સામેના ભાગે જેતપુર થી જુનાગઢ તરફ આવતા રોડ પર આવેલ રાજન ટ્રાવેલ્સ કેબીનના બાજુમાં ચાર ઈસમો થેલાઓ સાથે બેસેલ જોવામાં આવેલ. જેઓના નામ પુછતા (૧) સત્યવાન ઉર્ફે બાદલ (૨) સન્યાસી તારાણી (૩) બલરામ પ્રધાન (૪) શીબા શાહનાઓ હીન્દી ભાષામાં જણાતા ડી.વાય.એસ.પી.શ્રી દ્વારા એન.ડી.પી.એસ. કલમ–૪૨(૧) મુજબનો ઠરાવ કરેલ. જયારે આ ફરીયાદી બચાવ પક્ષેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે એન.ડી.પી.એસ.ની કલમ– ૪૨ મુજબ સર્ચ સુર્યોદયથી સુર્યાસ્ત વચ્ચે થવુ જોઈએ. તેમજ કલમ–૪૨ ના ઠરાવમાં સમય જણાવેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ રેઈડમાં સાથેના અન્ય પોલિસ સાહેદ પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈએ તેમની આકં: ૧૬૬ ની જુબાનીમાં , સાહેદ સ્મીત મુકેશભાઈ ગોહીલનાઓએ તેમની આંક: ૧૮૭ ની જુબાનીમાં બાતમીવાળી જગ્યાએ આરોપીઓ મળી આવતા કલમ–૪૨(૧)

મુજબનો ઠરાવ કરવામાં આવેલ. આમ, સદરહુ ચારેય આરોપીઓની ઝડતી કરવા માટે કલમ–૪૨(૧) મુજબનો ઠરાવ કરવામાં આવેલ છે. જોકે આ કામે આ કામે જેમની હાજરીમાં આ ઠરાવ કરવામાં આવેલ છે બન્ને પંચો બાલકૃષ્ણ રવિશંકર ઠાકરનાઓએ તેમની આંક: ૩૯ ની જુબાનીમાં તથા અન્ય પંચ શાકીર મહંમદભાઈ બેલીમનાઓએ તેમની આં ક: ૧૧૪ ની જુબાનીમાં તેમની આકં: ૪૪ ના ઠરાવમાં સહી હોવાનુ જણાવેલ છે. જોકે તેઓને કોઈ જગ્યાએ લઈ જવામાં આવેલ હોય કે તેમન હાજરીમાં કોઈ આરોપીઓને પકડવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. જોકે બચાવ પક્ષે આં ક: ૪૪ ના ઠરાવમાં આરોપીઓની સહી ન હોવાનો બચાવ રહેલ નથી. વધુમાં અગાઉ ચચા કર્યા મુજબ રેઈડની કાર્યવાહી સવારના સમયમાં શરુ કરવામાં આવેલ હોવાનુ ફલિત થયેલ છે. વધુમાં બચાવ પક્ષે આવો કોઈ ઠરાવ કરવામાં આવેલ જ નથી તેવો કોઈ બચાવ રહેલ નથી. જેથી સદરહુ કલમ–૪૨ ની જોગવાઈનુ પાલન કરવામાં આવેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં આ કામે બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાનુ એક તબકકે માનવામાં આવેલ અને તે માટે એન.ડી.પી.એસ. કલમ–૪૩ નો ઠરાવ કરવો જરુરી બને છે. જોકે એક તબકકે કલમ –૪૨ કે ૪૩ મુજબનુ પાલન કરવામાં આવેલ ન હોવાનુ માનવામાં આવે તો પણ આ કામે રેઈડીગ પાર્ટીમાં ગેઝેટેડ ઓફીસર હોય કલમ–૪૨ કે ૪૩ મુજબનુ કાર્યવાહી કરવાની રહેતી નથી. તે બાબતે ના. સુપ્રિમ કોર્ટના **Yasihey Yobin & Anr vs Department Of Custom 2013 (0) AIJEL-SC -54591** બના ચુકાદાના પેરા નં.૧૧ થી ૧૩ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

"11. Shri Altaf Ahmad, would further contend that when the Custom Officers had searched and seized the contraband in the residence of the accused no.1, the Officers had not complied with the requirements of Section 42 of the Act.

12. The first impression of ours was that Shri Altaf Ahmad may be justified in canvassing the above proposition. But, on a deeper consideration and after looking into the decision of this Court in the case of Union of India v. Satrohan, (2008) 8

SCC 313, we see no merit in the contention canvassed. In the aforesaid decision it is stated as under :

“It can, thus, be seen that Sections 42 and 43 do not require an officer to be a gazetted officer whereas Section 41(2) requires an officer to be so. A gazetted officer has been differently dealt with and more trust has been reposed in him can also be seen from Section 50 of the NDPS Act which gives a right to a person about to be searched to ask for being searched in the presence of a gazetted officer. The High Court is, thus, right in coming to the conclusion that since the gazetted officer himself conducted the search, arrested the accused and seized the contraband, he was acting under Section 41 and, therefore, it was not necessary to comply with Section 42. The decision in State of Punjab V. Balbir Singh (1994)3 SCC 299, Abdul Rashid Ibrahim Mansure Vs. State of Gujarat (2000) 2 SCC 513 and Beckodan Abdul Rahiman Vs. State of Kerala (2002) 4 SCC 299 on the aspect under consideration or neither relevant nor applicable.”

13. A perusal of Section 42 contemplates two situations. It contemplates entry into and search of any building, conveyance or enclosed place in anytime between sunrise and sunset by an officer authorized under the Act with a reason to believe that any narcotic substance or any other controlled substance is kept or concealed in such premises and secondly, if the search is made between the sunset and sunrise, the requirement of the proviso to Section 42 is to be complied with under which the officer authorized under the Act is to record the grounds of his belief. But if the search is made by an officer authorized under Section 41(2) of the Act then the said officer is said to be acting under Section 41(2) and therefore compliance under Section 42 is not necessary at all. This principle is reiterated in the case of M. Prabhulal v. The Assistant Director, Directorate of Revenue Intelligence, (2003) 8 SCC 449 and in Mohd. Hussain Farah v. Union of India & Anr.,2001 1 SCC 329, wherein it is observed that a gazetted officer is an empowered officer and so when a search is carried out in his presence and under his supervision, the provision of Section 42 has no application."

આમ, ઉપરાકેત ચુકાદાની હકકીત ધ્યાને આ કામે જોવામાં આવે તો આ કામે ફરીયાદીનાઓ જે.એમ.વાળાનાઓ પી.એસ.આઈ. રહેલ છે. જયારે ફરીયાદ જેમના રૂબરુ નોંધવામાં આવેલ છે તે શ્રી એસ.એમ.ગોહીલ, પ્રોબેશનલ ડી.વાય.એસ.પી, જુનાગઢના રહેલ છે. વધુમાં આ કામે રેઈડ દરમ્યાન સદરહુ સાહેદ ડી.વાય.એસ.પીશ્રીનાઓ પણ હાજર રહેલ હતા અને તેઓને જુનાગઢ પાલિસ અધિકક્ષની સુચના અન્વયે ફરીયાદી સાથે મળેલ બાતમી આધારે તેમની હાજરીમાં રેઈડ કરવામાં આવેલ છે. આમ, શ્રી એસ.એમ.ગોહીલ, પ્રોબેશનલ ડી.વાય.એસ.પી, જુનાગઢનાઓ રેઈડ દરમ્યાન હાજર રહેલ છે અને તેઓ પોતે ગેઝેટેડ ઓફીસર રહેલ છે. જેથી તેઓ એન.ડી.પી.એસ.એકટ કલમ–૪૧(૨) માં જણાવેલ અધિકારી રહેલ છે. તે સંજોગોમાં કલમ–૪૨ કે ૪૩ ની જોગવાઈ મુજબનુ પાલન કરવાની જરુરીયાત ઉપસ્થિત થતી નથી. જો કે અગાઉ જણાવ્યા મુજબ કલમ–૪૨ ની જોગવાઈ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનુ ફલિત થયેલ છે.

**(૧૫)** આ કામે ફરીયાદી જયરાજભાઈ મંગાભાઈ વાળાની આંક–૧૩૪ ની જુબાની જોવામાં આવે તો, તેઓએ ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે. તેમજ બાતમી વાળે જગ્યાએ (૧) સત્યવાન ઉર્ફે બાદલ, (૨) સંન્યાસી તારેણી, (૩) બલરામ પ્રધાન, (૪) સતીષ મળી આવતા તેઓની પાસે ચાર થેલા હોય તે બાબતે પુછતા ગાંજો હોવાનુ જણાવેલ. વધુમાં જણાવેલ છે કે ડી.વાય.એસ.પી.શ્રીનાઓએ એફ.એસ.એલ. અધિકારી તથા વજનકાટાવાળા નિમેષભાઈ પારેખને બોલાવેલ. જે પૈકી સત્યવાન ઉર્ફે બાદલ પાસેનો થેલામાંથી અલગ અલગ ૬ પાર્સલો જોવા મળેલ અને તેને ખોલતા વનસ્પતિજન્ય પદાર્થ સુકા પાંદડાવાળો જોવામાં આવેલ અને તેનુ પરીક્ષણ પંચો રૂબરૂ કરેલ જેમાં નાર્કોટીકસના સક્રિય તત્તવો હોવાનું જણાવેલ. જે દરેકનુ વજન ૨ કીલોનુ રહેલ. દરેક પાર્સલમાંથી ૧૦૦–૧૦૦ ગ્રામ એફ.એસ.એલ. તથા રીજર્વ સેમ્પલ રાખવામાં ઓવેલ. જયારે બીજા **સન્યાસી તારાણી** પાસે પોલો કંપનીના થેલામાંથી ૫(પાંચ) પાર્સલ તથા ત્રીજી

વ્યકિત **બલરામ શંકર પ્રધાન પાસે કાળા કલરનો થેલો ચેક કરતા ૫(પાંચ) પાર્સલો મળેલ તથા** ચોથી વ્યકિત શીબા પ્રફુલ શાહુ **પાસે કાળા કલરનો ફાસ્ટ્રેકનો થેલો ચેક કરતા ૪(ચાર) પાર્સલો મળેલ. જે દરેક થેલામાં રહેલ પદાર્થનુ પરીક્ષણ કરતા** નાર્કોટીકસની સક્રીય હાજરી જોવા મળેલ. જે દરેક પાર્સલમાંથી રીઝર્વ સેમ્પલ તથા એફ.એસ.એલ. સેમ્પલ ૧૦૦–૧૦૦ ગ્રામ કાઢવામાં આવેલ. તેમજ તેઓને જથ્થા બાબતે પુછતા સત્યવાન બાદલે જણાવેલ કે, સુરતના રહેવાસી સુભાષ નામની વ્યકિતએ રૂા.૧૦,૦૦૦/– આપવાનુ કહી, તેમને સુરતથી જુનાગઢ મુકામે જથ્થો પહોચાડવાને કહેલ. આમ, ફરીયાદ હકીકત મુજબ રેઈડના પંચનામાની વિગતે બાતમી વાળી જગ્યાએ સદરહુ ચારેય આરોપીઓ ચાર થેલા સાથે મળી આવેલ અને થેલામાં વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો મળી આવેલ. વધુમાં આ કામે આંક:૨૩૧ ના એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ પરીક્ષણ માટે મોકલવામાં આવેલ સેમ્પલ ગાંજો હોવાનુ તારણ આપવામાં આવેલ છે. તેજ રીતે રેઈડમાં સાથે હાજર પોલિસ પુંજાભાઈ મેરખીભાઈ ભારાઈએ તેમની આંક: ૧૬૬ ની જુબાનીમાં તથા રેઈડમાં હાજર ડી.વાય.એસ.પી.શ્રી સાહેદ સ્મીત મુકેશભાઈ ગોહીલનાઓએ આં:૧૮૭ ની જુબાનમાં ફરીયાદીની જુબાનને અનુરપ જુબાની આપેલ છે. જેથી સદરહુ ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદો ની જુબાની મુજબ આરોપી નં.૧ થી ૪ પાસેથી રેઈડના પંચનામાની વિગતે થેલા કબજે કરવામાં આવેલ અને તે થેલામાં રહેલ વનસ્પતિજન્ય પદાર્થ ગાંજો રહેલ. જોકે અત્રે એ હકીકત ઉલ્લેખનીય છે કે બચાવ પક્ષે પણ આરોપીઓ પાસેથી બેગ મળી આવેલ હતી તે હકીકત સ્વીકૃત રાખેલ છે. તે હકીકત ધ્યાને લઈ ફરીયાદ પક્ષે રજુ રાખેલ અન્ય સ્વતંત્ર સાહેદોનો પુરાવો મહત્વનો બની રહે છે. હાલના કામે રેઈડના પંચનામાના બંને પંચ બાલકૃષ્ણ રવિશંકર ઠાકરની આંક: ૩૯ ની તથા સાકીર મહંમદભાઈ બેલીમની આં ક: ૧૧૪ ની જુબાની જોવામાં આવે તો તા.૨૨/૦૮/૨૦૧૯ ના રોજ કલાક ૧૦.૨૦ વાગે પોલિસે તેઓને બોલાવેલ કે કેમ તે યાદ ન હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓ પોલિસ સાથે ગયેલ હોય કે પોલિસે તેમની સહી લીધેલ હોય તે પણ યાદ ન હોવાનુ

જણાવેલ છે. જોકે તેઓએ આકં: ૪૦ ના રેઈડના પંચનામામાં, ઠરાવોમાં તથા મુદદામાલ કબજે કર્યાની પાવતીઓમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, ફરીયાદ પક્ષે આ બન્ને સાહેદને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા છતા ફરીયાદ પક્ષને મદદરૂપ કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. જોકે આ પંચ સાહેદે બચાવ પક્ષેની ઉલટ તપાસમાં પોલિસે તેમનુ નામ ઠામ પુછેલ તે સિવાય તેમની રૂબરૂ બીજી કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. તેમજ પોલીસ સાથે તેઓ કોઈ જગ્યાએ ગયેલ હોય કે તુેમની હાજરીમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવુ બનેલ ન હોવાનુ સ્વીકારેલ છે. તેમજ પંચનામુ શેનુ હતુ અને શુ કાર્યવાહી હતી તે અંગે જાણતા ન હોવાનુ અને પોલિસે ઘણા કાગળોમાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ હોવાનુ સ્વીકારેલ છે. આમ, આ રેઈડના મહત્વના બન્ને પંચ સાહેદે પંચનામા તથા અન્ય સહીઓ સિવાયની કોઈ પણ હકીકત તેમની હાજરીમાં થયેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. જેથી આ કામે આરોપીઓ પાસેથી રેઈડ દરમ્યાન ચાર થેલા કબજે કરેલ તેમાં થી વનસ્પતીજન્ય પદાર્થ ગાંજો મળી આવેલ હોય તે હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૫.૧)** વધુમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ રેઈડ વખતે મુદદામાલનો વજન કરવા માટે વજનકાટાવાળા નિમેશ જીતેન્દ્રકુમાર પારેખનાઓ આવેલ અને તેઓએ પાર્સલમાં રહેલ મુદદામાલ ગાંજાનુ વજન કરેલ હાવાની હકીકત રહેલ છે. જોકે ફરીયાદ પક્ષે સદરહુ વજન કરવાવાળા સાહેદ નિમેશભાઈ જીતેન્દ્રકુમાર પારેખનાઓને પણ તપાસવામાં આવેલ નથી. જોકે ફરીયાદ પક્ષે રજુઆત રહેલ છે કે આ કામે બચાવ પક્ષે આરોપીઓ પાસેના થેલામાંથી ગાં જો મળી આવેલ હોવાની હકકીત બચાવ પક્ષે કબુલ રાખેલ છે. જેથી ફરીયાદ પક્ષે તે સાહેદને તપાસવા જરુરી રહેતા નથી. જેથી તે બાબતે જોવામાં આવે તો આ કામે બચાવ પક્ષે આરોપી નં.૧ થી ૪ પાસેના થેલામાંથી વનસ્પપિજન્ય પદાર્થ મળી આવેલ તે હકીકત કબુલ રાખેલ હોય તેવુ ફલિત થતુ નથી. વધુમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શકપણે પુરવાર કરવાનો રહે છે. તેમજ ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા

માટે સકારાત્મક પુરવો આપવાનો રહે છે. જેથી ફરીયાદ પક્ષેની સદરહુ રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહી. તે સંજોગોમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ જેમની હાજરીમાં મુદદામાલનુ વજન કરવામાં આવેલ છે અને વજન મુજબ સેમ્પલ તૈયાર કરવામાં આવેલ છે અને જેઓ સ્વતંત્ર સાહેદ રહેલ છે તે મહત્વના સાહેદને તપાસવામાં આવેલ નથી. વધુમાં રેઈડના પંચનામામા જણાવ્યા મુજબ બનાવવાળી જગ્યા ખુલ્લી હોય અને જેથી વજન કરવા માટે તેમજ પાર્સલો ખોલવા માટે બાજુમાં આવેલ કૈલાશ ગેરેજમાં કામ કરનાર ગાંડુભાઈ છગનભાઈ પીપળીયાને જણાવતા તેઓ વચ્ચેની દુકાનમાં ઈલિકટ્રીક કનેકશન આપેલ છે ત્યાં લાવેલ. ટુંકમાં કૈલાશ ગેરેજમાં કામ કરનાર ગાંડુભાઈ છગનભાઈ પીપળીયાનાઓ રહેલ. જોકે તેઓને પણ ફરીયાદ પક્ષે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. તે સંજોગોમાં આરોપી નં.૧ થી ૪ પાસેના થેલામાંથી વનસ્પતિજન્ય પદાર્થ મળી આવેલ હોવાની હકીકત મળેલ હોય તે બાબતે શંકા ઉપજાવે છે. તેમજ આ કામે થેલામાંથી વનસ્પતિજન્ય પદાર્થ એફ.એસ.સેમ્પલ માટે કઢવામા આવેલ હોય અને તે સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવેલ હોય તે હકીકત પણ શંકા ઉપજાવે છે.

**(૧૫.૨)** અત્રે ઉલ્લેખનીય છે કે આ કામે પોલિસ સાહેદોએ ફરીયાદ હકીકત મુજબની હકીકત જણાવેલ છે. તેમજ સામાન્ય રીતે પોલિસ સાહેદોની જુબાની ન માનવાને કોઈ કારણ નથી. પરંતું હાલના કામેનો આરોપીઓ સામનો આક્ષેપ ધ્યાને લેતા એન.ડી.પી.એસ. એકટ હેઠળનો ગંભીર પ્રકારનો સ્ટ્રીંગ્નન્ટ જોગવાઈ રહેલ છે. જેથી ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવાની જવાબદારી વધી જાય છે. જોકે આ કામે ઉપરોકત ચર્ચા મુજબ રેઈડના પંચથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. વધુમાં આ કામે પકડવામાં આવેલ ચારેય આરોપીઓ ઓડીસ્સા રાજયના રહેવાસી રહેલ છે. તેમજ તેઓને ખબર પડે તેમ તેમની ઓડીયન ભાષામાં કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ત.ક.અ.શ્રી ભાનુબેન મથુરભાઈ વાઘમસીને આંક: ૨૦૨ ની જુબાની જોવામાં આવે તો તેઓએ ઉલટ

તપાસમાં સ્વીકારેલ છે કે તેઓએ પોલિસ સાહેદો સિવાયના સાહેદોના તથા આજુબાજુની દુકાનોવાળાના નિવેદનો તથા ટ્રાવેલ્સના વ્યકિતઓના નિવેદનો લીધેલ. જોકે ફરીયાદ પક્ષે તેવા કોઈ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં તેઓએ તે હકીકત પણ સ્વીકારેલ છે કે આ લોકો ઓરીસ્સા રાજયના હતા. તેમજ તેમને જે કાગળોમાં આરોપીઓની સહીઓ મળેલ છે તે હીન્દી અથવા ગુજરાતી ભાષામાં ન હતી પરંતુ અન્ય ભાષામાં હતી. આમ, આ કામેના આરોપીઓ ન.૧ થી ૪ નાઓને હીન્દી ભાષા જાણતા હોય અને તેમને તે ભાષામાં જાણ કરવામાં આવેલ હોય તે ફલિત થતુ નથી. તે હકીકત પણ ધ્યાને લેવી જરુરી બને છે.

**(૧૫.૩)** આમ, ઉપરોકત ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે આરોપી નં.૧ થી ૪ નાઓ પાસેથી કબજે કરવામાં આવેલ થેલામાંથી મુદદામાલ ગાંજો પકડવામાં આવેલ હોય તેવુ શંકા રહીત પુરવાર થતુ નથી.

**(૧૬)** આ કામે ત.ક.અ.શ્રી જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈની આંક:૨૨૩ ની જુબાની જોવામાં આવે તો તપાસ દરમ્યાન જેતપુર સાડીના કારખાનામાં કામ કરતા રાકેશ હજારી પ્રસાદ સાહુનાઓ પકડાયેલ આરોપી સત્યવાન તથા સન્યાસીના મિત્ર હોય, જેણે આરોપીઓને જણાવેલ કે અત્રે ગાંજો ખુબ મોઘો મળે છે.મારી પાસે ખરીદનાર પાર્ટી છે. જેથી આરોપી સત્યવાન તથા સંન્યાસીને રાકેશ સાહુએ અહી રહેતા મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્નાબાપુ ઉર્ફે ગંજેરીબાપુ સ/ઓ. ભગવનાદાસ વીઠઠલદાર નિમાવતનો સંપર્ક કરેલ. જેથી આરોપી સત્યવાન તથા સંન્યાસી અગાઉ બે વખત જુનાગઢ તથા ધોરાજી આવી ગાંજો સદરહુ આરોપીને આપી ગયેલ. વધુમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી સત્યવાન સાથે સદરહુ આરોપી મુન્નાબાપુ ઉર્ફે ગંજેરીબાપુ તેમના મો.ન. ૮૧૬૦૪૧૪૪૩૮ થી સપંર્કમાં રહલ છે. આ કામે ફરીયાદ પક્ષે સદરહુ આરોપી નં.(૫) ના અટક પંચનામાના પંચ નં.૧ દીલાવર મહમદભાઈ ચોપડાને આંક: ૧૦૪ થી તથા પંચ નં.૨ અશરફભાઈ કાસમભાઈ લીં

ગડીયાને આંક: ૧૧૧ થી તપાસવામાં આવેલ છે. જોકે સદરહુ બન્ને પંચો આંક: ૧૦૫ તથા આંક: ૧૧૧ ના અટક પંચનામા સહી ઓળખી બતાવેલ છે. જયારે તેઓની હાજરીમાં કોઈ વ્યકિત હાજર હોય અને તેની પાસેની મુદામાલ કજબે કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. જયારે આ સાહેદ બચાવ પક્ષેની ઉલટ તપાસમાં પોલિસે તેમની ફકત તૈયાર પંચનામાંમા પોલિસે સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં સદરહુ આરોપીના ઘરની ઝડતી અંગેનું પંચનામુ આંક: ૨૨૫ થી કરવામાં આવેલ. સદરહુ પચનામાં અન્વયે આરોપીના ઘરમાંથી ગાંજો કે કોઈ માદક પદાર્થ મળી આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે સદરહુ આરોપીનાઓ મોબાઈલ નં.૮૧ ૬૦૪૧૪૪૩૮ ધારણ કરતા અને તેઓએ સદરહુ મોબાઈલ નંબરથી આરોપીઓને ફોન કરેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે સદરહુ આરોપી પાસેથી કોઈ મુદદામાલ માદક પદાર્થ મળી આવેલ હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે તેવા કોઈ સદરહુ આરોપી તથા આરોપી નં. ૧ થી ૪ વચ્ચેની વાતચીત અંગેના કોઈ કોલ ડીટેલ્સ પણ રજુ કરી પુરવાર કરેલ નથી. જેથી આરોપી નં.૫ ગુનામાં સંકળાયેલ હોય તેવુ ફરીયાદ પક્ષે રજુ પુરાવા ઉપરથી ફલિત થતુ નથી. જેથી સદરહુ આરોપી નં.૫ ને ગુનામાં સં ડોવતો સીધો કે આડકતરો કાઈ પુરાવો ફરીયાદ પક્ષે રેકોર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં આરોપીઓ નં.૫ નાઓને આ કામે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૭)** વધુમાં ત.ક.અ.શ્રી જયદેવગીરી પ્રહલાદગીરી ગોસાઈની આંક:૨૨૩ ની જુબાની જોવામાં આવે તો તપાસ દરમ્યાન પકડાયેલ જથ્થામાંથી ૩૦ કીલો ગાંજો આરોપી નં.૬ અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો બકરાવાળો ગુલામહુશેને આપવાનો હોવાનુ તથા ધોરાજી ખાતે રહેતા આરોપી નં. ૭ મહંમદ ઉર્ફે મમલો ઉર્ફે ઘોડાવાળો સ/ઓ. ગુલામહુશેન શેખ વાળાને ૧૦ કીલો ગાંજો આપવાનો હતો તેમ ખુલેલ. તેમજ આરોપી નં.૧ સત્યવાન ઉર્ફે બાદલ તથા આરોપી નં.૩ સન્યાસી તથા સદરહુ આરોપી નં.૬ અને ૭ વચ્ચે ડીલીવરી કરતા

પહેલા અનેક વખત વાતો ફોન પરથી થયેલી. જેથી સૌ પ્રથમ આરોપી નં.૬ બાબતે જોવામાં આવે તો તઓની અટક પંચનામાના પંચ દીલાવર મહદભાઈ ચોપડાએ અગાઉ જણાવ્યા મુજબ તેમની આંક: ૧૦૫ ની જુબાનીમાં તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ જણાવેલ છે. વધુમાં આંક: ૧૦૯ ના ઝડતી પંચનામા મુજબ સદરહુ આરોપીના મકાનમાંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. જયારે આરોપી નં.૭ ના અટક પંચનામાના પંચ દીલાવર મહદભાઈ ચોપડાએ અગાઉ જણાવ્યા મુજબ તેમની આંક: ૧૦૫ ની જુબાનીમાં તેઓની હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ જણાવેલ છે. વધુમાં આંક: ૧૧૧ ના સદરહુ આરોપીના અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જોકે સદરહુ પચંનામામા મુજબ પણ આરોપી પાસેથી ગુનાને લગતો કોઈ મુદામાલ મળી આવેલ નથી. આમ, સદરહુ આરોપી નં.૬ તથા ૭ પાસે થી કે તેમના મકાનમાંથી કોઈ મુદદામાલ મળી આવેલ નથી. વધુમાં આ કામે ત.ક.અ.શ્રીએ આરોપી નં.૬ તથા ૭ નાઓની આરોપી નં. ૧ તથા ૩ વચ્ચે વખતો વખત વાતચીત થયેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ તેઓના મોબાઈલ નંબર કયા હતા, તેમજ કઈ કંપનીના સીમ હતા, કઈ કઈ તારીખે અને કયારે કયારે કયારે વાત થયેલ તેવી કોઈ હકીકત ત.ક.અ.શ્રીએ જણાવેલ નથી. તેમજ ફરીયાદ પક્ષે તે માટે સી.ડી.આર.માં તે હકીકત પ્રસ્થાપિત કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષે રજુ પુરવાથી આરોપી નં.૬ તથા ૭ આને આરોપી નં.૧ તથા ૩ કે અન્ય કોઈ આરોપી સાથે સાકળતી કડી પ્રસ્થાપિત થતી નથી. જેથી ફરીયાદ પક્ષ સદ્રુહ બન્ને આરોપીઓને ગુનામાં સડોવતી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે આંક: ૨૩૫ થી મો. ન. 977094313, 8460228123, 7778849653, 7684930442 તથા 865885851 ના સી.ડી.આર. રજુ રાખેલ છે. જોકે સદરહુ સી.ડી.આર.અન્વયે આરોપીઓ એક બીજાના સંપર્કમાં કઈ તારીખે અને કયારે આવેલ તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપરથી ફલિત નથી. જેથી આરોપીઓ એક બીજાના સંપર્કમા આવેલ હોય તેવી પણ કોઈ હકીકત પ્રસ્થાપિત થતી નથી. જેથી સદરહુ બન્ને આરોપીઓને ગુનામાં સંડોવતો સીધો કે આડકતરો કાઈ પુરાવો ફરીયાદ

પક્ષે રેકોર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં આરોપીઓ નં.૬ અને ૭ નાઓને આ કામે તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૮) આ કામે બચાવ પક્ષે તેમની રજુઆતના સમર્થનમાં 2023 SAR (Cri.) 725 Bothilal Vs. The Intelligence Officer Narcotics Control Bureau નો ચુકાદો રજુ રાખેલ છે. સદરહુ ચુકાદો ધ્યાને લેતા પોલિસ આફીસર રુબરુની કબુલાત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ અન્વય ગ્રાહય રાખી શકાય નહી. સદહ્રુ ચુકાદાના સિધ્ધાત હાલના કામે ધ્યાને લેવામાં આવેલ છે.

(૧૮.૧) આ કામે બચાવ પક્ષે તેમની રજુઆતના સમર્થનમાં 2006 (1) GLH 409 Navinkumar @ Shambhuprasad @ Bapji Chimanlal Vyas Vs. State of Gujarat નો ચુકાદો રજુ રાખેલ છે. સદરહુ ચુકાદો ધ્યાને લેતા તે કામે મુદદામાલ પ્રાપર સીલ કરવામાં આવેલ નહી, તેમજ સહી વાળી કાપલીઓ મુદદામાલ ઉપર લગાડવામાં આવેલ નહી, તેમજ એફ.એસ.એલ.ને મોકલવામાં આવેલ સેમ્પલના જથ્થાના વજનમાં વિસંતતા રહેલ વિગેરે હકીકત ધ્યાને લઈ ના. હાઈકોર્ટે આરોપીને તકસીરવના ઠરાવતો હુકમ સેટ સાઈડ કરેલ. જોકે આ કામે તેવી કોઈ હકીકત રહેલ નથી કે તે અંગેની તકરાર રહેલ નથી. જેથી સદરહુ ચુકાદાની હકીકત હાલના કેસની હકીકતથી ભિન્ન હોય, આ કામે લાગુ કરી શકાય તેમ નથી.

(૧૮.૨) આ કામે બચાવ પક્ષે તેમની રજુઆતના સમર્થનમાં 2007 (1) GLH 131 Sohanlal Kasiram Brahmin and Ors. Vs. State of Gujarat નો ચુકાદો રજુ રાખેલ છે. સદરહુ ચુકાદો ધ્યાને લેતા તે કામે મુદદામાલ પ્રાપર સીલ કરવામાં આવેલ નહી, તેમજ પંચો હોસ્ટાઈલ ગયેલ, તેમજ આરોપીઓ ને મુદદામાલ માદક પદાર્થ અંગે સભાન જ્ઞાન હતુ કે કેમ વિગેરે હકીકત ધ્યાને લઈ ના. હાઈકોર્ટે આરોપીને તકસીરવના ઠરાવતો હુકમ સેટે સાઈડ કરેલ. આ કામે સદરહુ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતો ધ્યાને લેવામાં આવેલ છે.

**(૧૯)** આમ, આ કામે વધુ ચર્ચા ન કરતા, ઉપરોકત વિગતવારની ચર્ચા ઘ્યાને લેતા આરોપીઓ નં.૧ થી ૪ નઓએ અન્ય **નાસતા ફરતા** આરોપી **રાકેશ હજારીપ્રસાદ શાહુ** અને **દલપત** નાઓ સાથે મળી તા. ૨૨-૦૮-૧૯ ના કલાક ૧૯-૩૫ વાગ્યે જુનાગઢ તાબેના સાબલપુર ચોકડી ખાતે પોતાના કબજામાં ગેરકાયદેસરરીતે વગર પાસ પરમીટે વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો ગાંજો કિલો ગ્રામ ૩૯.૭૭૨ નો કિંમત રૂા. ૩,૯૭,૭૨૦/- નો તથા મોબાઈલ નંગ ૪ જેની કિંમત રૂા. ૧૧,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨,૯૨૦/- મળી કુલ રૂા. ૪,૧૧,૬૪૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ અને આરોપીઓ નં. ૧ થી ૪ ના કબજામાંથી મળી આવેલ ગાંજો આરોપીઓએ **નાસતા ફરતા આરોપી દલપત,** રહે. ગજપત ઓડીસા પાસેથી વેચાણથી લઈ આવી અને જે ગાંજો આરોપી નં.૫ ના કહેવાથી તેમજ **નાસતા ફરતા આરોપી રાકેશ હજારીપ્રસાદ શાહુ,** રહે. બાદગઢગામનાઓના કહેવાથી અને બંનેએ ગાંજો જુનાગઢ તથા ધોરાજીમાં આરોપી નં. ૬ તથા ૭ ને વેચવા માટે આરોપીઓ નં. ૧ થી ૪ નાઓને અગાઉ મુલાકાત કરાવી ગાંજાની લે-વેચ કરાવી ગાંજાની લે-વેચની ડીલ કરાવી અને આરોપી નં.૬ તથા ૭ નાઓએ સદરહું પકડાયેલ ગાંજો આરોપી નં.૧ થી ૪ પાસેથી મગાવી તમામ આરોપીઓએ પોત પોતાના આર્થિક લાભ સારુ ગેરકાયદેસર વનસ્પતિજન્ય ગાંજાની જથ્થાની ખરીદી તથા તેનું વેચાણ કરી તેની હેરાફેરી કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો નાર્કોટીકસ ડગ્સ એન્ડ સાયકોટોપીક સબસ્ટન્સ એકટની (એન.ડી.પી.એસ.)ની કલમ-૮(સી),૨૦ (બી) ,૨૯ મુજબનો ગુનો હોવાનુ ફરીયાદ પક્ષ નિ:શકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદદામા નં.૧ નો જવાબ નકારમાં આપી , મુદદામા નં.ર અન્વયે નીચે મુબજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** આરોપી (૧) સત્યવાન ઉર્ફે બાદલ જુરજુ જૈન, ઉ.વ.૨૩, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર (૨) શીબા પ્રફુલભાઈ શાહુ, ઉ.વ.૨૨, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર

(૩) સન્યાસી તારેણી સ્વાઈન, ઉ.વ.૨૦, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર (૪) બલરામ શંકરભાઈ પ્રધાન, ઉ.વ.૨૩, રહે. મુળ બાદગઢ, ધારાકોટ પોસ્ટ, જિ. ગંજામ, ઓરીસ્સા, હાલ રહે. સુરત ડાયમંડનગર તથા સચિન પાલીગાવ (૫) મનોજદાસ ઉર્ફે મુન્નો ઉર્ફે મુન્ના બાપુ ઉર્ફે ગંજેરી બાપુભગવાનદાસ વિઠ્ઠલદાસ નિમાવત, ઉ.વ.૩૯, રહે. ખારાવાડ, સરધારપુર, તા.જેતપુર (૬) અબ્દુલભાઈ ઉર્ફે યાસીન ઉર્ફે કાલીયો ઉર્ફે બકરાવાળો ગુલામહુસેન શેખ, ઉ.વ.૫૧, રહે. વાણંદ સોસાયટી, તથા (૭) મહમદભાઈ ઉર્ફે મમલો ઉર્ફે ઘોડાવાળો ગુલામ હુસેન શેખ, ઉ.વ.૪૯, રહે. રસુલપુરા, કુકડા કેન્દ્ર પાસે, ધોરાજી, જિ. રાજકોટ ફોજદારી કાર્યવાહી સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) અન્વયે નાર્કોટીકસ ડ્ગ્સ એન્ડ સાયકોટોપીક સબસ્ટન્સ એકટની (એન.ડી.પી.એસ.)ની કલમ–૮(સી),૨૦ (બી) , ૨૯ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના દરેક આરોપીએ સીઆર. પી. સી. કલમ–૪૩૭(એ) ના સુધારા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો અપીલના કામે હાજર રહેવા સંબંધે હુકમની તારીખ થી દિન સાત (૭) માં રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ માદક પદાર્થ ગાંજાનો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૫૨ અન્વયે અપીલ સમય વિત્યેથી નિયમાનૂસાર તેનો નિકાલ કરવા હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય કીંમતી મુદદામાલ અંગે માલિકીની ખરાઈ કરી માલિકને શોપવો. જો તે બાબતે કોઈ કલેઈમ વ્યાજબી સમયમાં કરવામાં ન આવે તો તેનો નિયમનુસાર નિકાલ કરવો. તેમજ જો વચગાળાના તબકકે મુદદામાલ પરત આપવામાં આવેલ હોય તે હુકમ કાયમ રાખવાામા આવે છે.

**(૪)** આરોપીઓ નં.૧ થી ૫ નાઓ હાલ આ કામે જયુડીશીયલ કસ્ટડીમાં રહેલ છે. જેથી આ કામેના હુકમની જેલ યાદી કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૧૨/૨૦૨૫
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)